સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા સમન્વિત

સ્વામિનારાયણ પ્રકાશ

વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/-
મે, ૨૦૧૯


અરબી રણમાં મહોરી ઊઠશે નંદનવન

અબુધાબીમાં બી.એ.પી.એસ. હિન્દુ મંદિરનો શાનદાર

શિલાન્યાસ

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો આરબ ભૂમિ પર
મંદિર કરવાનો સંકલ્પ થઈ રહ્યો છે સાકાર...











યુ.એ.ઈ.ની ભવ્ય મસ્જિદ અને શાહી મજલિસમાં સ્વામીશ્રી

યુ.એ.ઈ.ની રાજધાની અબુધાબી ખાતે પોતાની શાહી મજલિસમાં અહીંના રાજવી શેખ નહ્યાને મહંત સ્વામી મહારાજ અને સંતોનું સ્વાગત કર્યું તેમજ શેખ નહ્યાન સાથે સ્વામીશ્રી વિશ્વપ્રસિદ્ધ ભવ્ય શેખ ઝાયેદ મસ્જિદમાં પધાર્યા ત્યારે સંવાદિતા અને સ્નેહનો એક અનોખો મંત્ર ગુંજી ઊઠ્યો હતો. ભવ્ય મસ્જિદ 'શેખ ઝાયેદ ગ્રાન્ડ મોસ્ક'માં (ઉપર) અને શેખ નહ્યાનની શાહી મજલિસમાં (નીચે) મહંત સ્વામી મહારાજ અને સંતવૃંદની સ્મરણીય છબિ...



ક્રમિકા

'**સ્વા**મિનારાયણ પ્રકાશ'નો આ અંક વચનામૃત દ્વિશતાબ્દી પર્વની સામગ્રીની સાથે યુ.એ.ઈ.માં પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં બી.એ.પી.એસ. હિન્દુ મંદિરના શિલાન્યાસ મહોત્સવ પ્રસંગની કેટલીક ઐતિહાસિક વિગતો લઈને આપની સમક્ષ આવે છે.

યુ.એ.ઈ. એટલે સાત આરબ અમીરાતોનો સંઘ, જેમાં અબુધાબી અને દુબઈથી લઈને સાત અમીરાતો(રજવાડાંઓ)નો સમાવેશ થાય છે.

યુ.એ.ઈ.ની રાજધાની અબુધાબીમાં બી.એ.પી.એસ. હિન્દુ મંદિર સંભવિત બન્યું અને અહીં અભૂતપૂર્વ શિલાન્યાસ મહોત્સવ સફળ બન્યો તેની પાછળ સાત કારણો છેઃ (૧) સેંકડો વર્ષોથી અહીં વસતા હિન્દુઓની મંદિર માટેની ઝંખના, (૨) પ્રમુખસ્વામી મહારાજ જેવા ગુણાતીત પુરુષનો સંકલ્પ, (૩) યુ.એ.ઈ.ની સરકાર અને અબુધાબીના રાજવીઓની ઉદારતા, (૪) સામાજિક એકતા, (૫) ધાર્મિક સંગઠનોની સંવાદિતા, (૬) ભક્તો-ભાવિકોનું સમર્પણ અને (૭) સ્વયંસેવકોની અમાપ સેવા.

ધાર્મિક ચુસ્તતાની સાથે સહિષ્ણુતા અને સંવાદિતા અહીંનો મંત્ર બની છે. પરિણામે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે આજથી ૨૦ વર્ષ પહેલાં યુ.એ.ઈ.ની રાજધાની અબુધાબીમાં મંદિર કરવાનો મહાન સંકલ્પ કર્યો હતો તે આજે સિદ્ધ થઈ રહ્યો છે. મહાપુરુષો સંકલ્પ વાવે છે, તે યોગ્ય સમયે અંકુરિત થઈને જ રહે છે – તેનું આ એક વધુ ઉજ્જ્વળ ઉદાહરણ છે. આ મંદિરનો શાનદાર શિલાન્યાસ વિધિ મહંત સ્વામી મહારાજ અને આરબ ઉમરાવોના હસ્તે હજારોની મેદની વચ્ચે સંપન્ન થયો ત્યારે અહીં વસતા ભારતીયો હર્ષથી રોમાંચિત થઈ ઊઠ્યા હતા.

સંવાદિતા, સ્નેહ અને સહિષ્ણુતાની ત્રિવેણીમાંથી ઉદ્ભવી રહેલા એ અદ્ભુત મંદિરના શિલાન્યાસ પ્રસંગે સૌએ મહંત સ્વામી મહારાજની દિવ્યતાનો અનેરો પ્રભાવ પણ અનુભવ્યો.

આવો, 'સ્વામિનારાયણ પ્રકાશ'ના આ અંકમાં તેનો અહેવાલ માણીએ, અને ૧૧ દિવસીય વિચરણની અન્ય વિગતો આગામી અંકમાં માણીશું.

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥



ગુણાતીતોऽક્ષરં બ્રહ્મ ભગવાન્ પુરુષોત્તમઃ।
જનો જાનન્નિદં સત્યં, મુચ્યતે ભવબન્ધનાત્॥

સ્વામિનારાયણ પ્રકાશ

વર્ષ : ૮૧, અંક : ૫,
મે, ૨૦૧૯

સંસ્થાપકઃ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી
પોષક : બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર, ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક 'સ્વામિનારાયણ પ્રકાશ' બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક 'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા' ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી 'સ્વામિનારાયણ પ્રકાશ'માં સંમિલિત કરવામાં આવ્યું છે.

સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા
સંસ્થાપક : બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસજી
પ્રકાશક : સ્વામિનારાયણ અક્ષરપીઠ
તંત્રી : સાધુ સ્વયંપ્રકાશદાસ
પરામર્શકો : સાધુ ઈશ્વરચરણદાસ, સાધુ વિવેકસાગરદાસ
સંપાદકો : સાધુ અક્ષરજીવનદાસ, સાધુ અક્ષરવત્સલદાસ
કલાનિર્દેશક : સાધુ શ્રીજીસ્વરૂપદાસ
વ્યવસ્થાપકઃ સાધુ નિખિલેશદાસ
મૂળ વાર્ષિક લવાજમ : રૂા. ૧૯૦/-
ઘટાડેલું લવાજમ : રૂા. ૧૨૫/-
પરદેશમાં લવાજમ : £ ૧૫ (યુરોપ)
: $ ૨૫(યુ.એસ.એ.)


લેખો અંગે પત્રવ્યવહાર:
prakash@in.baps.org
'પ્રકાશ-પત્રિકા' સંપાદન કાર્યાલય,
સ્વામિનારાયણ અક્ષરપીઠ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

લવાજમ અંગે પત્રવ્યવહાર:
magazines@in.baps.org
'પ્રકાશ-પત્રિકા' લવાજમ કાર્યાલય,
સ્વામિનારાયણ અક્ષરપીઠ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

Website:
www.baps.org
magazines.baps.org

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજને ભાવવંદના...

યજ્ઞપુરુષ પ્રવર્તિત...



■ **પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ**

આરતીમાં આપણે સૌ સવાર-સાંજ રોજ ગાઈએ છીએ:

'યજ્ઞપુરુષ પ્રવર્તિત
સિદ્ધાન્તં સુખદમ્...'

આ શબ્દો સાંભળતાં જ આપણા હૃદયના તાર આનંદ અને અસ્મિતાથી રણઝણી ઊઠે છે. પણ આ સુખદ સિદ્ધાંત પ્રવર્તાવનાર શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી કેવા અલૌકિક મહાપુરુષ હતા? તે માટે તેઓએ કેવાં કેવાં કષ્ટ સહન કર્યાં? કેવી પરિસ્થિતિઓમાંથી પસાર થયા? તેઓની ભાવનાઓ કેવી ઉદાત્ત હતી? તેમાં પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે કરેલા ચિંતનમાં એક અવગાહન...

'શાસ્ત્રીજી મહારાજે શ્રીજીસ્થાપિત મંદિર-વરતાલથી મહાપ્રસ્થાન કર્યું હતું - શ્રીજીસ્થાપિત અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતનું પ્રવર્તન કરવા. ૪૨-૪૩ વર્ષની ઉંમર, સુકલકડી કાયા ને સાથે કેવળ પાંચ સંતો! પહેલાં પણ વિઘ્નો, વિરોધો અને મુશ્કેલીઓનો પાર જ નહોતો, પણ બહાર નીકળ્યા પછી પણ એ ઝંઝાવાતો શમ્યા નહીં... ઉપરથી વધુ બળવત્તર થયા.

નાણાં નહીં, મા'ણા નહીં, દાણા નહીં! બધી જ જાતની મુશ્કેલીઓ ને બધી જ જાતના વિરોધ! ને એય સખત, ઢગલાબંધ વિરોધ! ગમે તેવો હિંમતવાળો હોય તોય ફસકી પડે. એક વ્યક્તિનો વિરોધ હોય તોય કામને ધક્કો વાગે, કાર્ય થઈ ન શકે; જ્યારે શાસ્ત્રીજી મહારાજે આવા કઠિનતમ સંજોગોમાંય નિષ્ઠાના પ્રવર્તનનું સર્વોપરી કાર્ય કર્યું, બ્રહ્માંડમાં ટોપમાં ટોપ! વિરોધો અને વિરોધીઓ બધાને બાજુમાં મૂકીને છ મહિનામાં જ, બોચાસણમાં મધ્યમંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવી દીધા!

ડંકો મારી દીધો! અક્ષર-પુરુષોત્તમનો ઝંડો રોપી દીધો! કેટલી હિંમત જોઈએ! એમની હિંમતનીય કલ્પના ન આવે. તમામ હિંમત ભેગી કરીએ તોય તે શાસ્ત્રીજી મહારાજની હિંમત જેવી ન થાય. એમને લીધે બીજાને હિંમત આવી.

વિરોધીઓ શાસ્ત્રીજી મહારાજને વિમુખ, બંડિયા કહેતા; તોય તેઓની સત્યનિષ્ઠા જોઈને મોટા મોટા ધુરંધર તેઓની સાથે ભળ્યા. કોઠારી જેઠા ભગત, કોઠારી જીભાઈ, કોઠારી પ્રભુદાસ, કોઠારી બેચર ભગત... બધું મૂકીને, પોતાનાં પદ ફગાવીને શાસ્ત્રીજી મહારાજ સાથે જોડાયા. તે વખતે કોઠારી પદ એટલે !... બેચર ભગતે ભીમજી કોઠારીને કેવો ખુમારીભર્યો જવાબ આપ્યો છે! જો સત્યતા ન દેખાય તો કોઈ આવો સાથ ન આપે. એટલું કહે કે 'હા ભઈ! બરાબર, સારું છે. સારું કાર્ય કર્યું...' પણ આ બધા હોમાઈ ગયા, રાન રાન ને પાન પાન થઈ ગયા. તેઓને કેટલો વિશ્વાસ હશે શાસ્ત્રીજી મહારાજમાં! ને શાસ્ત્રીજી મહારાજને કેટલો વિશ્વાસ હશે શ્રીજીમહારાજમાં!

શાસ્ત્રીજી મહારાજના મનમાં કેટલી દૃઢતા હશે! વિરોધો કેટલા બધા! આટલા બધા વિરોધ હોય, સપોર્ટ ન હોય તો બધા આળસી જાય, કે 'હશે, મહારાજની ઇચ્છા નહીં હોય.' પણ શાસ્ત્રીજી મહારાજને દૃઢ શ્રદ્ધા હતી કે 'શ્રીજીમહારાજની ઇચ્છા છે જ!'

શાસ્ત્રીજી મહારાજે કોઈનો વિરોધ કર્યો નથી, એ મોટી ખૂબી! નહીં તો આટલું બધું કાર્ય કર્યું તો કેટલી મારામારી ને ઝપાઝપી થાય! પણ શાસ્ત્રીજી મહારાજે કોઈનોય વિરોધ કર્યો નહીં. પોતાનો લીટો મોટો જ કરતા ગયા. ને 'કોઈ મારો વિરોધ કરે છે' એવુંય એમના મનમાં હતું જ નહીં. આપણને વિરોધ દેખાય, પણ શાસ્ત્રીજી મહારાજને શ્રીજીમહારાજમાં એટલી બધી શ્રદ્ધા, અક્ષરના હિમાયતી એટલે તેઓને વિરોધ દેખાયો જ નથી. બાકી વિરોધ દેખાય તો આવું કાર્ય થઈ જ ન શકે. મનમાં આવે કે 'પેલા વિરોધ કરે છે, આમ કરે છે, તેમ કરે છે' તો કાર્ય થઈ જ ન શકે. પણ શાસ્ત્રીજી મહારાજને વિરોધ દેખાયો જ નથી, એટલે સડસડાટ, નીકળતાંની સાથે ૬ મહિનામાં મૂર્તિઓ પધરાવી દીધી. મૂર્તિઓ પધરાવી દીધી એ તો ગજબ કાર્ય કર્યું! ભજન ચાલુ થઈ ગયું ને અક્ષર-પુરુષોત્તમ બધાના જીવમાં બેસી ગયા.

“ શાસ્ત્રીજી મહારાજે કોઈનો વિરોધ કર્યો નથી, એ મોટી ખૂબી! નહીં તો આટલું બધું કાર્ય થાય જ નહીં. પોતાનો લીટો મોટો જ કરતા ગયા. ને 'કોઈ મારો વિરોધ કરે છે' એવુંય એમના મનમાં હતું જ નહીં. ”

શાસ્ત્રીજી મહારાજ સિવાય કોઈ આ શ્રીજીપ્રેરિત શુદ્ધ ઉપાસનાનું કાર્ય કરે એવું નહોતું. શાસ્ત્રીજી મહારાજ જ જોઈએ. તેઓ દેહ મૂકે એ પોસાય એવું નહોતું. કારણ કે આ કાર્ય કરવાનું હતું. દેહ સચવાય ત્યારે આ કાર્ય થાય ને! રણસંગ્રામમાં તો કોઈ હિંમત કરે ને દેહને ભોગે કામ પતાવી દે. પણ શાસ્ત્રીજી મહારાજને તો બેય કામ કરવાનાં - દેહ સાચવવાનો ને અક્ષર-પુરુષોત્તમનું કાર્ય કરવાનું.

ને શાસ્ત્રીજી મહારાજે આ કાર્ય કોઈને દબાવવા કે બતાવવા કર્યું નથી. વિરોધ થયો ન હોત તોય તેઓ અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવવાના જ હતા. વિરોધ સાથે કાંઈ લેવા-દેવા નહોતી. પડકાર(ચેલેંજ) તેઓના મનમાં જ નહોતો. એ તો પોતાને જે કાર્ય કરવાનું જ હતું તે કર્યું. ને એક એકના મોંઢે ચઢી ગયા, એટલે બધા ઓળખે, વિરોધીઓ પણ! એ રીતે પણ તે બધાનું કલ્યાણ થયું. કરવત બેય બાજુ કાપે, તેમ નંદે કે વંદે, બધાનું કલ્યાણ! એટલે એ રીતે ગજબ કામ કર્યું. આ શાસ્ત્રીજી મહારાજનું જ કામ, બીજા કોઈનું નહીં.

શાસ્ત્રીજી મહારાજે સંતો-ભક્તો પણ એવા તૈયાર કર્યા. સિંહ જેવા! સિંહના મંડળ! એક-બે નહીં, ટોળે ટોળાં. ને તે બધાને શાસ્ત્રીજી મહારાજનો કેફ એટલો બધો હતો ને કે શાસ્ત્રીજી મહારાજનું નામ પડે ને તેમનાં રૂંવાડાં ઊભાં થઈ જાય. *'યજ્ઞપુરુષનાં દર્શન કરતાં, ચડે છે ચોગણો રંગ'* એ કીર્તનનો એક એક શબ્દ સાચો છે. પ્રભુદાસ લાલાજીને શાસ્ત્રીજી મહારાજે એકવાર 'ડોબો' કહ્યા તેનો તેમને કેફ હતો, કે 'કોનો ડોબો? શાસ્ત્રીજી મહારાજનો!' આ હરિભક્તોના કેફને લીધેય બીજાને સત્સંગ થયો. જેવો કેફ એવાં જ સેવા-સમર્પણ ને નિષ્ઠા. શાસ્ત્રીજી મહારાજ માટે તન-મન-ધન ન્યોછાવર કરી દીધું.

શાસ્ત્રીજી મહારાજને લઈને જ આપણે છીએ. તેઓ ન હોત તો તો કાંઈ ન હોત. આ સંસ્થાય નહીં ને કાંઈ નહીં. ને શ્રીજીમહારાજ પણ જેવા છે એવા ઓળખાયા ન હોત.

આવાં અદ્‌ભુત કાર્ય કરી સુખદ અક્ષર-પુરુષોત્તમ સિદ્ધાંત પ્રવર્તાવનાર શાસ્ત્રીજી મહારાજનાં ચરણોમાં કોટિ કોટિ વંદન!

(તા. ૧૩-૩-૨૦૧૯ના રોજ પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે કરેલી ગોષ્ઠિમાંથી સંકલિત) ◆

વચનામૃત દ્વિશતાબ્દી પર્વે વચનામૃત નિદિધ્યાસન -

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની કલમે.

દાસત્વ: ભક્તનું અનિવાર્ય અંગ



‘પાકો હરિભક્ત થયાનો તો એ જ ઉપાય છે જે, પરમેશ્વરના દાસનો ગુલામ થઈને રહે અને એમ જાણે જે, ‘એ સર્વ ભક્ત મોટા છે ને હું તો સર્વથી ન્યૂન છું,’ એમ જાણીને હરિભક્તનો દાસાનુદાસ થઈ રહે. અને એવી રીતે જે વર્તે તેના સર્વ વિકાર નાશ પામે અને તેને દિવસે દિવસે જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ આદિક જે શુભ ગુણ તે વૃદ્ધિ પામતા જાય છે.’


– ભગવાન શ્રી સ્વામિનારાયણ

(વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૫૮)



વિવેકી માણસો નમ્ર રહે. આ એક શિષ્ટાચાર છે. મળવા આવેલા માણસને આવકાર આપવા આપણે ઊભા થઈ સામે જઈને ઘરમાં તેડી લાવીએ, આસન-જળપાન ધરીએ, ખબરઅંતર પૂછીએ, ધીરજ રાખીને એમની વાત સાંભળીએ, સમજી લઈએ અને વિદાય આપવા ઊઠીને દ્વાર સુધી સાથે જઈએ એમાં નમ્રતા ખરી, પણ એ દાસત્વ નથી.

દાસત્વ એ મુમુક્ષુની એક ઉચ્ચ ભૂમિકા છે. નમ્રતા એ સંસાર-વ્યવહારનો એક સંસ્કાર છે. બંને લક્ષણ હોવા છતાં દાસત્વમાં વિશિષ્ટતા રહેલી છે. કોનું દાસત્વ? મુમુક્ષુ કોઈ ધનિકનું દાસત્વ નથી કરતો, એ સત્તાધીશોનો દાસ નથી બનતો, એ ભગવાનનો અને ભગવાનના ભક્તનો દાસ બને છે. એ સૌની સેવા કરે, સેવામાં કોઈ કામની એને કદીય નાનપ નથી લાગતી. ભોજન પીરસવું ને પતરાળાં ઉઠાવી લેવાં જેવાં કામ તો ભગવાને પણ કર્યાં છે. જોડા ઉઠાવીને સરખી જગ્યાએ ગોઠવી દેવાં, જાળાં ઝાપટી નાંખવાં, વાસણ ઊટકવાં, સાવરણી ફેરવી લેવી, સંડાસ સાફ કરી દેવાં - એવાં સેવાનાં કામ નમ્રભાવે કરી લેવાં. એમાં કોઈને પૂછવાનું ન હોય અને કરીને કહેવાનું ન હોય. સેવા કરી આપવાની તત્પરતા અને કર્યા પછી એને ભૂલી જવાની ખેલદિલી.



ભારતમાં દાસત્વની પ્રથા જૂની છે. રાજાઓ ઘણાં દાસ-દાસી રાખતા. ખેતીમાં જીવે ત્યાં સુધી દાસ મજૂરી કરતા. રાજપૂતોમાં રિવાજ હતો કે પરણાવે ત્યારે કન્યાના કરિયાવરમાં દાસ-દાસી પણ આપે. રાજા હરિશ્ચંદ્ર દાસ તરીકે વેચાયેલા અને સ્મશાનમાં કામ કરેલું. એમ છતાં ભારતમાં ગુલામોની પ્રથા નહોતી. પરદેશીઓ આવ્યા ત્યારે ગુલામી પ્રથા આવી. એ વખતે જાનવરની જેમ માણસોને પકડી વહાણોમાં ચડાવી દેતા, ગુલામ બનાવી વેચી દેતા.

અહીં વેઠ ઘણી ચાલી. ઇચ્છા ને વળતર વિનાની મજૂરી તે વેઠ. કામમાં રસ ન હોય તો પણ કરવું પડે તે વેઠ. ભક્તિમાં પણ વેઠ ચાલે છે! રિવાજ હોવાથી કથા-માળા કરે તે વેઠ ગણાય. મન રેડ્યા વગરની ઉપાસના તે વેઠ. બીજાને રાજી રાખવા પૂરતી સેવા-પૂજા તે વેઠ. ઉતાવળે આટોપી લીધેલાં દર્શન-પૂજન તે વેઠ. કોઈની ધાકે ભક્તિ કરવી તે વેઠ. એવી વેઠમાં અને સાધકના દાસત્વમાં ઘણો ફેર છે.

દાસત્વમાં ભક્તિ છે. હારીને શરણે આવનારા રાજાઓમાં દાસત્વ ન હોય. એ શરણું ન છૂટકાનું ગણાય. મુમુક્ષુનું દાસત્વ ન છૂટકાનું નથી હોતું.

છતાં દાસત્વ રાખનારો મુમુક્ષુ ભગવાનનો દાસાનુદાસ છે. એવા પુરુષને પોતાપણું રહ્યું નથી. સૌમાં માત્ર ભગવાનનું દર્શન રહે તે દાસત્વની ઊંચી ભૂમિકા છે. ત્યાં મમત્વ નથી ને અજ્ઞાન નથી. રાગ અને દ્વેષ પણ રહેતા નથી.

દાસત્વમાં પૂર્ણકામપણું છે, પરંતુ નિષ્ક્રિયતા નથી. દાસત્વમાં અસ્મિતા છે, પણ અહંકાર નથી. મારું જે કાંઈ છે તે ભગવાનનું જ છે, એવો ભાવ જાગે છે. જેને દાસત્વ છે તેને હંમેશાં એવો સંકલ્પ રહે છે કે મારે ભગવાનના ગમતામાં જ રહેવું છે. એને ઘણું કરવું છે, પરંતુ ભગવાનની આજ્ઞામાં રહીને, એમની સેવામાં રહીને, એમના ગમતામાં રહીને.

સ્વામિનારાયણ ભગવાન કહે છે કે દાસત્વ વિના મોક્ષ નથી. દાસત્વમાં શક્તિ મળે છે, આનંદ મળે છે. ભગવાન અને ભગવાનના ભક્તના દાસ બને એના માટે આધ્યાત્મિક માર્ગ સીધો અને સરળ બને છે. ધ્યેય સુગમ બને છે. જે હરિભક્તના દાસનો દાસ થાય છે તેના સર્વે વિકાર નાશ પામે છે અને જ્ઞાન, ભક્તિ આદિક શુભ ગુણ વૃદ્ધિ પામતા જાય છે.

પ્રત્યેક ભક્ત માટે દાસત્વ આવશ્યક અને અનિવાર્ય અંગ છે. બ્રહ્મરૂપ થયા પછી પણ દાસત્વ અખંડ રહે છે. આપણા સંપ્રદાયમાં પરસ્પર રોજ ચરણસ્પર્શ કરવાનો મહિમા એ જ છે કે તેનાથી દાસત્વની માત્રા રોજ વધતી રહે છે. ભગવાન પણ ભક્તોના દાસ થઈને પોતાના સંતની ચરણરજ માથે લેવા ઇચ્છે તો બીજાની તો વાત ક્યાં રહી!

પ્રેમાનંદ સ્વામીએ કીર્તનમાં યથાર્થ ગાયું છે: *'દાસ તમારા દાસનો મને રાખો નાથ હજૂર, પ્રેમાનંદની વિનંતી સાંભળજો શ્યામ જરૂર...'* ◆

વચનામૃત

અવગુણ લેવારૂપ પાપ ન થાય તો

તો સત્સંગમાં ગાઢ પ્રીતિ થાય...



વચનામૃત ચિંતન: વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૧

▪ **હર્ષદરાય ટી. દવે**

અક્ષરનિવાસી ભક્તરાજ હર્ષદરાય ત્રિભોવનદાસ દવે એટલે સ્વામિનારાયણ સંપ્રદાયનું વિપુલ ઐતિહાસિક સાહિત્ય સર્જનાર સંપ્રદાયના અભિનવ વ્યાસ. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના અત્યંત કૃપાપાત્ર હર્ષદભાઈ સંપ્રદાયના રહસ્ય ગ્રંથોના એક નિરાળા મર્મજ્ઞ હતા. એક પ્રખર વિદ્વાન તરીકે જ નહીં, પરંતુ ભગવાન સ્વામિનારાયણના તત્ત્વજ્ઞાન અને આધ્યાત્મિક રહસ્યોના ઊંડા અભ્યાસી તરીકે તેઓ સૌના દિલમાં સ્થાન પામ્યા હતા. યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી વર્ષો સુધી સંતોએ તેમના મુખેથી મુંબઈમાં નિત્ય વચનામૃતનું ચિંતન-મનન-નિરૂપણ સાંભળવાનો લહાવો લીધો છે.
ભગવાન શ્રી સ્વામિનારાયણનાં વચનામૃતો પરનું તેમનું મનનીય ચિંતન 'સ્વામિનારાયણ પ્રકાશ'માં ૧૯૬૦-૭૦ના દાયકામાં શ્રેણીબદ્ધ રીતે પ્રકાશિત થતું રહ્યું હતું. વચનામૃત દ્વિશતાબ્દી પર્વે તેમની રોચક કલમે લખાયેલા વચનામૃતના એ ચિંતનાત્મક લેખોની શ્રેણીને પુનઃ 'સ્વામિનારાયણ પ્રકાશ'ના પૃષ્ઠપટ પર માણતા રહીશું...

કોઈ વેપારી રાત-દિવસ મહેનત કરી લાખ રૂપિયા ભેગા કરે, પણ રેસકોર્સ સટ્ટા કે જુગારમાં લાખ ખોઈ આવે અને વર્ષે દહાડે તિજોરી ખોલો તો શું નીકળે?

હાથી ઘણીવાર સરોવરમાં કે નદીમાં સ્નાન કરી સ્વચ્છ થઈ બહાર આવે ને પછી સૂંઢથી શરીર પર ધૂળ ઉછાળે તો ગંદો જ રહેને?

મહિનાઓ સુધી પરિશ્રમ કરી મકાન તૈયાર કરે, પણ તેમાં કોઈ સુરંગ ચાંપે તો એક ક્ષણમાં મકાન જમીનદોસ્ત થઈ જાય.

પૃથ્વીની પ્રદક્ષિણા કરવા નીકળેલો મુસાફર ૨૫-૩૦ માઈલ ચાલે અને પછી બીજે દિવસે મોઢું ફેરવીને ચાલે તો પાછો હતો ત્યાંનો ત્યાં જ આવી ઊભો રહે.

ગાયનું સુંદર દૂધ હોય અને સાકર, બદામ, પિસ્તા, ચારોળી, કેસર નાખી તૈયાર કરે અને જો ઝેર નો એક કણ અંદર પડે તો દેખાવમાં તો પહેલાં જેવું જ લાગે પણ પીએ તો પ્રાણ જાય.

મશકના પાંચ મોઢાં ખુલ્લાં મૂકી ને પાણી ભરે તો ક્યારે ભરાય?

ખેડૂત ચાર મહિના મજૂરી કરીને ખળામાં અનાજ લાવે તેમાં દેવતા પડે તો શું થાય?

આવું જ કંઈક સત્સંગમાં આવીને પારાયણ, યજ્ઞ, દાન, તપ, માળા, મંદિરો, અષ્ટાંગયોગ, સેવા વગેરે ઘણું ઘણું કર્યા પછી પણ બને. સત્સંગમાં ગાઢ પ્રીતિ ન થાય, ત્યારે પ્રશ્ન થાય કે તેનું કારણ શું?

ગઢડા પ્રથમના પહેલા વચનામૃતમાં હરજી ઠક્કરે પૂછેલો આ પ્રશ્ન આપણા ઘણાનો પ્રશ્ન છે, પણ જવાબમાં ભગવાન સ્વામિનારાયણે બહુ જ સ્પષ્ટ રીતે સમજાવતાં કહ્યું: 'એને ભગવાનનું માહાત્મ્ય સંપૂર્ણ જાણ્યામાં આવ્યું નથી. અને જે સાધુને સંગે કરીને ભગવાનનું માહાત્મ્ય પરિપૂર્ણ જાણ્યામાં આવે છે તે સાધુ જ્યારે પોતાના સ્વભાવ ઉપર વાત કરે છે ત્યારે તે સ્વભાવને મૂકી શકતો નથી અને તે વાતના કરનારા જે સાધુ તેનો પણ અવગુણ લે છે તે પાપે કરીને સત્સંગમાં ગાઢ પ્રીતિ થતી નથી.'

ગઢડા પ્રથમના ૪૪મા વચનામૃતમાં સોમલાખાચરને શ્રીહરિએ કહ્યું કે 'અડધો અમારો પ્રસંગ કરો છો અને અડધો જગતનો પ્રસંગ કરો છો તે માટે ભગવાનને વિષે દૃઢ પ્રીતિ થતી નથી.'

તેથી ગઢડા પ્રથમના આઠમા વચનામૃતમાં શ્રીહરિએ સત્સંગ કરવાની સાથે કુસંગનો ત્યાગ કરવા પર ભાર મૂક્યો છે. સત્સંગમાં આવ્યા પછી પંચ વર્તમાનનો લોપ કરવારૂપ પાપ કરવા કે બહારનો કુસંગ કરવા આપણે ઘણું કરીને જતા નથી પણ સત્પુરુષનો અવગુણ લેવારૂપ પાપ તો ઘણીવાર થતું જ હોય છે, જેનો આપણને ખ્યાલ પણ નથી આવતો.

એક ખેડૂત હરિભક્ત ચોમાસામાં કાદવવાળા પગ લઈ જૂનાગઢના સભામંડપમાં આવ્યા ત્યારે અક્ષરમૂર્તિ શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું: 'પગ ધોઈને બેસો.' તે હરિભક્તને ઘણું ખોટું લાગ્યું ને મંદિરમાં આવવાનું જ બંધ કર્યું. રસ્તામાં એક વખત ભેગા થયા ત્યારે ગુણાતીતાનંદ સ્વામીએ પૂછ્યું: 'કેમ ઘણા સમયથી મંદિરે નથી આવતા?' ત્યારે તે કટાક્ષમાં કહે: 'પગ ધોઈને આવીશ!'

આમ સામાન્ય વાતમાં પણ ખોટું લાગે અને મોટા પુરુષનો અવગુણ આવી જાય તો આધ્યાત્મિક માર્ગમાં પ્રગતિ કેમ થાય?

આમ અવગુણ આવવાનું કારણ દેહાભિમાન છે. શ્રીજીમહારાજે લોયાના છઠ્ઠા વચનામૃતમાં કહ્યું છે, 'દેહાભિમાનમાં દોષ માત્ર રહ્યા છે.'

એ માન કેવું છે તેનું સ્વરૂપ સમજાવતાં લોયાના ૧૬મા વચનામૃતમાં શ્રીહરિએ કહ્યું કે 'જે પોતાને વખાણે તેમાં સો અવગુણ હોય તે સર્વને પડ્યા મૂકીને તેમાં એક ગુણ હોય તેને બહુ માને અને જે પોતાને વખાણતો ન હોય ને તેમાં સો ગુણ હોય તે સર્વ ને પડ્યા મૂકીને તેમાં કોઈક જેવો તેવો એક અવગુણ હોય તેને બહુ માનીને તેનો પ્રથમ તો મન તથા વચન તેણે કરીને દ્રોહ કરે અને પછી દેહે કરીને દ્રોહ કરે.

બાળકનો રોગ દૂર થાય એ હેતુથી બાળકને ન ગમતી હોય તેવી કડવી દવા જેમ મા-બાપ પાય છે તેમ સંતો જીવનો ઉત્કર્ષ થાય એ જ શુભ આશયથી કોઈ પ્રસંગે ટોકે-વઢે, પણ તે ભક્તિમાર્ગમાં વિરોધ કરનારા કામક્રોધાદિક દોષોને દૂર કરવા માટે જ હોય છે. એવું ન સમજાય તો અવગુણ આવી જાય જે *'આ મોટાપુરુષ છે પણ વિવેક નથી... સભામાં મને ટોક્યો'* વગેરે દોષો પરઠે. પણ જો અવગુણ ન લે તો આગળ વધે, ભગવાન અને સંતમાં પ્રીતિ વધે.

શિવલાલ શેઠ લાખોપતિ હતા. સભામાં એક વખત સોપારી ખાતા હતા. તે સ્વભાવ મુકાવવા ગુણાતીતાનંદ સ્વામીએ અજાણ્યા થઈને પૂછ્યું 'સભામાં હાડકું કોણ ચાવે છે?' શિવલાલ શેઠે પણ ઊભા થઈને સોપારી નાખી દીધી અને સ્વામીનો ગુણ લીધો, 'ધન્ય ભાગ્ય મારાં કે સ્વામીએ મને પોતાનો ગણીને ટોક્યો. નહીં તો મારી આ કુટેવ ન જાત!'

માટે જ બ્રહ્માનંદ સ્વામીએ ગાયું છે, *'માન તજી સંતનકે મુખસે પ્રેમ સુધારસ પીજે...'*

ભગવાનનો મહિમા સમજાય નહીં ત્યાં સુધી પ્રીતિ થાય નહીં. મહિમા વિના કદાચ શરૂ શરૂમાં પ્રીતિ જેવું જણાય ખરું પણ તે લાંબો સમય નભે નહીં. મહિમા સમજવા સંત-સમાગમ અત્યંત આવશ્યક છે, અનિવાર્ય છે. શ્રીહરિનાં દર્શન કરવા દૂર દૂરથી ભક્તો આવતા તે બધાને તેઓ મુક્તાનંદ સ્વામી પાસે મોકલતા. એ દ્વારા મહિમા સમજાવી સત્સંગમાં દૃઢ પાયો કરાવતા.

ભગવાન સ્વામિનારાયણનો મહિમા સૌ ભક્તો સમજે છે પણ જેવો મહિમા ગુણાતીત સંત સમજે છે એવો બીજા નથી સમજતા. આજે એવા ગુણાતીત સંત આપણને મળ્યા છે. તો ગઢડા પ્રથમ ૫૪ પ્રમાણે તેમનો દૃઢ પ્રસંગ કરીએ અને ગઢડા મધ્ય ૬૭ પ્રમાણે તેમનામાં અતિશય વિશ્વાસ રાખી કઠણ વચન તથા તિરસ્કારને પોતાના હિતકારી માનીને સહન કરીએ અને મનમાં દુઃખ ન લાવતાં ઊલટો ગુણ લઈએ તો સ્વભાવ ટળી જાય અને સત્સંગમાં ગાઢ પ્રીતિ થાય.

ટૂંકમાં અવગુણ લેવારૂપ પાપ ક્યારેય ન કરવું.

◆

વચનામૃત

જ્યાં સઘળું ઝળહળે અક્ષરપુરુષોત્તમમય

(ઉત્તરાર્ધ)

■ મહામહોપાધ્યાય
સાધુ ભદ્રેશદાસ



ભૂમિકા

'મેરા યહ અવતાર હૈ સો તો જીવોકું બ્રહ્મરૂપ કરકે આત્યંતિક મુક્તિ દેને કે વાસ્તે અક્ષરાતીત પુરુષોત્તમ જો હમ મનુષ્ય જૈસા બન્યા હૂં.'

ઉપરોક્ત શબ્દો ભગવાન સ્વામિનારાયણ લિખિત પત્રના છે. આ શબ્દોમાં તેમના અવતરણનો હેતુ અક્ષરપુરુષોત્તમમય બની ઝળહળતો દેખાય છે. પોતાના સર્વે આશ્રિત ભક્તો અક્ષરપુરુષોત્તમમય બની આત્યંતિક મુક્તિને પામે એ જ એમને કરાવવું હતું. સૌ અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતને આત્મસાત્ કરી પરમ સુખિયા થાય એ જ એમની કલ્યાણમયી ભાવના હતી.

આથી જ એમણે પોતાના આશ્રિતોને જીવનનો ધ્યેય બંધાવતાં કહ્યું હતું કે 'આપણા સત્સંગી સર્વેને તો એમ જ નિશ્ચય કરવો જે, આપણે પણ એ અક્ષરરૂપ જે મુક્ત તેમની પંક્તિમાં ભળવું છે અને અક્ષરધામમાં જઈને અખંડ ભગવાનની સેવામાં હજૂર રહેવું છે' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૧). અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતનો સાક્ષાત્કાર જ જીવનનું પરમ લક્ષ્ય છે એવો નિશ્ચય તેઓ વારંવાર દૃઢાવતા. વચનામૃતના ઉપદેશોમાં મનુષ્યજીવનનું આ પરમ લક્ષ્ય સમરસ બની ઝગમગે છે. અક્ષરપુરુષોત્તમમયતા વચનામૃતની અદકેરી વિશેષતા છે.

તેમાં ગતાંકમાં આપણે જોયું કે પરબ્રહ્મ સ્વામિનારાયણ ભગવાન કથિત પુરુષોત્તમની ભક્તિનો અધિકાર, શાસ્ત્રોક્ત બ્રહ્મજ્ઞાનની વ્યાખ્યા, જ્ઞાનીનું લક્ષણ, ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયનું નિરૂપણ તથા આત્મનિષ્ઠાની ઉત્તમ દશા ઈત્યાદિ અધ્યાત્મ-સાધનાની અતિ અગત્યની બાબતો સંપૂર્ણપણે અક્ષરપુરુષોત્તમ-મય બની ઝળહળી રહી છે. અધ્યાત્મ-સાધનાની આવી અન્ય બાબતો પણ સ્વામિનારાયણ ભગવાનના ઉપદેશોમાં અક્ષર-પુરુષોત્તમમય બની ઝળહળી રહી છે, તે આ અંકમાં જોઈશું.

જ્યાં યોગ ઝળહળે અક્ષરપુરુષોત્તમમય

આજે સમાજમાં યોગને ખૂબ આવકાર મળ્યો છે. યોગ-સાધના મને કાંઈક આપશે એવો વિશ્વાસ પ્રત્યેક યોગસાધકોને ઓછાવત્તા પ્રમાણમાં હોય છે. ભગવાન સ્વામિનારાયણના સમયમાં પણ આશ્રિતો યોગસાધના કરતા. મહારાજને તે ગમતું પણ ખરું. આથી જ તેમણે પોતાના આશ્રિતો સમક્ષ સાચી અને સંપૂર્ણ યોગસાધના શું છે તે વચનામૃતમાં સ્પષ્ટ કર્યું છે. તેમણે કહ્યું –

'દશ ઇન્દ્રિયો ને અગિયારમું મન એ સર્વે જે જે વિષયમાં ચોંટે ત્યાંથી બ્રહ્માગ્નિને વિષે હોમવાં એનું નામ યોગયજ્ઞ કહેવાય. અને એવી રીતે હોમતાં હોમતાં જેમ યજ્ઞ કરનારને ભગવાન દર્શન આપે છે તેમ જ એ યોગયજ્ઞના કરનારાના અંતરને વિષે પોતાનું સ્વરૂપ જે બ્રહ્મ તેને વિષે પરબ્રહ્મ જે પુરુષોત્તમ તે પ્રગટ થઈ આવે છે, એ યોગયજ્ઞનું ફળ છે.' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૮)

યોગની સાધના જ્યારે સઘનતા, ગહનતા, પ્રામાણિકતા

વચનામૃત સ્વચ્છ ગગનમાં ઝગમગતા સૂર્ય જેવો દેદીપ્યમાન ગ્રંથ છે.
તેનાં સઘળાં ઉપદેશકિરણો અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતને વેરી રહ્યાં છે.
અધ્યાત્મસાધનાના પથને અજવાળી રહ્યાં છે.
વચનામૃત સાક્ષાત્ વેદ છે, પરાવાણી છે. તેના સઘળા ઉપદેશમંત્રો અક્ષરપુરુષોત્તમ
સિદ્ધાંત સાધકોનો સથવારો છે અને સિદ્ધોની અનુભૂતિ છે, એમ ઉદ્ઘોષી રહ્યા છે.

અને સાતત્યને પ્રાપ્ત કરે છે ત્યારે તે સાધના યજ્ઞ બની જાય છે. યજ્ઞમાં જેમ હોમવાનું દ્રવ્ય હોય અને તેને અગ્નિમાં હોમવામાં આવે છે. તેમ યોગસાધનામાં ઇન્દ્રિયોની ક્રિયારૂપે હોમવાનું દ્રવ્ય છે અને તેને અક્ષરબ્રહ્મરૂપી અગ્નિમાં હોમવું એમ અહીં જણાવ્યું છે. એમ કરવાથી બ્રહ્મરૂપતા - અક્ષરરૂપતા પ્રાપ્ત થાય છે. જેમ યજ્ઞમાં હોમવાની ક્રિયાનો મૂળ હેતુ તો યજ્ઞનારાયણનાં દર્શન છે, તેમ યોગસાધનામાં બ્રહ્માગ્નિમાં હોમ કરવાનો હેતુ તો પુરુષોત્તમ નારાયણનો સાક્ષાત્કાર છે. આથી અહીં બ્રહ્માગ્નિમાં હોમ કરનાર એટલે કે બ્રહ્મરૂપતાને - અક્ષરરૂપતાને પ્રાપ્ત કરનાર સાધકને બ્રહ્મરૂપ એવા પોતાના આત્માને વિષે પુરુષોત્તમના સાક્ષાત્કારની અનુભૂતિને ફળ તરીકે દર્શાવી છે. ભગવાન સ્વામિનારાયણે પ્રબોધેલ આ વિશિષ્ટ યોગયજ્ઞ *'બ્રહ્માર્પણં બ્રહ્મ હવિઃ બ્રહ્માગ્નૌ બ્રહ્મણા હુતમ્'* (ગીતા ૪/૨૪), *'સ બ્રહ્મયોગયુક્તાત્મા સુખમ્ અક્ષય્યમશ્નુતે'* (ગીતા ૫/૨૧) ઇત્યાદિ શબ્દોમાં રજૂ થયેલ ગીતાના ઉપદેશોની યાદ અપાવે છે.

આમ, પરબ્રહ્મ સ્વામિનારાયણ પ્રબોધિત યોગસાધના પણ અક્ષરપુરુષોત્તમમય બની વચનામૃતમાં ઝળહળી રહી છે.

જ્યાં સમાધિ ઝળહળે અક્ષરપુરુષોત્તમમય

સમાધિ યોગસાધનાનું ફળ છે. સમાધિ એક અવસ્થા છે. એક સ્થિતિ છે. વચનામૃતમાં સ્વામિનારાયણ ભગવાને સમાધિની સ્પષ્ટતા કરી છે. વચનામૃતમાં સવિકલ્પ તથા નિર્વિકલ્પ ભેદથી સમાધિના બે પ્રકારો અને તેનાં લક્ષણો દર્શાવવામાં આવ્યાં છે. તેમાં જે શ્રેષ્ઠ સમાધિ છે તેને સ્વામિનારાયણ ભગવાને નિર્વિકલ્પ સમાધિ કહી છે. આવી સમાધિ પ્રાપ્ત કરનાર યોગીનું લક્ષણ તેમણે વચનામૃતમાં દર્શાવ્યું છે. તેમણે કહ્યું –

'અક્ષરબ્રહ્મના સાધર્મ્યપણાને પામીને કેવળ ભગવાનની મૂર્તિને વિષે જ નિમગ્ન રહેતો હોય તેને નિર્વિકલ્પ સમાધિવાળો કહીએ.' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૪૦)

અક્ષરબ્રહ્મના સાધર્મ્યને પામવું એટલે દાસત્વ, ગુણાતીતત્વ જેવા અક્ષરબ્રહ્મના વિશિષ્ટ ગુણો પ્રાપ્ત કરી અક્ષરરૂપ થવું. નિમગ્નતા એટલે તન્મયતા. પુરુષોત્તમમાં નિમગ્ન તો જ થઈ શકાય, જો અક્ષરરૂપ થાય – એમ આ વચનામૃત સૂચવે છે.

આમ, પરબ્રહ્મ સ્વામિનારાયણ પ્રબોધિત શ્રેષ્ઠ સમાધિ પણ અક્ષરપુરુષોત્તમમય બની વચનામૃતમાં ઝળહળી રહી છે.

જ્યાં સૃષ્ટિ-પ્રલય ઝળહળે અક્ષરપુરુષોત્તમમય

કેટલાક અધ્યાત્મસાધકોને વૈરાગ્યનું અંગ હોય છે. પરમાત્માની ભક્તિ વધુ સારી રીતે થાય તે હેતુથી વૈરાગ્યનો સહકાર લેવામાં આવે છે. ભગવાન સ્વામિનારાયણે પણ ભગવાનની ભક્તિ-ઉપાસનામાં ઉપયોગી થાય તેવા વૈરાગ્યને જીવનમાં ઘૂંટવાની આજ્ઞા કરી છે. વચનામૃતમાં કહ્યું છે કે જગતમાંથી વૈરાગ્ય પામવા માટે ભગવાનના ભક્તો જગતની સૃષ્ટિ અને પ્રલયનો વિચાર કરતા હોય છે. જગતના પદાર્થોની સૃષ્ટિ અને તેના પ્રલયનો વિચાર કરવાથી જગતનું નાશવંતપણું દૃઢ થાય છે અને તેમાંથી મોહ તૂટી જાય છે. આથી, પોતાના આશ્રિતોને જગતના નાશવંતપણાનો વિચાર સરળતાથી અને સાચી રીતે થઈ શકે તે માટે ભગવાન સ્વામિનારાયણે વચનામૃતમાં જગતની સૃષ્ટિની તથા તેના પ્રલયની પ્રક્રિયાને યથાર્થરૂપે નિરૂપી છે. તેમાં સૃષ્ટિની પ્રક્રિયા સમજાવતાં તેમણે કહ્યું –

'અક્ષરાતીત એવા જે પુરુષોત્તમ ભગવાન તે સૃષ્ટિ સમયને વિષે અક્ષર સામી દૃષ્ટિ કરે છે.' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૪૧)

અને પ્રલયની પ્રક્રિયા સમજાવતાં કહ્યું –

'જ્યારે બ્રહ્માંડનો પ્રલય થાય છે ત્યારે પ્રકૃતિનાં કાર્ય જે ચોવીસ તત્ત્વ તે સર્વે પ્રકૃતિને વિષે લીન થઈ જાય છે અને તે પ્રકૃતિ પણ અક્ષરબ્રહ્મના તેજમાં અદૃશ્ય થઈ જાય છે.' (વચનામૃત કારિયાણી પ્રકરણ ૭)

ઉપરોક્ત બંને સંદર્ભોમાં સૃષ્ટિ અને પ્રલયની પ્રક્રિયામાં પુરુષોત્તમ નારાયણની સાથે સાથે અક્ષરબ્રહ્મ પણ જોડાયેલું રહે છે તે પ્રતિપાદન કર્યું છે. આથી, ભક્ત જ્યારે વૈરાગ્ય દ્વારા ભક્તિને સુરક્ષિત રાખવાના હેતુથી જગતની ઉત્પત્તિ અને પ્રલયનો વિચાર કરે છે, ત્યારે તે વિચાર પણ અક્ષર અને પુરુષોત્તમના સામર્થ્યનો વિચાર કરીને જ શક્ય બને છે.

આમ, પરબ્રહ્મ સ્વામિનારાયણ પ્રબોધિત સૃષ્ટિ અને



પ્રલયની પ્રક્રિયાઓ પણ અક્ષરપુરુષોત્તમમય બની વચનામૃતમાં ઝળહળી રહી છે.

જ્યાં મુક્તિ ઝળહળે અક્ષરપુરુષોત્તમમય

મુક્તિ પરમ પુરુષાર્થ છે. સાધનાનું અંતિમ ફળ છે. સ્વામિનારાયણ ભગવાને મુક્તિનું સ્વરૂપ સમજાવ્યું છે. જીવન્મુક્તિ અને વિદેહમુક્તિ – એમ બે પ્રકારની મુક્તિનું તેમણે પ્રતિપાદન કર્યું છે. બંને પ્રકારની મુક્તિઓમાં ફળ સરખું જ હોય છે. ભેદ એટલો જ છે કે જીવન્મુક્તિ એટલે જીવતાં જ પરમ મુક્તિનો અહેસાસ અને વિદેહ મુક્તિ એટલે દેહ પડ્યા પછી ભગવાનના અક્ષરધામને પ્રાપ્ત કરી મેળવવામાં આવતી પરમ મુક્તિની અનુભૂતિ. વચનામૃતમાં બંને પ્રકારની મુક્તિનું પ્રતિપાદન વારંવાર કરવામાં આવ્યું છે.

તેમાં જીવન્મુક્તિને સમજાવતાં ભગવાન સ્વામિનારાયણ વચનામૃતમાં કહે છે –

‘જેને ભગવાન ને ભગવાનના સંતની પ્રાપ્તિ થઈ છે તેને તો જીવતે તો ભગવાનનાં કથા, કીર્તન કરતાં થકાં જ દિવસ અને રાત્રિ વીતે છે અને ત્રણે અવસ્થાથી પર જે પોતાનો જીવાત્મા તેનું બ્રહ્મરૂપે સાક્ષાત્ દર્શન થાય છે.’ (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૬૬)

વિદેહમુક્તિને સમજાવતા વચનામૃતમાં કહેવામાં આવ્યું છે કે –

‘અને એવો જે એકાંતિક ભક્ત તે દેહનો ત્યાગ કરીને સર્વે માયાના ભાવથી મુક્ત થઈને અર્ચિમાર્ગે કરીને ભગવાનના અક્ષરધામને પામે છે. તે અક્ષરનાં બે સ્વરૂપ છે, એક તો નિરાકાર એકરસ ચૈતન્ય છે તેને ચિદાકાશ કહીએ, બ્રહ્મમહોલ કહીએ. અને એ અક્ષર બીજે રૂપે કરીને પુરુષોત્તમ નારાયણની સેવામાં રહે છે. અને એ અક્ષરધામને પામ્યો જે ભક્ત તે પણ અક્ષરના સાધર્મ્યપણાને પામે છે અને ભગવાનની અખંડ સેવામાં રહે છે.’ (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૧)

આમ, મુક્તિનું લક્ષણ તો સમજાવ્યું, પણ સાથે સાથે શું ન હોય તો આત્યંતિક મુક્તિને ન પામે તે પણ સમજાવ્યું છે. જેમ કે સ્વામિનારાયણ ભગવાને કહ્યું : ‘બ્રહ્મરૂપ થઈને જે પરબ્રહ્મની ભક્તિ ન કરે તો તે પણ આત્યંતિક કલ્યાણને ન પામ્યો કહેવાય.’ (વચનામૃત લોયા પ્રકરણ ૭)

ઉપરોક્ત ત્રણેય સંદર્ભોમાં અક્ષરબ્રહ્મરૂપ થવાનો અને પુરુષોત્તમમાં અખંડ રમમાણ રહેવાનો સિદ્ધાંત બંને પ્રકારની મુક્તિમાં એક સરખો પ્રસ્થાપિત થયો છે. અક્ષરરૂપ થઈ પુરુષોત્તમની સેવા-ભક્તિ કરવાના સિદ્ધાંતને સમજ્યા વગર તથા અંગીકાર કર્યા વગર મુક્તિનું યથાર્થ સ્વરૂપ સમજી જ નથી શકાતું એમ આ વચનોનું તાત્પર્ય છે.

આ સિદ્ધાંત સમજ્યા વગર મોટા-મોટા દેવતાઓને પણ મુક્તિ પ્રાપ્ત થતી નથી, અક્ષરધામ પ્રાપ્ત થયું નથી. અશ્લાલીના વચનામૃતમાં આ વાત સ્પષ્ટપણે નોંધાઈ છે. આ વચનામૃતમાં શ્રીજીમહારાજ પ્રજાપતિ આદિક જગતની સૃષ્ટિમાં જોડાયેલ દેવતાઓની ચાર ભૂલોને આત્યંતિક મુક્તિ નહીં થવાના અને અક્ષરધામ નહીં પામવાના કારણ તરીકે દર્શાવે છે. તેમણે કહ્યું ‘પ્રજાપતિ આદિ દઈને જે જગતના સ્રષ્ટા છે તે પણ વારંવાર સૃષ્ટિ ભેળા ઉત્પન્ન થાય છે ને પાછા અંતે માયાને વિષે લીન થાય છે, પણ શ્રીપુરુષોત્તમ ભગવાનના અક્ષરધામને તો એ પામતા જ નથી. તે શા સારુ? તો તેમની સમજણમાં ભૂલ છે’ (વચનામૃત અશ્લાલી) એમ કહીને પ્રથમ ભૂલ દર્શાવી બીજી ભૂલ દર્શાવતાં કહ્યું કે ‘બીજું, અક્ષરરૂપ થઈને જે પુરુષોત્તમ નારાયણની સેવા કરવી તે જ મુક્તિ છે એમ નથી માનતા તે ભૂલ છે.’ (વચનામૃત અશ્લાલી)

આમ, પરબ્રહ્મ સ્વામિનારાયણ પ્રબોધિત પરમ મુક્તિની અવસ્થા પણ અક્ષરપુરુષોત્તમમય બની વચનામૃતમાં ઝળહળી રહી છે.

અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંત-અક્ષરાધિપતિનો કૃપાપ્રસાદ

આ રીતે સ્વામિનારાયણ ભગવાને એક અતિ વિશિષ્ટ, અતિ મૌલિક, સર્વથા યથાર્થ, પરમ સત્ય અને અતિ સ્પષ્ટ એવા અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતનું પ્રસ્થાપન કરી આપણી ઉપર અપાર કરુણા વરસાવી છે. અક્ષરાધિપતિનો આ કૃપાપ્રસાદ છે. પોતાના આશ્રિતોને અક્ષરપુરુષોત્તમમય બનાવવાનું તાન સહજાનંદ શ્રીહરિને છે એ વાસ્તવિકતાનું દર્શન વચનામૃતના પાને-પાને થાય છે. અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતનાં પ્રસ્થાપન અને પ્રવર્તન માટે જ વચનામૃત શાસ્ત્રનું નિર્માણ થયું છે એ પરમ સત્ય વચનામૃતના પ્રામાણિક અધ્યયનથી સમજાય છે. તે માટે આપણે વચનામૃતના કેટલાક સંદર્ભો જોયા.

સહજાનંદ શ્રીહરિએ ઉપદેશ ઘણો કર્યો પણ તેમાં અક્ષરરૂપ થવાની વાત પ્રસ્થાપિત કરી તેમણે મોક્ષની વાટ વહેતી કરી. કારણ કે અક્ષરરૂપ થવાની સમજણ વગર જ બધું અધૂરું રહેતું હતું. દુનિયામાં સાધના ખૂબ થતી હતી. આસ્તિકો પણ ઘણા હતા. પરબ્રહ્મના અસ્તિત્વને માનનારા ઘણા હતા, પરંતુ અક્ષરબ્રહ્મ નામના તત્ત્વનું પણ અસ્તિત્વ છે એ સત્ય કોઈ જાણતું ન હતું. પરિણામે અક્ષરરૂપ થવાની સમજણ જ સંપૂર્ણપણે ઢંકાઈ ગઈ હતી. જેને લીધે સાધના કર્યા પછી પણ સંપૂર્ણ ફળની પ્રાપ્તિથી સાધકો વંચિત રહી જતા હતા. આવી પરિસ્થિતિમાં પરબ્રહ્મ પુરુષોત્તમ સ્વામિનારાયણ ભગવાને અતિ કૃપા કરી. પોતે માનવ તનુ ધારણ કરી પ્રગટ થયા. અક્ષરબ્રહ્મ તત્ત્વના અસ્તિત્વની જાહેરાત કરી. તેની પ્રત્યક્ષ ઓળખાણ પણ કરાવી. આથી મુમુક્ષુઓ માટે સાધના સાચા અર્થમાં સાધના બની. સાધનાને સિદ્ધિ આપવાની શક્તિ મળી.

આસ્તિકતામાં અક્ષરબ્રહ્મના અસ્તિત્વનું ભાન ભળ્યું એટલે તે પણ સફળ થઈ.

વિશ્વમાં ભક્તિ તો ખૂબ થતી હતી. શ્રદ્ધા સહિત થતી હતી. એમ છતાં તેમાં અક્ષરરૂપ થવાનો સિદ્ધાંત સમજાયો ન હતો એટલે ભક્તિ જેવું ઉત્તમ સાધન પણ કલંકિત અને વિઘ્નોથી ગ્રસ્ત થઈ જતું હતું. મહારાજે અતિ કૃપા કરીને વચનામૃતમાં અક્ષરરૂપ થવાના સિદ્ધાંતને પુરુષોત્તમની ભક્તિમાં અનિવાર્યપણે પ્રસ્થાપિત કર્યો. આમ કરીને તેમણે ભક્તિને યથાર્થ, નિષ્કલંક અને નિર્વિઘ્ન બનાવી.

સમાજમાં આજે જ્ઞાની થવાની, જ્ઞાનના ભંડારો ભરવાની જાણે હોડ લાગી છે! પોતપોતાની બુદ્ધિના બળે સાચા ખોટા નિશ્ચયો પણ લોકો કરતા આવ્યા છે. પરંતુ અક્ષર અને પુરુષોત્તમને યથાર્થપણે જે સમજ્યો તે જ ઉત્તમ જ્ઞાની છે અને તે જ ઉત્તમ નિશ્ચયવાળો છે એમ મહારાજે અતિ કૃપા કરીને વચનામૃતમાં સાચા જ્ઞાની થવાનો યથાર્થ રાહ ચીંધ્યો.

આત્મચિંતન કરવું જોઈએ એમ ઘણા સમજુ લોકો આજે પણ સ્વીકારે છે, પરંતુ પોતાના આત્માનું કઈ રીતે ચિંતન કરવું એનો ખ્યાલ ન હોવાથી સાચા આત્મચિંતનની ઊણપ રહેતી. મહારાજે અતિ કૃપા કરીને વચનામૃતમાં 'હું અક્ષર છું', 'હું બ્રહ્મ છું', 'હું પુરુષોત્તમનો દાસ છું', 'અક્ષરરૂપ એવા મારા આત્માને વિષે પુરુષોત્તમ અખંડ રહ્યા છે', એમ આત્મચિંતનને યથાર્થ રીતે પ્રસ્થાપિત કરી સાચું આત્મજ્ઞાન પ્રવર્તાવ્યું.

સંસારમાં યોગ-સમાધિ વિષે ઘણું કહેવાતું, નિરૂપાતું અને તેનું આચરણ પણ થતું, પરંતુ અક્ષરબ્રહ્મયોગની ખામીને લીધે યોગ-સમાધિની સાધના પણ સર્વોચ્ચ ફળથી વંચિત રહેતી. મહારાજે અતિ કૃપા કરીને વચનામૃતમાં યોગ-સમાધિમાં પરબ્રહ્મના યોગની સાથે અક્ષરબ્રહ્મનો યોગ ભેળવી તેને સફળતાના સર્વોચ્ચ શિખર સુધી પહોંચાડ્યાં.

તત્ત્વચર્ચાઓમાં વિદ્વાનો સૃષ્ટિ અને પ્રલયની પ્રક્રિયાનો ખૂબ વિમર્શ કરતા. પરંતુ તે પ્રક્રિયામાં પુરુષોત્તમ અને અક્ષરબ્રહ્મ એમ બે તત્ત્વો નિયામક બની જોડાયેલા છે તેનો ખ્યાલ જ ન હતો. મહારાજે અતિ કૃપા કરીને વચનામૃતમાં અક્ષરપુરુષોત્તમની નિયામકતા પ્રસ્થાપિત કરી સૃષ્ટિ-પ્રલયની સાચી પ્રક્રિયા સમજાવી.

પરમ મુક્તિ તો પરમ પુરુષાર્થ. તેની વાત કોણ ન કરે? પરંતુ મહારાજે અતિ કૃપા કરીને વચનામૃતમાં અક્ષર અને પુરુષોત્તમ આ બે તત્ત્વો સાથે જીવાત્માનો સંબંધ દર્શાવી પરમ મુક્તિનું સાચું સ્વરૂપ ઉદ્‌ઘાટિત કર્યું.

આમ વચનામૃતની સકળ સાધનાઓ અક્ષરપુરુષોત્તમમય બની ઝળહળી રહી છે. સમગ્ર વચનામૃત પ્રત્યેક આધ્યાત્મિક બાબતોમાં અક્ષરપુરુષોત્તમમય બનવાનો આદેશ કરે છે.તેમાં પણ વચનામૃતમાં મહારાજ પુરુષોત્તમ પરબ્રહ્મની વાત કરતા હતા ત્યારે પોતાની જ વાત કરતા હતા. અને અક્ષરબ્રહ્મની વાત કરતા હતા ત્યારે તે સમયે વિરાજતા મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીની જ વાત કરતા હતા. સંપ્રદાયના ઈતિહાસમાં આ વાત સચવાઈ છે. એ ગુણાતીત અક્ષરબ્રહ્મની પરંપરા આજે પણ બ્રહ્મસ્વરૂપ ગુરુહરિરૂપે પ્રગટ છે.

આવો, જીવીએ અક્ષરપુરુષોત્તમમય

આ રીતે વચનામૃત સ્વચ્છ ગગનમાં ઝગમગતા સૂર્ય જેવો દેદીપ્યમાન ગ્રંથ છે. તેનાં સઘળાં ઉપદેશકિરણો અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતને વેરી રહ્યાં છે, અધ્યાત્મસાધનાના પથને અજવાળી રહ્યાં છે.

વચનામૃત સાક્ષાત્ વેદ છે, પરાવાણી છે. તેના સઘળા ઉપદેશમંત્રો અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંત સાધકોનો સથવારો છે અને સિદ્ધોની અનુભૂતિ છે એમ ઉદ્‌ઘોષી રહ્યા છે.

વચનામૃત એક અમૃતમય દરિયો છે. તેની પ્રત્યેક લહેરમાં અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંત હિલોળા લે છે.

વચનામૃત એક સદાવ્રત છે. અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતની લહાણ કરી અહીં સુખ, શાંતિ, નિરાંત અને પરમાનંદનું અમૃતમય ભોજન મળે છે.

એટલું જ નહીં વચનામૃત એક વરદાન છે. તેના અક્ષરપુરુષોત્તમમય ઉપદેશો દ્વારા જાણે શ્રીજીમહારાજ સ્વયં આપણને વરદાન આપી રહ્યા છે કે –

'હે મારા વ્હાલા આશ્રિતો આપ સૌ બધું કરો, પણ અક્ષરપુરુષોત્તમમય બની કરો. જીવો પણ અક્ષરપુરુષોત્તમમય બની જીવો. તમે નિર્દોષતા પામશો. દિવ્ય બની જશો. તમારે સર્વે અર્થની સિદ્ધિ થઈ જશે. કારણ કે જ્યાં અક્ષરપુરુષોત્તમતા સ્પર્શે છે ત્યાં નિર્દોષતા, દિવ્યતા અને સર્વાર્થસિદ્ધિ આપોઆપ નીખરી ઊઠે છે. આપ અક્ષરપુરુષોત્તમમય બની નિર્દોષ બનો, દિવ્ય બનો અને સર્વાર્થસિદ્ધિને પામો.'

આપણે સૌ પરમ ભાગ્યશાળી છે કે આપણને પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ જેવા ગુણાતીત ગુરુહરિની પ્રાપ્તિ થતાં વચનામૃતમાં કહેલાં અક્ષર અને પુરુષોત્તમ બંને દિવ્ય તત્ત્વો એક સાથે પ્રાપ્ત થઈ ગયાં. કારણ કે આપણી ગુણાતીત ગુરુપરંપરા સાક્ષાત્ અક્ષરબ્રહ્મ છે અને તેમનામાં પુરુષોત્તમ નારાયણ સદૈવ અને સમ્યક્ રહ્યા છે.

ખરેખર, આજે જેને પ્રગટ ગુરુહરિ મહંતસ્વામી મહારાજ મળ્યા છે અને ઓળખાયા છે તેનું જીવન વચનામૃતમાં કહેલા સિદ્ધાંત પ્રમાણે અક્ષરપુરુષોત્તમમય બની ઝળહળી રહ્યું છે.

આવો, આપણે સૌ સાથે મળી જીવીએ અક્ષર-પુરુષોત્તમમય! અસ્તુ. ◆

વચનામૃતઃ
ઇતિહાસની અટારીએથી

■ સાધુ આદર્શજીવનદાસ

વચનામૃત જેટલું વધારે વાંચવામાં આવે છે એટલી આપણને વધારે સમજ પડતી જાય છે કે આપણે વચનામૃત વિશે કેટલું ઓછું જાણીએ છીએ!!' – 'વચનામૃત' વિશે આ અનુભવ દરેકનો છે અને કાયમનો છે.

જેમ પહાડ પર ચઢનારાને પ્રત્યેક પગલે અભિનવ સૃષ્ટિદર્શન લાધે છે, તેમ 'વચનામૃત' વાંચતાં પ્રત્યેક વાક્યે નવો અર્થબોધ સાંપડતો રહે છે. તેથી જ 'વચનામૃત' વિશે ઘણું બોલાયું છે, છતાં ઘણું બોલાઈ રહ્યું છે અને ઘણું બોલાતું રહેશે; 'વચનામૃત' વિશે ઘણું લખાયું છે છતાં ઘણું લખાઈ રહ્યું છે અને ઘણું લખાતું રહેશે. અહીં પણ 'વચનામૃત' વિશે નવું લખાણ છે, નવું ખેડાણ છે. આ લખાણમાં અલગ અને આગવો અંદાજ ઐતિહાસિક તવારીખોનો છે. કહી શકાય એવું છે કે અહીં 'વચનામૃત'ના ઉપદેશોનું ઘર શોધવાનો પ્રયત્ન થયો છે. તે ઘરનો વૈભવ દર્શાવવાનો પ્રયાસ કરવામાં આવેલો છે.

શા માટે આ ઉપક્રમ? ત્રણ કારણ જડે છેઃ

એક તો ઇતિહાસની અટારીએ ચઢી 'વચનામૃત' જોતાં એક રોમાંચકારી સૃષ્ટિ ખડી થઈ જાય છે અને આવાં ઉદ્‌ગારો અનાયાસે સરી પડે છેઃ

“હંઅઅઅ..... હવે ઘેડ બેઠી......”; “ઓહ! આમ વાત છે.!”; “અરે! આવી તો ખબર જ નહોતી...” વગેરે.... હૈયાંની કબૂલાત વ્યક્ત કરતાં આ અનુભવોથી 'વચનામૃત'નો ઉપદેશ વધુ ધારદાર થઈ સાક્ષી ભેદે છે.

કારણ બીજું, મૂળ (root) સમો ઇતિહાસ હાથમાં આવતાં, ફળ (fruit) સમા વર્તમાનનો આસ્વાદ વિશેષ અનુભવાય છે.

અને ત્રીજું કારણ, ઇતિહાસની પિછવાઈ જાણીતી ઘટનાઓને પણ નવો ઉઘાડ આપે છે.

'વચનામૃત' વાંચતાં કોઈ પણ વાચક આ ગ્રંથની ઐતિહાસિક સૂઝ પર વારી જાય તેમ છે. પ્રત્યેક 'વચનામૃત'માં સમય, સ્થળ, દિવસ, વ્યક્તિ, પહેરવેશ વગેરેનું ઘણું બારીકાઈથી વર્ણન થયેલું છે. તેથી જ હાર્વર્ડ યુનિવર્સિટી, અમેરિકાના પ્રાધ્યાપક જ્હોન કાર્મેન કહે છેઃ 'I should also like to comment on a few things that struck me in the book (Vachanamrut) itself. One is so familiar to you that you may be surprised I mention it. Yet students of Indian religious history are constantly faced with the difficulty of the lack of firm and definite dates in this history. In this book, however, every discourse is precisely dated. This is a chapter of religious history which one might say is in the full light of day as far as our knowledge of history is concerned. It is a common Western misunder- standing of India that there is no sense of history in India. I think that in what you hold dear as a community and what is called the guru parampara, the succession of the gurus, one sees that special sense of history which is important for the religious people in India.'[૧]

– “એક વાત મને ખાસ સ્પર્શી હોય તો એ છે કે દરેક 'વચનામૃત'માં ચોક્કસ તારીખ આપવામાં આવી છે. ભારતમાં ધાર્મિક ઇતિહાસના વિદ્યાર્થીઓને આ ભારતીય ઇતિહાસમાં ચોક્કસ તારીખનો અભાવ સતત સતાવે છે, પરંતુ 'વચનામૃત'માં પ્રત્યેક ઉપદેશની તારીખ ચોકસાઈપૂર્વક નોંધવામાં આવી છે. ઇતિહાસના જ્ઞાનની બાબતે ધાર્મિક ઇતિહાસમાં આ પ્રકરણ મધ્યાહ્‌ને તપતા સૂર્ય સમાન છે કે જેમાં ઇતિહાસના જ્ઞાન વિશે કોઈ પ્રકારનો અંધકાર નથી, એટલે કે કશું જ અજાણ્યું નથી. ભારત વિશે પશ્ચિમના લોકોમાં એવી એક ગેર-સમજણ છે કે 'ભારતમાં કોઈને ઇતિહાસની સૂઝ જ નથી.' પણ આપણી ગુરુપરંપરામાં ઇતિહાસની એક વિશિષ્ટ પ્રકારની સૂઝ છે કે જે ભારતના

૧. *New Dimensions in Vedanta Philosopy*, Part 1, p. 207; Publisher: Swaminarayan Aksharpith.

આસ્તિક, ધાર્મિક લોકો માટે ખૂબ જ મહત્ત્વની બાબત છે.''

ટૂંકમાં, 'વચનામૃત'માં જોવા મળતાં તિથિ, સમય, સ્થળ, વ્યક્તિ વગેરેના વર્ણનથી આ ગ્રંથનું ઐતિહાસિક મૂલ્ય અમૂલ્ય બની ગયું છે. દુનિયાના વિવિધ ધર્મોના અનેક ગ્રંથોમાં ઈતિહાસ-વિષયક આટલી સૂક્ષ્મતા દેખાતી નથી. 'વચનામૃત'ની આ વિશેષતાથી સ્વામિનારાયણ સંપ્રદાયનો પ્રત્યેક અનુયાયી વાકેફ હશે; એટલું જ નહીં, 'વચનામૃત'ની આ અદ્વિતીયતાથી તે ગૌરવાન્વિત પણ હશે. પરંતુ શું આપણને ખબર છે કે 'વચનામૃત'ની આ અજોડતા ભગવાન સ્વામિનારાયણના એક સૂચનનો પરિપાક છે?!

જી હા. જુઓ, આ રહ્યો તેનો ઈતિહાસ –

''એક વાર ભગવાન સ્વામિનારાયણ ગઢડામાં બિરાજમાન હતા. તે વખતે મુક્તાનંદ સ્વામીએ કહ્યું: 'નરનારાયણ, સ્વામિનારાયણ નામવાળો રેંટો અને સુરવાળ કરાવ્યાં છે.'

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યાઃ 'છાપના અક્ષર ઝાઝા દિવસ રહેતા નથી.'

તે સમયે મુક્તાનંદ સ્વામીએ 'વચનામૃત'નું પુસ્તક લાવી આપીને શ્રીજીમહારાજને પૂછ્યુંઃ 'આમાં કંઈ નાંખવું છે?'

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું: 'પ્રશ્ન પૂછ્યું હોય તેનું નામ, સંવત, વર્ષ, પક્ષ, તિથિ અને સમય તેમાં નાંખવાં.'

પછી શ્રીજીમહારાજ જમવા બેઠા.''[૨]

કેવી સુંદર ભગવાન સ્વામિનારાયણની ઈતિહાસ-સૂઝ!!

'વચનામૃત'ની બહુમૂલ્ય ઐતિહાસિકતા પાછળ છુપાયેલા આ ઈતિહાસનું વિમોચન થતાં જ હવે કેવો રોમાંચ અનુભવાય છે. અત્યાર સુધી 'વચનામૃત'ની નમૂનેદાર ઐતિહાસિકતાનું શ્રેય તેના લખનારા, શોધનારા પરમહંસોને કંઈ કેટલાય આપી ચૂકયા હશે, પરંતુ આ યશના ખરા હકદાર સ્વયં શ્રીજીમહારાજ છે. આ જાણ્યા પછી 'વચનામૃત'ના ઉદ્ગાતા શ્રી સ્વામિનારાયણ ભગવાન પણ હવે નવીન લાગશે તેમાં શંકાને સ્થાન નથી. પરિચિત પણ નિત્ય-નૂતન બની ગયું ને! ઈતિહાસની અટારીએથી કોઈ પણ વિગતને નાણવા-માણવાની આ જ મજા છે, લાભ છે.

હજી આગળ શ્રીહરિની કમાલ જુઓ. સદ્ગુરુ આધારાનંદ સ્વામી લખે છેઃ 'શ્રીહરિએ મુક્તમુનિને આજ્ઞા કરી કે અમે જે વાત કહીએ તે સંભાળપૂર્વક લખી લેવી. શ્રીહરિ જેમ જેમ વાત કરતા તે મુક્તમુનિ બરાબર યાદ રાખતા. શ્રીહરિ તેમને પૂછતા. પછી શુકમુનિ, આધારાનંદમુનિ, શાંતમુનિ તથા દહરમુનિ – આ ચાર મુક્તમુનિ કહે તે પ્રમાણે શ્રદ્ધાપૂર્વક લખી લેતા.'[૩]

અહીં 'વચનામૃત'ના ઉપદેશની નોંધ કરી લેવાની વાત ભગવાન સ્વામિનારાયણ જણાવી રહ્યા છે. આ વાત સં. ૧૮૭૬ના માગશર માસના સુદ પક્ષમાં શ્રીજીમહારાજે કહી છે. 'વચનામૃત'ના ગ્રંથમાં જે ઉપદેશ-વચનો છે તેની શરૂઆત પણ આ જ વર્ષ, આ જ માસ અને આ જ પક્ષમાં થયેલી છે. આ પરથી સ્પષ્ટ થાય છે કે વચનામૃતો નોંધવાં અને તેમાં તિથિ, માસ, પક્ષ, સમય વગેરે સૂક્ષ્મ વિગતો પણ ટપકાવવી – આ બંને સૂચનો શ્રીજીમહારાજનાં જ છે. તેને કારણે આજે આપણી પાસે 'વચનામૃત'નો ગ્રંથ ઉપલબ્ધ છે.

ઈતિહાસમાં ડૂબકી મારતાં હકીકતનું આ કેવું મૂલ્યવાન મોતી હાથમાં આવ્યું!

બસ, આવાં કારણોને લીધે ઈતિહાસના અભ્યાસનો ફલક અસાધારણ રીતે વિકસી રહ્યો છે. ઈતિહાસના માપદંડથી મનુષ્યના કાલખંડને સમજવાના પ્રયોગો અને પ્રયત્નો થઈ રહ્યા છે. ગ્રીક ધાતુ 'હિસ્ટોર'નો અર્થ થાય છે – જાણવું. સંસ્કૃતભાષાની રીતે જોઈએ તો 'इति ह हास' એટલે 'આમ (બન્યું) હતું.' ટૂંકમાં, જે બન્યું છે તેને જાણવું તે ઈતિહાસ.

ઈતિહાસ આપણને પીઢ બનાવે છે. ઉજ્જ્વળ ભવિષ્ય ભણી અગ્રસર કરે છે. વર્તમાનને સુદઢતા આપે છે. પુરાતનને નૂતન કરી મૂકે છે. ઈતિહાસની અટારીએથી 'વચનામૃત' જોતાં ક્યારેક 'વચનામૃત'માં પુછાયેલા પ્રશ્નો પાછળ સંતાઈને બેઠેલો ઈતિહાસ દષ્ટિગોચર થાય છે, તો ક્યારેક ભગવાન સ્વામિનારાયણનાં કૃપાવચનોના પાલવ તળે લપાયેલા ઈતિહાસ પરથી પડદો ઊંચકાતો જોવા મળે છે. તે વખતે ખ્યાલ આવે છે કે સંપ્રદાયમાં ઘટેલી ઘટનાઓથી 'વચનામૃત'નો ઉપદેશ કેવો અને કેટલો પ્રભાવિત થયો છે!

સિદ્ધાંતો ત્રિકાલાબાધિત હોય છે. ઘટનાઓ બને કે ન બને પણ તે જે હોય છે તે જ રહે છે, પરંતુ આવા સર્વકાલીન સિદ્ધાંતોને સમજાવવા તત્કાલીન તવારીખોનો સહારો લેવાય છે ત્યારે તે સિદ્ધાંતોની ચોટ ગહેરી અનુભવાય છે. ઈતિહાસના આ ગૂંથાયેલા તાણાવાણા ખૂલતાં 'વચનામૃત'ના ઉપદેશનું પોત વધુ ચમકીલું બની ઊઠે છે. 'વચનામૃત' કેવળ તત્ત્વજ્ઞાનનો ગ્રંથ ન રહેતાં એક રોચક ઈતિહાસગ્રંથ પણ બની રહે છે. (ટૂંક સમયમાં પ્રકાશિત થનાર પુસ્તકમાંથી સંકલિત) ◆

૨. 'સદ્. પ્રસાદાનંદ સ્વામીની વાતો', પ્રકા. – શ્રીસ્વામિનારાયણ મંદિર, કાળુપુર.

૩. 'શ્રીહરિચરિત્રામૃતસાગર', પૂર-૨૧, તરંગ-૧૪, લે. – સદ્. આધારાનંદ સ્વામી, પ્રકા. – શ્રી સ્વામિનારાયણ સાહિત્ય પ્રકાશન મંદિર, સંપા. – શાસ્ત્રી હરિપ્રકાશદાસ, શાસ્ત્રી જ્ઞાનપ્રકાશદાસ.

વચનામૃત



સંપ્રદાયનો રહસ્ય ગ્રંથ:

જે સંપ્રદાયના આધ્યાત્મિક રહસ્યોનો અજોડ કોશ છે...

■ **શ્રી ચંદ્રકાંત શેઠ**

પ્રસિદ્ધ કવિ, વિવેચક, અનુવાદક, સંપાદક અને નિબંધકાર ચંદ્રકાંત ત્રિ. શેઠ એટલે ગુજરાતી સાહિત્યના એક મૂર્ધન્ય સાહિત્યકાર. ગત વર્ષોમાં બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા આયોજિત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પરિષદોમાં ભાગ લઈને તેમણે રજૂ કરેલા સંશોધન લેખોમાંનો એક એટલે વચનામૃત પરનો એક વિશ્લેષણાત્મક લેખ. વચનામૃત દ્વિશતાબ્દી પર્વે વચનામૃતના અદ્વિતીય ગ્રંથવૈભવ પર તેમના એ લેખના સંપાદિત **દ્વિતીય ભાગને** ગતાંકથી આગળ માણીએ...

લોયાના ચૌદમા વચનામૃતમાં ભગવાન સ્વામિનારાયણ પોતાની અધ્યાત્મચિંતનની ભૂમિકા નિર્દેશતાં કહે છે:

'...જેવી રીતે શંકર સ્વામીએ અદ્વૈતબ્રહ્મનું પ્રતિપાદન કર્યું છે તેને વિષે તો અમારે રુચિ નથી તથા રામાનુજ સ્વામીએ જેવી રીતે ક્ષર-અક્ષર થકી પર જે પુરુષોત્તમ ભગવાન તેનું નિરૂપણ કર્યું છે તે પુરુષોત્તમ ભગવાનને વિષે તો અમારે ઉપાસના છે, તથા ગોપીઓના જેવી તો એ પુરુષોત્તમ ભગવાનને વિષે અમારે ભક્તિ છે, તથા શુકજીના જેવો તથા જડભરતના જેવો તો અમારે વૈરાગ્ય છે ને આત્મનિષ્ઠા છે. એવી રીતે અમારો અભિપ્રાય તથા રુચિ છે. તે અમારી વાર્તાએ કરીને તથા અમે માન્યા જે અમારા સંપ્રદાયના ગ્રંથ તેણે કરીને પૂર્વાપર વિચારીને જુએ, તો જે બુદ્ધિવાન હોય તેના જાણ્યામાં આવે છે.' (વ. પૃ. ૨૯૯-૩૦૦)

આ વચનામૃતોમાં શ્રીજીમહારાજે પુરુષોત્તમ ભગવાનના સ્વરૂપની, પરબ્રહ્મ અને બ્રહ્મના ભેદની, પ્રકૃતિ અથવા માયાની, જીવાત્મા ને પરમાત્માના સંબંધની અવારનવાર, અનેક દૃષ્ટિબિંદુથી તલસ્પર્શી ચર્ચાવિચારણા કરી છે. આ ચર્ચાવિચારણામાં સ્વામિનારાયણ દર્શન સિદ્ધાંતમતનું પ્રતિપાદન છે.

શ્રીજીમહારાજ પહેલા જ વચનામૃતમાં ભગવાનના સ્વરૂપમાં મનની અખંડ વૃત્તિ રાખવાનું જણાવે છે. (વ. પૃ. ૧) ભગવાન, સત્પુરુષ, સદ્ધર્મ અને સચ્છાસ્ત્ર - આ ચારના સંગ-સેવનથી સત્સંગનું ફળ સિદ્ધ થતું હોવાનું તેમનું મંતવ્ય છે. (વ. પૃ. ૩) તેઓ અન્વયપણા ને વ્યતિરેકપણાના ધોરણે પુરુષોત્તમ ભગવાન, અક્ષરબ્રહ્મ, માયા, ઈશ્વર અને જીવ વચ્ચેનો ભેદ તારવી બતાવે છે. (વ. પૃ. ૮) તેઓ પ્રત્યક્ષ ભગવાન વિના બીજું કાંઈ ઇચ્છવું નહીં, એમ પણ જણાવે છે. (વ. પૃ. ૧૦)

શ્રીજીમહારાજ ભગવાનની બે શક્તિઓ રૂપે પુરુષ અને પ્રકૃતિને ઓળખાવે છે. (વ. પૃ. ૧૭) તેઓ એકાંતિક ભક્તમાં આત્મનિષ્ઠા, પ્રીતિ, વૈરાગ્ય તથા સ્વધર્મ- પરાયણતાની સહોપસ્થિતિ અનિવાર્ય લેખે છે. (૨૯)

શ્રીજીમહારાજ માર્મિક રીતે કહે છે કે જેને સત્સંગ થયો છે તેને તો પોતાના જીવાત્માનું દર્શન પોતાના હાથમાં જ છે. (૩૧)

વચનામૃતો ભગવાન શ્રી સહજાનંદ સ્વામીની લોકોત્તર વ્યક્તિતા ને લોકોપકારક વાણીનો સાક્ષાત્કાર કરાવે છે. વળી, તેમાં તત્કાલીન ગુજરાતની તળભૂમિના પરિવેશ ને પરિસ્થિતિનું દર્શન થાય છે. સ્વામિનારાયણ સંપ્રદાયના સત્ત્વ-તત્ત્વને, એના સામર્થ્ય અને પ્રભાવને પ્રીછવા માટેની શ્રદ્ધેય આ સાધનસામગ્રી આપણને આ 'રહસ્ય ગ્રંથ' પૂરી પાડે છે.

શ્રીજીમહારાજ અક્ષરનાં બે સ્વરૂપ દર્શાવે છે. 'એક તો નિરાકાર એકરસ ચૈતન્ય છે તેને ચિદાકાશ કહીએ, બ્રહ્મમહોલ કહીએ; અને એ અક્ષર બીજે રૂપે કરીને પુરુષોત્તમ નારાયણની સેવામાં રહે છે. અને એ અક્ષરધામને પામ્યો જે ભક્ત તે પણ અક્ષરના સાધર્મ્યપણાને પામે છે અને ભગવાનની અખંડ સેવામાં રહે છે.' (૩૩)

તેઓ સત્સંગી અને સત્સંગની, ભક્તિ-વૈરાગ્યની વાત વારંવાર કરે છે. સત્સંગીનો નિશ્ચય અક્ષરધામમાં જઈને ભગવાનની અખંડ સેવામાં રહેવાનો હોય છે. (૩૩-૩૪) તેઓ નિષ્કપટપણે સત્સંગ કરવાની હિમાયત કરે છે. (૫૧) તેઓ સત્સંગની મહત્તા દર્શાવતાં કહે છે :

'... અતિ સાચે ભાવે સત્સંગ કરે તો તેને કોઈ જાતનો દોષ હૈયામાં રહે નહીં અને દેહ છતાં બ્રહ્મરૂપ થઈ જાય.'' (વ. પૃ. ૧૯૩)

અન્યત્ર (પૃ. ૫૪૬-૭) પણ તેઓ ગુરુરૂપ હરિના સત્સંગે સર્વે અર્થ સિદ્ધ થયાનો તેમજ સદેહે મોક્ષનો અનુભવ થઈ શકે છે એમ સૂચવે છે.

શ્રીજીમહારાજ નિર્વાસનિક મનથી ભગવાનને ભજવાનું જણાવે છે. (૬૭) તેમના મતે કલ્યાણના અર્થે સાવધાનપણે વર્તનારો જ ખરો કુશાગ્ર બુદ્ધિવાળો છે. (૯૪) ભગવાન અભિમાનથી રાજી થતા નથી, તેથી હરિ-ગુરુ-સંતમાં નિર્માનીપણું અનિવાર્ય છે. (૧૦૩) નિર્માની ભક્ત જ સર્વશ્રેષ્ઠ ગણાય. (૧૦૪)

તેઓ સાધુની વાત કરતાં કહે છે :

''દેહ ને દેહના સંબંધીને વિષે અહંમમત્વનો ત્યાગ કરીને ને પોતાના આત્માને બ્રહ્મરૂપ માનીને ને સર્વ વાસનાનો ત્યાગ કરીને સ્વધર્મમાં રહ્યો થકો જે ભગવાનને ભજે છે તે સાધુ કહેવાય છે અને જેને એવું સાધુપણું આવ્યું તેને ને પુરુષોત્તમ ભગવાનને કાંઈ છેટું રહેતું નથી.'' (વ. પૃ. ૮૩)

શ્રીજીમહારાજ સંતનાં લક્ષણોનો ઉલ્લેખ કરતાં કહે છે :

'...શાસ્ત્રે કહ્યાં જે નિષ્કામ, નિર્લોભ, નિર્માન, નિઃસ્વાદ, નિઃસ્નેહ ઈત્યાદિક સંતનાં લક્ષણ તેને સાંભળીને એવાં લક્ષણ જ્યાં દેખાય એવા જે સંત તેને ને ભગવાનને સાક્ષાત્ સંબંધ હોય; માટે એવા સંતના વચને કરીને ભગવાનનો નિશ્ચય કરવો ને તેના વચનમાં દૃઢ વિશ્વાસ કરવો તેને નિશ્ચય કહીએ છીએ.'' (વ. પૃ. ૬૦૨)

શ્રીજીમહારાજ 'પિંડે તે બ્રહ્માંડે'ની વાત એમની લાક્ષણિક શૈલીમાં રજૂ કરતાં કહે છે :

'આ બ્રહ્માંડમાં જેટલું કારખાનું છે, તેટલું જ આ પિંડમાં પણ છે; તે પિંડમાં અલ્પ છે ને બ્રહ્માંડમાં મહત છે.'' (વ. પૃ. ૧૨૭)

શ્રીજીમહારાજ બ્રહ્મના સાકાર સ્વરૂપના સમર્થક છે. ભગવાન તો સદા સાકારમૂર્તિ હોવાનું તેઓ જણાવે છે. (૧૪૨) તેઓ કહે છે :

''ભગવાન તો સદા મૂર્તિમાન જ છે. તે મૂર્તિમાન ભગવાન અક્ષરધામમાં રહ્યા થકા જ અનંતકોટિ બ્રહ્માંડમાં ભાસે છે.'' (વ. પૃ. ૫૨૧)

વળી, તેઓએ અગાઉ સૂચવ્યું તેમ ભગવાનના માટે અન્વય-વ્યતિરેકની પરિભાષા પ્રયોજીને પણ તેમના સ્વરૂપનો ખ્યાલ આપતા હોય છે. તેઓ કહે છે :

'અક્ષરાતીત એવા જે પુરુષોત્તમ ભગવાન તેની ઈચ્છાએ કરીને અનંતકોટિ બ્રહ્માંડની ઉત્પત્તિ થાય છે અને તે બ્રહ્માંડને પોતાની શક્તિએ કરીને ધરી રહ્યા છે અને તે ભગવાન વ્યતિરેક થકા સર્વમાં અન્વયપણે રહ્યા છે અને અન્વય થકા પણ વ્યતિરેક છે.'' (વ. પૃ. ૧૬૮-૧૬૯)

આ ગ્રંથમાં જીવ, જગત તથા બ્રહ્મને લગતી નાની-મોટી અનેક બાબતોનો સમાવેશ થાય છે. એમાં શ્રીજીમહારાજની તત્ત્વલક્ષી સૂક્ષ્મ ને તલાવગાહી દૃષ્ટિનો પરચો પણ મળી રહે છે. તેમની અધ્યાત્મદૃષ્ટિની વ્યાપકતા ને ગહરાઈ, તેમની વિવેકપૂત સમતા અને સચ્ચાઈ આપણને સીધી અસર કરે છે. તેમણે શાસ્ત્રજ્ઞાન પચાવીને જે રીતે તેને અનુભવની એરણ પર કસીને અહીં પીરસ્યું છે તેનું ગ્રહણ કરતાં આપણે ન્યાલ થઈએ છીએ. જીવનની વાસ્તવિકતા ને વ્યવહારુતા સાથે તત્ત્વલક્ષિતા ને પારદર્શિતાનો આવો સમન્વય-સુમેળ વિરલ જ



લેખાય. મનુષ્યજીવ શીલધર્મ તથા સદાચારના પાલનથી, ભગવદ્ભાવથી કેવી શાંતિ, કેવું સુખ અને કેવી સાર્થકતા સાધી શકે તેના રામબાણ ઉપાયો શ્રીજીમહારાજ દ્વારા દર્શાવતું કીમિયાઘર તે આ વચનામૃતનો ગ્રંથ છે.

શ્રીજીમહારાજના ઉચ્ચરિત શબ્દ(Spoken word)ની આ આધ્યાત્મિક સંસૃષ્ટિ છે. એમાં આચાર-વિચારની ભૂમિકાએ અધ્યાત્મજીવનના જે બધા પ્રશ્નો છેડાયા છે તેમાં જટિલતા, સંકુલતા, ગહનતા અને બહુમુખિતા પણ અત્રતત્ર જોવા મળે; પરંતુ શ્રીજીમહારાજની રજૂઆત પાછળના આશય અને અભિગમ નિયત અને સ્પષ્ટ હોઈ તેમની રજૂઆતમાં સહજતા, સ્પષ્ટતા, સુગમતા તેમજ સચોટતા જોવા મળે છે. શ્રીજીમહારાજે અનેકાનેક ઘરગથ્થુ દૃષ્ટાંતોથી, કેટલાંક સુંદર રૂપકો, ઉપમાઓ તેમજ દૃષ્ટાંતોથી પોતાની વાતને વિશદ અને સરળ બનાવવાનું લક્ષ્ય પણ રાખ્યું છે. (દા.ત., વ. પૃ. ૮૭, ૧૦૪, ૧૧૭, ૧૩૭, ૧૬૯, ૨૧૦-૧૭, ૨૧૩, ૨૧૯-૨૨૦, ૩૭૪, ૩૮૦, ૪૨૭, ૪૬૩, ૪૬૫, ૪૯૯, ૫૦૩, ૫૦૭, ૫૫૨, ૫૫૮, ૬૦૫, ૬૨૪ વગેરે)

શ્રીજીમહારાજનાં આ વચનામૃતોનો સમયગાળો જોતાં તેમની વાણીનો ઢાળો ૧૯મી સદીના લગભગ ત્રીજા દાયકાનો (૧૮૧૯થી ૧૮૩૦ના અરસાનો) લેખાય. તે સમયે ભારતમાં અંગ્રેજોનું શાસન આવી ગયેલું. લોયાના સત્તરમા વચનામૃતમાં મુંબઈના ગવર્નર સાહેબનો અને એ સાથે ઇંગ્રેજનો ઉલ્લેખ પણ છે; પરંતુ અંગ્રેજિયતથી શ્રીજીમહારાજ અસ્પૃષ્ટ રહ્યા છે અને એમની વાણી પર તેનો પ્રભાવ હોવાનું લાગતું નથી.

શ્રીજીમહારાજ ઉત્તર પ્રદેશના છપૈયાના. સામવેદી સરવરિયા બ્રાહ્મણ પરિવારના. સંસ્કૃત ધર્મસાહિત્યનો - ભાષાસાહિત્યનો વારસો એમનામાં પણ ઊતર્યો, તેથી એમનાં વચનામૃતોમાં સંસ્કૃતનો સીધો પ્રભાવ શબ્દભંડોળથી માંડીને રજૂઆતરીતિ સુધીનાં જુદાં જુદાં પાસાંમાં ઊતરેલો પામી શકાય છે. વેદોપનિષદ, પુરાણો, દર્શનશાસ્ત્રો વગેરેની છાયામાં રહીને શ્રીજીમહારાજની વાક્શક્તિનો સમુદય થયો છે. તેથી એમની વાણીમાં 'ભ્રમી', 'વિગતિ', 'નિર્વાસનિક', 'અનુતાપ', 'વિક્તિ', 'વિભ્રાંતે', 'એકકાળાવચ્છિન્ન' 'અંડકટાહ', 'કર્મફળ-પ્રદાતા', 'બાધિતાનુવૃત્તિ', 'નિદિધ્યાસ' જેવા સંસ્કૃત તત્સમવાળા શબ્દો કે શબ્દપ્રયોગો જોવા મળે છે, તો 'ફેલફતૂર', 'શાબાશ' જેવા શબ્દોયે મળે છે.

તેઓ 'આશરીને', 'વ્યભિચરી જાય' જેવાં કૃદંત કે ક્રિયારૂપો પણ પ્રયોજે છે. તેમની વાણીમાં સારા એવા પ્રમાણમાં તળપદા શબ્દપ્રયોગો ને ઉક્તિ-પ્રયોગો જોવા મળે છે. 'પરઠે', 'મોરે', 'ગબરગંડ', 'પેટબેસણું', 'જરણા', 'અટંટ', 'બારવલું', 'ગોડિયો', 'લાવાંઝંખા', 'ચોવટિયો', 'જાપરો', 'પૂંછલેલ' જેવા તળપદાપણાની સોડમવાળા શબ્દપ્રયોગો તેઓ પ્રયોજે છે.

વળી, 'ગાફલાઈ', 'સિદ્ધાઈ', 'મસ્તાઈ', 'જોરાઈ' તેમજ 'દૃઢાવ', 'લાવણ્યતા' જેવાં ભાવવાચક નામો પણ તેઓ પ્રયોજે છે. 'કચવાણ', 'કુરાજી', જેવા શબ્દો પણ પોતાની રીતે પ્રયોજે છે. 'ઉપવાસનો ખાંગો ખાય', 'કાંઈ ઠા રહે નહીં', 'ચાળા ચૂંથવા લાગે' જેવા રૂઢિપ્રયોગો કે લોકોક્તિઓ(પૃ. ૨૨૭, ૨૩૪, ૪૩૪ વગેરે)ના પ્રયોગો પણ તેમની વાણીમાં પ્રયોજાતા રહે છે.

'મોળી વાત', 'ગોબરી સમજણ', 'આંટીદાર સ્વભાવ', નરકચોરાસી', 'બ્રહ્મકુદાળ', 'અખતર-ડાહ્યા' જેવા વિશિષ્ટ શબ્દપ્રયોગો પણ ધ્યાનપાત્ર છે.

શ્રીજીમહારાજની વાણીમાં કાઠિયાવાડ પંથકના બોલીવ્યવહારનો - ત્યાંની તળપદી બોલછાનો ઠીક ઠીક પ્રભાવ હોવાનું જોઈ શકાય છે. 'જણાણો', 'બંધાણા', 'લખાણાં', 'જિતાણી', 'લોભાણું' જેવા ક્રિયાપ્રયોગો અવારનવાર થતા જોવા મળે છે.

'વૃક્ષ', 'તપાસ', 'આયુષ્ય' જેવા શબ્દો નરજાતિમાં તો 'દેહ', 'પદાર્થ', 'સાર' જેવા શબ્દો નાન્યતર જાતિમાં પ્રયોજાતા પણ જોવા મળે છે.

'તેણે કરીને', 'માને કરીને', 'દૃષ્ટાંતે કરીને', 'લોપવે કરીને', 'ફાટેલ નેત્રની વૃત્તિએ કરીને' જેવા શબ્દપ્રયોગો; 'અભિમાને સહિત', 'શ્રદ્ધાએ સહિત', 'બુદ્ધિએ સહિત' જેવા શબ્દ પ્રયોગો, તેમજ 'જાણ્યું જોઈએ', 'જાણી જોઈએ', 'થઈ જોઈએ', 'કરી જોઈએ', 'કર્યું જોઈએ', 'સમજ્યું જોઈએ' જેવા શબ્દપ્રયોગો; 'એવી સામર્થીએ યુક્ત થકો', 'ભોગવતો થકો', 'તે સાધન કરતાં થકાં', 'બંધાણાં થકાં', જેવા ઉક્તિપ્રયોગો; 'દેખતા હવા', 'બેસતા હવા', 'ગાવતા હવા', 'બોલતા હવા', 'સૃજતા હવા' જેવા મધ્યકાલીન ભાષાનો પાસ દર્શાવતા ક્રિયાપ્રયોગો વગેરેથી શ્રીજીમહારાજની વાણીનું પોત વિલક્ષણ રૂપ-ઢાળો દાખવે છે. શ્રીજીમહારાજ જેના બોલીગત, વ્યાકરણગત જે વિલક્ષણ શબ્દપ્રયોગો ને ઉક્તિપ્રયોગો છે તેનો સ્વતંત્ર અભ્યાસ થઈ શકે. 'ઘાટ', 'સમાસ', 'ઘાનું' જેવા શબ્દો તેઓ પોતાના વિશિષ્ટ અર્થમાં પ્રયોજે છે.

શ્રીજીમહારાજની વાણીમાં વિલક્ષણ વાક્યપ્રયોગો, વાક્યસમુચ્ચયો પણ સારા પ્રમાણમાં જોવા મળે છે. એમનાં વચનામૃતોમાં સંયુક્ત (complex) તથા મિશ્ર (compound) વાક્યોનું બાહુલ્ય ધ્યાન ખેંચે છે. શ્રીજીમહારાજની રજૂઆત રીતિ એ રીતે લિખિત નહીં, પણ ઉચ્ચરિત વાણીનો લયપ્રભાવ દાખવે

છે. એમાં વાગ્મિતા કે વાક્છટાનાં તત્ત્વોની લયવાહી અસર પણ જોઈ શકાય છે. ધારે તો કોઈ ભાષાવિદ શ્રીજીમહારાજનાં વચનામૃતોના આધારે એમની ભાષાનો એક અલાયદો કોશ પણ રચી શકે. અહીં વચનામૃતમાંના શ્રીજીમહારાજના કેટલાક વાક્યપ્રયોગો અને ઉક્તિપ્રયોગો જોઈશું :

''કામાક્ષી દેવીને સમીપે કોઈક ગામ હતું તેને પામ્યા.'' (પૃ. ૪૬)

''જેટલું પળે તેટલું પાળીએ.'' (પૃ. ૨૩)

''સર્વે ભગવાનની માયાને તરી ગઈયો...'' (પૃ ૭૮)

'ઇન્દ્રિયો... બુદ્ધિયો થઈ જાય છે.'' (પૃ. ૧૫૫)

''જેને સત્સંગ થકી કાંઈક પાછો પગ પડી ગયો હોય તેને આગળ તો માન રાખવું પણ તેથી દબાઈ જવું નહીં ને પ્રશ્ન-ઉત્તરમાં તેના વેણ ઉપર વેણ લાવવું.'' (પૃ. ૨૬૫)

''પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'વાંકડા વાંકડા પ્રશ્ન કરો જે, જેણે કરીને સૌનું આળસ ઊડી જાય.'' (પૃ. ૫૦૪)

નીચેના દૃષ્ટાંતમાં પ્રશ્ન કરીને તેના ઉત્તરના રૂપે પૂર્તિ કરવાનો ઉપક્રમ જોવા મળે છે :

''તે સ્વામી કેવા છે ? તો ગૌર ને પુષ્ટ છે મૂર્તિ જેની એવા છે, ને શ્વેત વસ્ત્ર પે'ર્યાં છે, ને નૈષ્ઠિક બ્રહ્મચારીના વેષને ધરી રહ્યા છે.'' (પૃ. ૪૯)

શ્રીજીમહારાજે એમની આ ભગવદ્-વાર્તામાં અવાર-નવાર પોતાના ધર્મજિજ્ઞાસુ શ્રોતૃવૃંદને ધર્મતત્ત્વોની વિશદ સમજણ પ્રાપ્ત થાય તે માટે ઘરગથ્થુ દૃષ્ટાંતો; રૂપકાદિ અલંકારો વગેરેનો પણ ઉપયોગ કરેલો જણાય છે. થોડાંક ઉદાહરણો જોઈએ :

''...ભગવાનનો નિશ્ચય અને માહાત્મ્યરૂપી જેને ખટાઈ ચડી હોય તેની ચાર અંતઃકરણ ને દસ ઇંદ્રિયોરૂપ જે ડાઢ્યો તે સર્વે અંબાઈ જાય છે.'' (પૃ. ૩૮)

''અને જેમ પક્ષી હોય તે પોતાના માળાને મૂકીને ચરવા નીકળે છે તે ચારો કરીને રાત્રિ સમે પોતપોતાના માળામાં જઈને વિરામ કરે છે, પણ પોતપોતાના સ્થાનકને કોઈ દિવસ ભૂલીને બીજાને સ્થાનકે જતાં નથી; તેમ ભગવાનના ભક્ત છે તે ભગવાનની કથા, કીર્તન શ્રવણાદિક એવો જે ચારો તેને ચરીને પોતાનો માળો જે ભગવાનનું સ્વરૂપ તેમાં જઈને વિરામ કરે છે.'' (પૃ. ૫૪-૫૫)

''અને જે ત્યાગી હોય તેને તો કચરો અને કંચન એ બેય બરોબર હોય અને 'આ પદાર્થ સારું ને આ પદાર્થ ભૂંડું', એવી તો સમજણ હોય નહીં અને એક ભગવાનને વિષે જ પ્રીતિ હોય તે જ સાચો ત્યાગી છે.'' (પૃ. ૬૩)

''જેને પરિપૂર્ણ ભગવાનમાં સ્નેહ હોય ને તેનો જાણે-અજાણે ભગવાનની મૂર્તિ વિના બીજો કાંઈક ઘાટ થાય તો જેમ પંચામૃત-ભોજન જમતો હોય તેમાં કાંઈક કાંકરા તથા ધૂડ્યનો ખોબો ભરીને નાંખે ને જેવું વસમું લાગે અથવા કપાળમાં બળબળતો ડામ દે ને તે જેવો વસમો લાગે, તેવો ભગવાન વિના બીજો ઘાટ થાય તે વસમો લાગે; એવી રીતે જેને વર્તતું હોય તેને ભગવાનને વિષે પ્રીતિ છે એમ જાણવું.'' (પૃ. ૮૨)

''અને તે (પૃથ્વી) થકી જળ વળી ઘણું બળવાન જણાય છે, જે જળને વિષે પૃથ્વી છાણાની પેઠે તરે છે.'' (પૃ. ૧૦૪)

''ભેળો રહે ત્યારે બોલ્યામાં જણાય, ચાલ્યામાં જણાય, ખાતે જણાય, પીતે જણાય, સૂતે જણાય, ઊઠતે જણાય, બેઠતે જણાય ઇત્યાદિક ક્રિયાને વિષે જણાય છે.'' (પૃ. ૨૨૫)

''ત્યારે તે ભગવાનના સ્વરૂપનો જેને સંત-સમાગમે કરીને દૃઢ નિશ્ચય થાય છે, તેનો જીવ બીજના ચંદ્રમાની પેઠે દિવસે દિવસે વૃદ્ધિને પામતો જાય છે.'' (પૃ. ૫૧૭)

''સ્નેહનું સ્વરૂપ તો મધ જેવું છે તે જ્યાં-ત્યાં ચોંટે અને દયાનો સ્વભાવ એવો છે જે, જ્યાં-ત્યાં દયા કરે.'' (પૃ. ૫૪૭)

પ્રસ્તુત વચનામૃતોમાં આ પ્રકારનાં અનેક દૃષ્ટાંતો મળે એમ છે. જિજ્ઞાસુઓને આ ગ્રંથનાં ૮૩, ૮૭, ૧૦૪, ૧૧૩, ૧૧૪, ૧૧૭, ૧૧૮, ૧૩૭-૮, ૧૬૯, ૧૯૧, ૨૧૦-૧, ૨૧૩, ૨૧૮, ૨૧૯-૨૦, ૩૮૦, ૪૨૭, ૪૬૩, ૪૬૫, ૪૯૯, ૫૦૩, ૫૦૭, ૫૫૨, ૫૫૮, ૫૬૦, ૬૦૫, ૬૨૪ વગેરે પૃષ્ઠો પરનાં વક્તવ્યોમાંથી શ્રીજીમહારાજનું પોતાના મનોગતને પ્રભાવક રીતે પ્રગટ કરવાનું જે સૂઝસામર્થ્ય છે તેની આહ્‌લાદક પ્રતીતિ થઈને રહેશે.

તેમનાં પ્રવચનોની વાણી કેવી ખૂબીવાળી, વાગ્લયવાળી અને પ્રભાવક હોય છે તેનાં દૃષ્ટાંત કેટલાંક સમજવા જેવાં છે; જેમ કે –

'અને એ જીવાત્માને વિષે દેહ તો કેવી રીતે વળગ્યો છે ? તો જેમ કોઈક પુરુષ હોય તેણે દરજીને ઘેર જઈને ડગલો સિવાડીને પહેર્યો, ત્યારે તે એમ માને જે, 'દરજી તે મારો બાપ છે ને દરજણ તે મારી મા છે', એમ જે માને તે મૂર્ખ કહેવાય; તેમ આ જીવને આ દેહરૂપ જે ડગલો તે ક્યારેક તો બ્રાહ્મણ ને બ્રાહ્મણી થકી ઉત્પન્ન થાય છે અને ક્યારેક તો નીચ જાતિમાંથી ઉત્પન્ન થાય છે તથા ચોરાશી લાખ જાતિ થકી ઉત્પન્ન થાય છે, તે દેહને વિષે પોતાપણું માને અને તે દેહનાં માબાપને પોતાનાં માબાપ માને તે મૂર્ખ કહેવાય અને તેને પશુ જેવો જાણવો.'' (વ. પૃ. ૮૩)

વળી, બીજું દૃષ્ટાંત છેઃ ''જેમ આકાશ છે તેને વિષે મચ્છર ઊડે ને ચરકલું ઊડે ને સમળા ઊડે (અનુસંધાન પૃષ્ઠ ૪૮ પર)



અરબી રણમાં મહોરી ઊઠશે નંદનવન

અબુધાબીમાં બી.એ.પી.એસ. હિન્દુ મંદિરનો શાનદાર

શિલાન્યાસ

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો આરબ ભૂમિ પર
મંદિર કરવાનો સંકલ્પ થઈ રહ્યો છે સાકાર...



સદીઓથી ભારત અને અખાતી આરબ દેશો વચ્ચે સાંસ્કૃતિક સંબંધની એક નિરાળી ગંગા વહેતી રહી છે. તેમાંય ખાસ કરીને યુ.એ.ઈ. એટલે કે યુનાઈટેડ આરબ એમીરેટ્સના ૭ આરબ દેશોનો સંઘ ભારત અને હિન્દુઓ સાથે ખૂબ પુરાણો નાતો ધરાવે છે. દુબઈ, અબુધાબી, શારજાહ વગેરે આરબ રજવાડાંઓમાં હિન્દુઓએ દાયકાઓથી વેપાર-ધંધા સાથે સ્થાયી થઈને પોતાની સાંસ્કૃતિક-ધાર્મિક પરંપરાને જાળવવાનો પ્રયાસ કર્યો છે. આ ઈસ્લામિક આરબ દેશોમાં દાયકાઓથી વસતા એ હિન્દુઓ અને ભારતીયો હવે હર્ષભેર ગૌરવની લાગણી અનુભવી રહ્યા છે. કારણ કે, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે કરેલા સંકલ્પ અનુસાર હવે આ આરબ ભૂમિ પર રચાઈ રહ્યું છે ભવ્ય હિન્દુ મંદિર.

ઉલ્લેખનીય છે કે સન ૧૯૯૭માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અહીંની આરબ ભૂમિ પર પધાર્યા હતા ત્યારે તેઓએ અહીં વસતા હિન્દુઓની ધર્મભાવનાનું પોષણ કરવા એક પવિત્ર સંકલ્પ કર્યો હતો કે આરબ ભૂમિ પર સંસ્કૃતિધામ ભવ્ય હિન્દુ મંદિરનું નિર્માણ થાય. બે દાયકાઓના પ્રયાસ પછી આજે એ સંકલ્પ સાકાર થઈ રહ્યો છે. તેઓના એ સંકલ્પને સાકાર કરતો અનોખો અવસર બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના આધ્યાત્મિક વડા



દુબઈના ઇન્ટરનેશનલ એરપોર્ટ પર વિમાને ઊતરાણ કર્યું ત્યારે 'રાજ અતિથિ' તરીકે સ્વામીશ્રીને રેડ કાર્પેટ પર આવકારતાં રાજ પરિવાર વતી ઉપસ્થિત શેખ નહ્યાન સ્વામીશ્રીને ભેટી પડ્યા...



ગુરુહરિ પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં અબુધાબી ખાતે તા. ૨૦ એપ્રિલ, ૨૦૧૯ના રોજ યોજાઈ ગયો. એ અવસર હતો – અબુધાબીમાં રચાઈ રહેલા બી.એ.પી.એસ. હિન્દુ મંદિરનો ભવ્ય શિલાન્યાસ વિધિ.

આ અવસર માટે જ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ ૫૦થી વધુ સંતોના સંઘ સાથે યુ.એ.ઈ.ની ૧૧ દિવસીય યાત્રાએ પધાર્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના અનુગામી તરીકે યુ.એ.ઈ. ખાતેની તેઓની આ સર્વપ્રથમ ધર્મયાત્રા હતી.

યુ.એ.ઈ.ની ધરતી પર આગમન અને સ્વાગત

યુ.એ.ઈ.ની ધરતી પર પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પધરામણી થાય તે માટે યુ.એ.ઈ.ના ભારતીય સમાજ વતી અગ્રણી ભારતીય ઉદ્યોગપતિ શ્રી ડૉ. બી. આર. શેટ્ટી પોતાનું ચાર્ટર્ડ વિમાન લઈને ખૂબ ભક્તિભાવપૂર્વક સ્વામીશ્રીને અમદાવાદ ખાતે લેવા આવ્યા હતા. શ્રીહરિકૃષ્ણ મહારાજને લઈને સ્વામીશ્રી, ઈશ્વરચરણદાસ સ્વામી અને સંતવૃંદે ૧૮ એપ્રિલ, ૨૦૧૯ની સવારે બરાબર ૧૧-૦૦ વાગ્યે અમદાવાદ હવાઈ મથકેથી દુબઈ જવા પ્રસ્થાન કર્યું.

લગભગ અઢી કલાકની હવાઈ મુસાફરી બાદ દુબઈના સમય પ્રમાણે બરાબર મધ્યાહ્ને ૧૨-૩૦ વાગ્યે દુબઈના 'શેખ મકતુમ આંતરરાષ્ટ્રીય હવાઈમથક' પર સ્વામીશ્રીના વિમાને ઉતરાણ કર્યું ત્યારે હવાઈમથકે સ્વામીશ્રીનું સ્વાગત કરવા આવેલા હરિભક્તોમાં રોમાંચ છલકાઈ ઊઠ્યો હતો.

આજે સ્વામીશ્રીનું સ્વાગત કરવા માટે અબુધાબીના રાજવી પરિવારના વરિષ્ઠ સદસ્ય અને યુ.એ.ઈ.ના મંત્રીવર્ય શ્રી શેખ નહ્યાન મુબારક અલ નહ્યાન અને અન્ય આરબ ઉમરાવો ઍરપોર્ટ પર ઉપસ્થિત હતા. વિમાનમાંથી પ્રથમ ઠાકોરજી લઈને બ્રહ્મવિહારી સ્વામી ઊતર્યા અને ત્યારબાદ સ્વામીશ્રી ઊતર્યા ત્યારે ઍરપોર્ટ પર યુ.એ.ઈ.ની સરકાર તરફથી વિમાન સુધી લાલ જાજમ બિછાવીને તેઓનું વિશિષ્ટ સ્વાગત કરવામાં



'આપ એક આધ્યાત્મિક મહાપુરુષ છો તે મારા હૃદયમાં હું અનુભવી શકું છું.' – સ્વામીશ્રીનો હાથ પકડીને શેખ નહ્યાન તેઓને વિશિષ્ટ મહાનુભાવોના સ્વાગત કક્ષમાં લઈ આવ્યા અને સ્વામીશ્રીના આ પ્રથમ પરિચય સાથે જ તેઓ બોલી ઊઠ્યા. સ્વામીશ્રીને વધાવતાં યુ.એ.ઈ.ના બાળકોએ ભારતીય પરંપરા મુજબ વિવિધ વેશભૂષામાં એરપોર્ટ પર સ્વાગત નૃત્ય કર્યું...

આવ્યું. સ્વામીશ્રીએ યુ.એ.ઈ.ની ધરતી પર પ્રથમ પગલું માંડ્યું ત્યારે તેઓને વધાવવા માટે શ્રી શેખ નહ્યાન ઝડપથી પગલાં ભરતાં અન્ય આરબ ઉમરાવો સાથે વિમાનનાં સોપાનો સુધી આવી પહોંચ્યા અને સરકાર વતી સ્વામીશ્રીનું ઉષ્માભર્યું સ્વાગત કરતાં હસ્તધૂનન કરીને તેઓ ભાવપૂર્વક સ્વામીશ્રીને ભેટી પડ્યા હતા. સ્વામીશ્રીએ પણ તેમના પર ખૂબ સ્નેહ વરસાવ્યો. બ્રહ્મવિહારીદાસ સ્વામીએ મહંત સ્વામી મહારાજ વતી તેઓને જણાવ્યું કે સ્વામીશ્રી અહીં ભગવાન અને આ સમગ્ર દેશ પર તેઓના આશીર્વાદ લઈને અહીં પધાર્યા છે.

શ્રી શેખ નહ્યાને સ્વામીશ્રીને કહ્યું: 'અમે આપની આતુરતાથી પ્રતીક્ષા કરી રહ્યા હતા. આપના આશીર્વાદ અને આપના આગમનથી હું, અમારો દેશ અને અમારો આ સમગ્ર પ્રદેશ સહિત સૌ કોઈ ધન્ય થયા છીએ. આ યુ.એ.ઈ.ને આપ આપનું ઘર માનજો. આપના આ ઘરમાં જ આપનું સ્વાગત છે.'

ત્યારબાદ સ્વામીશ્રીનો હાથ પકડીને તેઓ બિછાવેલી લાલ જાજમ પરથી પસાર થઈને મહાનુભાવોના સત્કાર કક્ષમાં સ્વામીશ્રીને લઈ આવ્યા. મહંત સ્વામી મહારાજે તેઓને કહ્યું કે 'અમે થોડા મોડા પડ્યા અને આપને દૂરથી અહીં આવીને રાહ જોવી પડી તે બદલ અમે દિલગીર છીએ.' ત્યારે શ્રી શેખ નહ્યાને કહ્યું: 'આપના સ્વાગત માટે તો અમે અઠવાડિયાંઓ સુધી રાહ જોવા તૈયાર છીએ.'

એમ કહીને તેઓએ કહ્યું કે 'આપ એક આધ્યાત્મિક મહાપુરુષ છો. તે મારા હૃદયમાં હું અનુભવી શકું છું.'

ઉલ્લેખનીય છે કે પૂજ્ય મહંત સ્વામી મહારાજની યુ.એ.ઈ.ની ૧૧ દિવસીય આ યાત્રામાં તેઓને 'સ્ટેટ ગેસ્ટ' એટલે કે 'રાજ અતિથિ' તરીકેનું બહુમાન આપવામાં આવ્યું છે, જે થોડા સમય પૂર્વે ખ્રિસ્તી ધર્મના વડા નામદાર પોપ ફ્રાન્સીસને યુ.એ.ઈ.ની સરકાર દ્વારા આપવામાં આવ્યું હતું.

મહંત સ્વામી મહારાજ ખાસ મહાનુભાવોના કક્ષમાં પધાર્યા ત્યારે ભારતીય પારંપરિક વેશભૂષામાં બાળકોએ પુષ્પવર્ષા કરીને તેઓનું યુ.એ.ઈ.ની ભૂમિ પર અભિવાદન કર્યું. પૂજ્ય મહંત સ્વામી મહારાજ અને શેખ નહ્યાને આ પ્રસંગે શુભ સંકલ્પો સાથે યુ.એ.ઈ.ના શાસકો અને પ્રજા માટે માંગલિક પ્રાર્થનાઓ કરી હતી.



'અમે આપની આતુરતાથી પ્રતીક્ષા કરી રહ્યા હતા. આપના આશીર્વાદ અને આપના આગમનથી હું, અમારો દેશ અને અમારો આ સમગ્ર પ્રદેશ સહિત સૌ કોઈ ધન્ય થયા છીએ. આપના આ ઘરમાં જ આપનું સ્વાગત છે.'
એરપોર્ટ પર સ્વામીશ્રી, ઈશ્વરચરણદાસ સ્વામી અને ઠાકોરજીને વધાવતા યુ.એ.ઈ.ના અગ્રણી ભારતીયો અને શેખ નહ્યાન...

અહીંથી શ્રી રોહિતભાઈ પટેલની કારમાં બેસીને સ્વામીશ્રી જુમેરા પાર્ક ખાતે તેઓના નવનિર્મિત નિવાસસ્થાન પધાર્યા હતા. સ્વામીશ્રીના નિવાસ માટે તેઓએ પોતાનો વિશાળ બંગલો 'માનસરોવર' સજાવીને રાખ્યો હતો. માનસરોવરની બરાબર સામેના મેદાનમાં વિશાળ વાતાનુકૂલિત શમિયાણામાં રચાયેલો સુવિધાસજ્જ સભામંડપ હજારો ભક્તોની હકડેઠઠ મેદનીથી ઊભરાતો હતો. બપોરે ૧-૩૦ વાગ્યે સ્વામીશ્રી અહીં પધાર્યા. સ્વામીશ્રીના આગમન સાથે જ સૌએ જયજયકારો સાથે તેઓને વધાવ્યા. સ્વામીશ્રી મંચ પર પધાર્યા ત્યારે તેઓનાં એ કરુણાભર્યાં દર્શન માત્રથી અનેક હરિભક્તોની આંખોમાં હર્ષનાં અશ્રુ ઊભરાઈ આવ્યાં હતાં. સૌ વતી પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી અને અગ્રણી સંતોએ સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. બ્રહ્મવિહારીદાસ સ્વામી અને આત્મસ્વરૂપદાસ સ્વામીએ સંક્ષેપમાં સંબોધનો કર્યાં.

આજથી સતત ૮ દિવસ સુધી અહીં નિત્ય સત્સંગ કાર્યક્રમોની હેલી વરસવાની હતી. રોજ સવારે સ્વામીશ્રીની પ્રાતઃપૂજા અને સંધ્યા સભાના વિશિષ્ટ કાર્યક્રમો આ જ સભાગૃહમાં યોજાવાના હતા. સ્વામીશ્રીના કૃપાદૃષ્ટિ ભર્યા કૃપાશિષ પામીને યુ.એ.ઈ. અને અન્ય આરબ દેશોના હરિભક્તો તેમજ દેશ-વિદેશમાંથી ઊમટેલા હરિભક્તોએ ધન્યતા અનુભવી.

ત્યારબાદ સ્વામીશ્રીએ સભાગૃહની બરાબર સામે આવેલા ત્રણ વિશાળ વિલાના પરિસર 'માનસરોવર'નું વિધિવત્ ઉદ્‌ઘાટન કરીને તેમાં ઠાકોરજી સહિત પ્રવેશ કર્યો હતો.

અબુધાબીમાં શાનદાર શિલાન્યાસ મહોત્સવ

તા. ૨૦ એપ્રિલ, ૨૦૧૯. શનિવાર.

ચૈત્ર વદ પ્રતિપદા, વિક્રમ સંવત ૨૦૭૫.

આજનો દિવસ યુ.એ.ઈ.ના ઇતિહાસની એક અમર ક્ષણ બની રહેવાનો હતો. દુબઈ-અબુધાબી હાઈ-વે પર અલ રાભા ઉપનગરના કિનારે, આજે ૨૭ એકરની ભૂમિ પર નંદનવન ખડું થયું હતું. હાઈ-વે પરથી બી.એ.પી.એસ. હિન્દુ મંદિરની આ વિશાળ ભૂમિ પર પ્રવેશ કરતાં જ ભારત, યુ.એ.ઈ.ના રાષ્ટ્રધ્વજ ઉપરાંત વિવિધ રંગી ધ્વજાઓ અનોખા ઉત્સવનું વાતાવરણ ખડું કરતી હતી. સુશોભિત પ્રવેશદ્વારો, રેતીના એક ઊંચા ઢગ પર નિર્માણાધીન મંદિરની વિશાળ પ્રતિકૃતિ, બે વાતાનુકૂલિત અને અલંકારોથી મંડિત વિશાળ મહામંડપો, મહાનુભાવો માટે સુંદર મજલિસ - આ બધું જ સંતો અને સ્વયંસેવકોના દિવસ-રાતના પુરુષાર્થની છડી પોકારતું હતું.

જ્યાં શિલાન્યાસ વિધિ થવાનો હતો એ ૪૫,૦૦૦ ચોરસ ફૂટમાં ફેલાયેલો વિશાળ 'પ્રમુખસ્વામી મંડપમ્' સવારે ૮-૦૦ વાગ્યે દેશ-વિદેશના ૫૦૦૦ હરિભક્તોથી છલકાવા લાગ્યો હતો. આજે યુ.એ.ઈ. તથા મસ્કત, બાહરીન, કતાર, કુવૈત,

સાઉદી અરેબિયા વગેરે આરબ દેશો ઉપરાંત ભારત, કેન્યા, યુગાન્ડા, ટાન્ઝાનિયા, સાઉથ આફ્રિકા, ઇંગ્લૅન્ડ, ફ્રાન્સ, અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયા, સિંગાપોર, થાઈલેન્ડ વગેરે દેશોના નિમંત્રિત હરિભક્તો હજારોની સંખ્યામાં આ અવસરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

ભક્તો-ભાવિકો આજના શિલાન્યાસ વિધિ પ્રસંગે યજમાન પદે પૂજાવિધિનો લાભ લેવા માટે માંગલિક વસ્ત્રોમાં સુસજ્જ થઈ પોતપોતાના સ્થાને ગોઠવાઈ ગયા હતા. દરેક યજમાનની સુશોભિત ખુરશી સમક્ષ એક ટેબલ પર પૂજાસામગ્રી ઉપરાંત ભગવાનની મૂર્તિ વિરાજિત કરવામાં આવી હતી. સૌની સમક્ષ ૫૫ ફૂટ લાંબો, ૩૫ ફૂટ પહોળો અને છ ફૂટ ઊંડો વિશાળ ગર્ત (શિલાસ્થાપન માટેનો ખાડો) રચવામાં આવ્યો હતો, જેમાં મંદિરની પ્રથમ શિલાનું સ્થાપન થવાનું હતું. લાલરંગી જાજમ, ઝાલરો, પુષ્પસેરો અને વેદમંત્રોથી અલંકૃત આ ગર્ત અનોખી ઐતિહાસિક ઘટનાનો સાક્ષી બનવાનો હતો. ગર્તના પશ્ચિમ કિનારે એટલા જ કદનો વિશાળ મંચ પણ એવી જ શોભાથી અલંકૃત હતો. તેની પાર્શ્વભૂમાં મંચના પૂર્ણકદનો એલઈડી સ્ક્રીન આજના પ્રસંગને અનુરૂપ સતત બદલાતાં દૃશ્યોથી વિશેષ શોભા ઉમેરતો હતો. મંચ પર આજના મુખ્ય મહેમાનો માટે આરક્ષિત શ્વેત આસનો માંગલિક લાગતાં હતાં.

છેલ્લા કેટલાય દિવસોથી આજના આ કાર્યક્રમની તડામાર તૈયારીઓ ચાલી રહી હતી. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના સમર્પિત અને નિષ્ઠાવાન સ્વયંસેવકોના ભક્તિપૂર્ણ તનતોડ પુરુષાર્થની ગવાહી ઠેરઠેર નીરખવા મળતી હતી.

બરાબર ૯-૦૦ વાગે આજના શિલાન્યાસ મહોત્સવના પ્રથમ ચરણનો પ્રારંભ થયો. પ્રારંભમાં પ્રમુખસ્વામી મહારાજે કરેલા સંકલ્પથી લઈને આજના દિવસ સુધીની એક ઇતિહાસગાથા વર્ણવતો સંક્ષિપ્ત વીડિયો સૌએ માણ્યો. ત્યારબાદ ભગવાન શ્રી સ્વામિનારાયણ અને સર્વે અવતારો, સંતો-મહાપુરુષોના સ્મરણ સાથે શિલાન્યાસ નિમિત્તે મહાપૂજાવિધિનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. વિદ્વાન ભૂદેવો તથા વિદ્યાવારિધિ પૂજ્ય શ્રુતિપ્રકાશ સ્વામી અને સંતોએ મહાપૂજાનો વિધિ



દુબઈમાં ભક્તિપૂર્ણ સ્વાગત સભામાં મંચ પર બિરાજીને સૌ પર કૃપાશિષ વરસાવતા મહંત સ્વામી મહારાજ...



સ્વામીશ્રીના નિવાસ દરમ્યાન જુમેરા પાર્ક ખાતે દુબઈમાં અપૂર્વ ભવ્ય પંડાલ રચવામાં આવ્યો હતો, જ્યાં સતત ૮ દિવસ સત્સંગની હેલી વરસતી રહી...



દુબઈમાં સ્વામીશ્રીના નિવાસસ્થાન 'માનસરોવર'નું વિધિવત્ ઉદ્‌ઘાટન કરાવતા શ્રી રોહિતભાઈ પટેલ અને પરિવારજનો...



અબુધાબીના ઉપનગર અલરાધાના કિનારે બી.એ.પી.એસ. હિન્દુ મંદિરની વિશાળ ભૂમિ પર શિલાન્યાસ વિધિમાં ભાગ લેવા માટે યુ.એ.ઈ.ના ભારતીય અગ્રણીઓ ઉપરાંત દેશ-વિદેશના હજારો હરિભક્તો ઊમટ્યા હતા. યુ.એ.ઈ.ના ઇતિહાસમાં કોઈ હિન્દુ ધાર્મિક વિધિના કાર્યક્રમમાં આટલી મોટી સંખ્યામાં પ્રથમવાર સૌ એકત્રિત થયા હતા....

સવિસ્તર કરાવ્યો. આ મહાપૂજાની વિશેષતા એ હતી કે વચ્ચે વચ્ચે અંગ્રેજી-હિન્દી ભાષામાં પણ વિધિ-સૂચનાઓ સાથે તેની શાસ્ત્રોક્ત સમજૂતી આપવામાં આવતી હતી. વિશાળ ગર્તમાં મુખ્ય બ્રહ્મશિલાના પૂજન સ્થાને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના આંતરરાષ્ટ્રીય સંયોજક પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી બિરાજ્યા હતા. અન્ય ૮ શિલાઓની પૂજાવિધિ માટે આત્મસ્વરૂપદાસ સ્વામી, આનંદસ્વરૂપદાસ સ્વામી, જ્ઞાનેશ્વરદાસ સ્વામી તથા અગ્રણી મહાનુભાવો જોડાયા હતા. આ પ્રસંગે પ્રસિદ્ધ જૈન ધર્મગુરુ શ્રી રાકેશભાઈ ઝવેરી પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આરબ દેશો અને યુ.એ.ઈ.ના મૂર્ધન્ય ભારતીયો જેમ કે ડૉ. બી. આર. શેટ્ટી, શ્રી એસ. આર. રાવ, શ્રી યોગેશભાઈ મહેતા, શ્રી સુધીરભાઈ શેટ્ટી, શ્રી રોહિતભાઈ અને મનુભાઈ પટેલ, શ્રી ઘનશ્યામભાઈ પાગરાણી, શ્રી એસ. એમ. રાવ, શ્રી હર્ષદભાઈ, મહેતા, શ્રી રમેશ રામક્રિષ્નન્, શ્રી વાસુ શ્રોફ, શ્રી મહેશભાઈ પટેલ (દારેસલામ), શ્રી અમિતભાઈ પટેલ (બિલ), શ્રી લાઈ પો, શ્રી સોમસુન્દરમ્ લક્ષ્મણન્, શ્રી રોહિત ગુપ્તા, શ્રી સુરેન્દ્ર કંધારી, શ્રી કિરણ આશર, શ્રી બકુલભાઈ મહેતા વગેરે ઉપરાંત બી.એ.પી.એસ. સંસ્થાના વિદેશોનાં કેન્દ્રોના સૂત્રધારો તેમાં જોડાયા હતા. ગર્તની બહાર પણ સેંકડોની સંખ્યામાં વિવિધ ક્ષેત્રોના માંધાતાઓ પૂજાવિધિમાં જોડાયા હતા, જેમાં સિરિયાના પૂર્વ રાષ્ટ્રપ્રમુખના સુપુત્ર અને વિખ્યાત બેન્કર નઝીમ અલ કુદસી, રામ બક્ષાની, વિનોદભાઈ અદાની સહિતના મહાનુભાવોનો સમાવેશ થતો હતો. યુ.એ.ઈ.ના અનેક આરબ માંધાતાઓ પણ આ સમારોહમાં જોડાયા હતા. આજે આરબ દેશોના મીડિયાના ધુરંધરો પણ મોટી સંખ્યામાં ઊમટ્યા હતા. મંદિરની આર્કિટેક્ચર ડિઝાઈનિંગ કરનાર જગવિખ્યાત આર્કિટેક્ટ્સ સંસ્થા આર.એસ.પી.ના ચાઈનીઝ વડા શ્રીમાન લાઈ પણ આ મહાપૂજામાં જોડાયા હતા. પરમ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી અને સહપૂજકોએ વિધિવત્ શિલાપૂજન કર્યું, યંત્રપૂજન કર્યું, નિધિકુંભનું પૂજન કર્યું.

બરાબર ૧૦-૩૦ વાગ્યે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનું આગમન થયું. મંદિરની આ ભૂમિ પર તેમનો ચરણસ્પર્શ થતાં જ જાણે ભૂમિ ધન્ય થઈ ઊઠી. જયજયકારો ગુંજી ઊઠ્યા. સૌનાં હૃદય હર્ષથી પુલકિત થઈ ગયાં. વાતાવરણમાં



પથ્થરમાંથી નિર્મિત પરંપરાગત શૈલીના હિન્દુ મંદિરના શિલાન્યાસ પ્રસંગે એક તરફ હજારો હરિભક્તો પૂજાવિધિ કરી રહ્યા હતા તો બીજી તરફ સમાંતર પણે વિશાળ ગર્તમાં મુખ્ય યજમાનો સાથે ઈશ્વરચરણદાસ સ્વામી અને અન્ય સંતો પરંપરા મુજબ બ્રહ્મશિલા અને નિધિકુંભનું પૂજન કરી રહ્યા હતા. પ્રત્યેક વિધિને અંગ્રેજી અને હિન્દીમાં સુંદર રીતે નિરૂપવામાં આવતી હતી...

દિવ્યતા છવાઈ ગઈ. 'પ્રમુખસ્વામી મંડપમ્'માં માંગલિક સ્વાગત સ્વરોની ધૂન રેલાવા લાગી. સૌનું અભિવાદન ઝીલતાં ઝીલતાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ ભગવાન સ્વામિનારાયણની ચલમૂર્તિ શ્રીહરિકૃષ્ણ મહારાજ સાથે મુખ્ય ગર્તમાં પધાર્યા અને શિલાન્યાસ વિધિનો મુખ્ય વિધિ આરંભાયો.

બ્રહ્મવિહારીદાસ સ્વામીએ ચલમૂર્તિનું પૂજન કરી મહંત સ્વામીજીનું સ્વસ્તિવાચન કર્યું. ત્યારબાદ સ્વામીશ્રીએ ભારતીય પરંપરા મુજબ ઓજારોનું પૂજન કર્યું. ત્યારબાદ તેઓએ આ વિશાળ મંદિરના નિર્માણની પ્રક્રિયામાં જોડાયેલા શિલ્પી શ્રી વિપુલ સોમપુરા, સંજયભાઈ પરીખ, શ્રી જસબીરસિંઘ સાહની વગેરેનું પૂજન કરીને તેઓને આશીર્વાદ આપ્યા.

ત્યારબાદ મહંત સ્વામી મહારાજના હસ્તે બ્રહ્મશિલાના મુખ્ય ગર્તનું પૂજન કરવામાં આવ્યું, હિન્દુ પરંપરા મુજબ ખાતદેવતાઓનું પૂજન કરીને સ્વામીશ્રીએ ગર્તમાં સ્વર્ણિમ યંત્ર સ્થપિત કર્યું. ત્યારબાદ સ્વામીશ્રીએ વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે નિધિકુંભનું એટલે કે ગર્ભબીજનું સ્થાપન કર્યું અને તેના પર સ્વર્ણિમ લેલા વડે સિમેન્ટ સ્થાપન કર્યું. ત્યારબાદ આ પૂજિત અને સ્થાપિત બ્રહ્મશિલા પર અન્ય મહાનુભાવોએ પણ પૂજા-દ્રવ્યો પધરાવ્યાં.

ત્યારબાદ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ ગર્તમાંથી બહાર પધાર્યા અને પ્રમુખસ્વામી મંડપમ્‌ની સાથે જ જોડાયેલ 'મજલિસ' એટલે કે મહાનુભાવોના કક્ષમાં પધાર્યા. અહીં આજના પ્રસંગમાં ભાગ લેવા માટે અબુધાબીના રાજપરિવારના વરિષ્ઠ મહાનુભાવો અને અનેક આરબ ઉમરાવો ઉપસ્થિત હતા. તેમાં ખાસ કરીને યુ.એ.ઈ.ની સરકાર અને રાજપરિવાર વતી મંત્રીશ્રી શેખ ડૉ. થાની બિન અહમદ અલ ઝાઉદી, મંત્રીશ્રી ડો. અહમદ બિન અબ્દુલ્લા હમિદ બિલાવલ, કોમ્યુનિટી ડેવલપમેન્ટના ચેરમેન ડૉ. મુઘેર ખમિસ અલ ખલીલી વગેરે ઉપસ્થિત રહ્યા હતા. ભારત સરકાર વતી યુ.એ.ઈ. ખાતેના રાજદૂત શ્રી નવદીપ સૂરી પણ ઉપસ્થિત રહ્યા હતા. આ સર્વે મહાનુભાવોએ સ્નેહ-વાર્તાલાપ કરતાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને જણાવ્યું હતું કે આજના અવસરથી તેઓને અત્યંત ગૌરવ અનુભવાય છે. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદ મેળવીને એ સર્વે



મહંત સ્વામી મહારાજે શિલાન્યાસ વિધિનો મુખ્ય પૂજનવિધિ કર્યો. પુરોહિતોએ તેમના હસ્તે બ્રહ્મશિલાનું પૂજન કરાવીને
એ બ્રહ્મશિલા તથા નિધિકુંભને મધ્ય ગર્તમાં સ્થાપિત કરાવ્યો ત્યારે જયજયકારોથી ગગન ગુંજી ઊઠ્યું હતું.
સ્વામીશ્રીએ તેના પર સિમેન્ટ-રેતી પધરાવીને નિર્માણ પ્રક્રિયાનો વિધિવત્ આરંભ કર્યો...

મહાનુભાવોએ ધન્યતા અનુભવી હતી.

ત્યારબાદ એ સર્વે આરબ મહાનુભાવો સાથે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ પુનઃ વિશાળ સભાગારમાં પધાર્યા ત્યારે સૌએ જયજયકારોથી તેઓનું અભિવાદન કર્યું હતું. અબુધાબીના નામદાર રાજા શેખ ઝાયેદની વિશિષ્ટ કલાત્મક છબિનું વિમોચન કર્યા બાદ મહંત સ્વામી મહારાજે મહાનુભાવો સાથે ગર્તમાં જઈને શિલાન્યાસનો અંતિમ વિધિ સૌ સાથે કર્યો હતો. હિન્દુ વિધિવિધાનો મુજબ સૌએ બ્રહ્મશિલા પર પૂજિત ઈષ્ટિકાઓનું સ્થાપન કર્યું, તેના પર સિમેન્ટ પધરાવીને પુષ્પાંજલિ અર્પણ કરી. અંતે રજતકળશ વડે ગંગા-યમુના-સરસ્વતીનાં જળ બ્રહ્મશિલા પર સીંચીને સૌએ શિલાન્યાસ વિધિનો ઉપસંહાર કર્યો.



ત્યારબાદ પૂજ્ય મહંત સ્વામી મહારાજ, બી.એ.પી.એસ.ના સંયોજક પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી, યુ.એ.ઈ.ના વરિષ્ઠ મંત્રીશ્રીઓ અને રાજદૂત વગેરે સૌ મંચ પર બિરાજમાન થયા. યુ.એ.ઈ. અને ભારતનાં રાષ્ટ્રગીતોના ગાન વચ્ચે સૌએ બંને રાષ્ટ્રોને સન્માન આપ્યું. ત્યારબાદ મહંત સ્વામી મહારાજે સૌને પુષ્પહાર પહેરાવીને આશીર્વાદ આપ્યા.

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા વતી સૌનું અભિવાદન કરતાં બ્રહ્મ-વિહારીદાસ સ્વામીએ સ્વાગત પ્રવચન કર્યું. આ મંદિરના નિર્માણમાં જેમણે ખૂબ ઉદારતાપૂર્વક ૨૭ એકર ભૂમિનું દાન કર્યું છે, એટલું જ નહીં પરંતુ, મંદિર- નિર્માણ માટે જરૂરી તમામ કાર્યવાહીઓમાં ખૂબ ઉદાર દિલે સાથ આપ્યો છે એવા યુ.એ.ઈ.ના શાસકો – અબુધાબીના રાજા શ્રી શેખ ખલીફા બિન ઝાયેદ અલ



શિલાન્યાસ વિધિ પ્રસંગે આ ધાર્મિક હિન્દુ વિધિમાં ભાગ લેવા માટે યુ.એ.ઈ.ના શાસકો વતી સરકારના વરિષ્ઠ આરબ મંત્રીઓ તથા ભારતીય રાજદૂત સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. મહંત સ્વામી મહારાજ સાથે તેમણે શિલાન્યાસ વિધિમાં સ્વહસ્તે પ્રથમ ઇંટ મૂકી, પુષ્પાંજલિ અર્પી, તેમજ ગંગા-યમુનાનાં નીર સીંચ્યાં અને મંદિરના પાયામાં સંવાદિતાનું પ્રેરક ઉદાહરણ પૂરું પાડ્યું...

નહ્યાન, ક્રાઉન પ્રિન્સ શ્રી શેખ મહંમદ બિન ઝાયેદ અલ નહ્યાન, શ્રી શેખ અબ્દુલ બિન ઝાયેદ અલ નહ્યાન તેમજ શેખ નહ્યાન બિન મુબારક અલ નહ્યાનનો હૃદયપૂર્વક ખાસ આભાર માન્યો હતો.

તેઓએ જણાવ્યું કે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સન ૨૦૧૫ અને સન ૨૦૧૮માં અહીં પધારીને આ મંદિરની વિધિવત્ જાહેરાત કરી ત્યારે અહીં વસતા ૩૩ લાખ ભારતીયોમાં ઉત્સાહનું એક અનોખું મોજું ફરી વળ્યું હતું. એવો જ ઉત્સાહ આજે શિલાન્યાસ પ્રસંગે જોઈ શકાય છે.

તેમણે ખાસ ઉલ્લેખ કર્યો હતો કે અહીંના મંદિર નિર્માણની ડિઝાઈન ક્રાઉન પ્રિન્સ સમક્ષ રજૂ કરવામાં આવી ત્યારે બે વિકલ્પો તેમની સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. એક, બંધ મકાનમાં અંદર મંદિરનું સર્જન, બીજું ખુલ્લા આકાશમાં ગગનચુંબી શિખરોથી શોભતું મંદિર. ત્યારે અબુધાબીના ક્રાઉન પ્રિન્સે ખૂબ ઉદાર દિલે ખુલ્લા ગગનમાં ધજા ફરકાવતું ગગનચુંબી શિખરયુક્ત હિન્દુ મંદિર રચવાનો વિકલ્પ પસંદ કર્યો હતો. એક ઇસ્લામિક દેશની ભૂમિ પર રચાઈ રહેલા આ હિન્દુ મંદિરના આર્કિટેક્ચરલ પ્લાનિંગનું કાર્ય એક કેથલિક ખ્રિસ્તી આર્કિટેક્ટે કર્યું છે. અને સમગ્ર પ્રોજેક્ટના માસ્ટર પ્લાનિંગનું સૂત્ર કોમ્યુનિસ્ટ ચીનના વતની અને વિખ્યાત આર્કિટેક્ટ શ્રીમાન લાઈએ સંભાળ્યું છે. આવા અનેક સાથ-સહકારથી પુરવાર થયું છે કે આ મંદિર સાચે જ સંવાદિતા અને સ્નેહનું એક અનોખું પ્રતીક બન્યું છે.

યુ.એ.ઈ.ની સરકારે પ્રારંભમાં આ બી.એ.પી.એસ. હિન્દુ મંદિરના નિર્માણ માટે અઢી એકર ભૂમિ ફાળવી હતી. પરંતુ જ્યારે અબુધાબીના ક્રાઉન પ્રિન્સ સમક્ષ મંદિરની વિવિધ સુવિધાઓ માટે વધુ ભૂમિની અપેક્ષા વ્યક્ત કરવામાં આવી ત્યારે તેઓએ ઉદારતાપૂર્વક ૧૩.૫ એકર ભૂમિનું દાન કર્યું. એટલું જ નહીં શેખ અબ્દુલ્લા બિન ઝાયેદ અલ નહ્યાને દિલ્હીના અક્ષરધામની મુલાકાત લેતાં અનુભવ્યું કે અબુધાબીના આ મંદિર માટે હજુ વધુ વ્યવસ્થાઓ આપવી જોઈએ. તેઓએ જાણ્યું કે મંદિરનું પાર્કિંગ મંદિરના અંડરગ્રાઉન્ડ તળ પર કરવામાં આવશે ત્યારે તેઓએ પુનઃ ઉદારતાપૂર્વક પાર્કિંગ માટે બીજા ૧૩.૫ એકરની ભૂમિનું દાન કર્યું. અને આમ કુલ ૨૭



અબુધાબીમાં બી.એ.પી.એસ. હિન્દુ મંદિરના શિલાન્યાસ મહોત્સવના ભવ્ય મંચ પર સ્વામીશ્રી અને સંતો સાથે મહાનુભાવોઃ (ડાબેથી જમણી તરફ) યુ.એ.ઈ.ના ભારતીય અગ્રણી ડો. બી. આર. શેટ્ટી, યુ.એ.ઈ. ખાતેના ભારતીય રાજદૂત શ્રી નવદીપ સૂરી, મંત્રીશ્રી ડો. અહમદ બિન અબ્દુલ્લા હમિદ બિલાવલ, ડો. થાની બિન અહમદ અલ ઝાઉદી, ડો. મુઘેર ખમિસ અલ ખલીલી વગેરે...

એકરની ભૂમિ પર આ વિશાળ મંદિરનું પરિસર ફેલાઈ ગયું.

અબુધાબીના શાસકોની આ ઉદાર ભાવના બી.એ.પી.એસ. મંદિરના પાયામાં યુગો સુધી ધરબાયેલી રહેશે, જે આવનારી અનેક પેઢીઓને સહિષ્ણુતાની પ્રેરણા આપતી રહેશે.

અહીં હિન્દુ મંદિર થવું જોઈએ તો શ્રેષ્ઠ અને સુંદરતમ જ થવું જોઈએ – એવો તેઓનો સંવાદિતાપૂર્ણ અભિગમ આવનારી અનેક પેઢીઓ કૃતજ્ઞતાપૂર્વક યાદ કરશે એ નિશ્ચિત છે.' આવી અનેક અહોભાવ જન્માવે તેવી અનેક વિગતો આપીને બ્રહ્મવિહારીદાસ સ્વામીએ મંદિરનિર્માણમાં સહયોગ આપનારા સૌનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

યુ.એ.ઈ. ખાતેના ભારતીય રાજદૂત શ્રી નવદીપ સૂરીએ સંબોધન કરતાં જણાવ્યું હતું કે 'આવી ઘટના હજારો વર્ષોમાં ક્યારેક જ બને છે. અબુધાબીની ધરતી પર પૂજ્ય મહંત સ્વામી મહારાજના આ પ્રથમ આગમન બદલ હું તેઓનો હાર્દિક સત્કાર કરું છું. આ મંદિર-નિર્માણની યાત્રાનો હું સાક્ષી છું. શેખ અબ્દુલ્લા બિન ઝાયેદ અલ નહ્યાન સમક્ષ અમે મંદિરના વિકલ્પો લઈને ગયા ત્યારે બે વિકલ્પો હતા. મને વિશ્વાસ છે કે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દરેક દેશની સ્થાનિક પરંપરાને ખૂબ ચોક્કસાઈપૂર્વક જાળવીને મંદિર નિર્માણ કરે છે. ગત વર્ષે ૨૬ જાન્યુઆરીના કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે શેખ અબ્દુલ્લા અમારે ત્યાં આવ્યા હતા ત્યારે તેમણે મને વ્યક્તિગત રીતે શ્રી ક્રાઉન પ્રિન્સ સાથેના તેમના વાર્તાલાપનો સાર કહેતાં જણાવ્યું હતું કે 'શ્રી ક્રાઉન પ્રિન્સે મને કહ્યું છે કે અબુધાબીમાં હિન્દુ મંદિર થવું જોઈએ તેમાં આપણે સંમત થયા છીએ તો, એ મંદિર, મંદિર જેવું જ લાગવું જોઈએ. શા માટે તે બીજી સામાન્ય ઈમારત જેવું બને?'

આ સ્પષ્ટતા સાથે તેમણે આ મંદિરનિર્માણ પ્રત્યેની ઉદારતા ક્રિયામાં મૂકી બતાવી છે.

બીજી એવી જ અગત્યની બાબત હતી - આ મંદિરના નિર્માણ માટે સંપૂર્ણ કટિબદ્ધતાની. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા પોતાની અદ્ભુત મૅનેજમૅન્ટ ક્ષમતા સાથે, એક પવિત્ર મિશન સાથે આ મંદિરનિર્માણનો પ્રોજેક્ટ કરી રહી છે. આજે નિર્માણનો શુભારંભ થાય છે. આજના આ ઐતિહાસિક દિવસને આપણી આગામી પેઢીઓ યાદ કરશે,






શિલાન્યાસ મહોત્સવના કેટલાંક સ્મરણીય દૃશ્યોઃ (૧) શ્રીમદ્ રાજચંદ્રના સિદ્ધાંતોના પ્રસિદ્ધ પ્રચારક ધર્મગુરુ શ્રી રાકેશભાઈ ઝવેરી સ્વામીશ્રી સાથે, (૨) કોમ્યુનિટી ડેવલપમેન્ટ મંત્રાલયના ચેરમેન ડો. મુઘેર ખમિસ અલ ખલીલી સાથે સ્વામીશ્રી, (૩) આરબ ઉમરાવોના બાળકોને આશીર્વાદ આપતા સ્વામીશ્રી, (૪) યુ.એ.ઈ.ના રાષ્ટ્રપિતા શેખ ઝાયેદની કલાકૃતિનું અનાવરણ કરતા સ્વામીશ્રી.

અને આ મંદિરને સાકાર બનાવનાર સૌને યાદ કરશે.'

એમ કહીને તેઓએ ભારતના વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ પ્રસંગે મોકલેલા એક ઉષ્માસભર શુભેચ્છા પત્રનું પઠન કર્યું હતું.

માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શુભેચ્છા પત્ર દ્વારા જણાવ્યું હતું કે 'આ મંદિર વૈશ્વિક માનવીય મૂલ્યો અને આધ્યાત્મિક વૈભવનું પ્રતીક બનશે, ભારત અને યુ.એ.ઈ.ના વારસાને ઉજાગર કરશે. આ મંદિર 'વસુધૈવ કુટુંબકમ્' જેવાં સમયાતીત વૈદિક મૂલ્યોનું પ્રતીક છે. ૧૩૦ કરોડ ભારતીયો વતી હું આ મંદિરના નિર્માણને વધાવું છું.' એમ કહીને તેઓએ અબુધાબીના ક્રાઉન પ્રિન્સ શેખ મહમ્મદ બિન ઝાયેદ અલ નહ્યાન અને શેખ નહ્યાન બિન મુબારકનો પણ હૃદયપૂર્વક આભાર માન્યો હતો. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ શુભેચ્છા સંદેશમાં પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનું ખાસ સ્મરણ કરીને જણાવ્યું હતું કે 'તેઓના આશીર્વાદ હંમેશાં આપણી સાથે રહેશે અને આપણને હંમેશાં પ્રેરણા આપતા રહેશે. આ મંદિર ભારતનાં શ્રદ્ધા, સંવાદિતા અને પ્રેમનાં સનાતન મૂલ્યોને પ્રતિબિંબિત કરશે. મને વિશ્વાસ છે કે આ મંદિર યુ.એ.ઈ.માં વસતા ૩૩ લાખ ભારતીયો ઉપરાંત અન્ય અનેક સંસ્કૃતિઓ અને સમુદાયોને માટે પણ પ્રેરણાનો સ્રોત બની રહેશે.'

ત્યારબાદ યુ.એ.ઈ.ની સરકાર વતી વરિષ્ઠ લોકનેતા અને કોમ્યુનિટી ડેવલપમેન્ટ મંત્રાલયના ચેરમેન ડો. મુઘેર ખમિસ અલ ખલીલીએ અરબી ભાષામાં સંબોધન કર્યું હતું. તેઓએ જણાવ્યું હતું કે 'આ મંદિર બંને દેશોના સાંસ્કૃતિક વારસાનું પરિણામ છે. તે બંને દેશોના દૃઢ સંબંધોનું પ્રતીક બની રહેશે. આ હિન્દુ મંદિરના શિલાન્યાસ વિધિ પ્રસંગે ઉપસ્થિત રહેતાં મને ખૂબ આનંદ થાય છે. આ મંદિર યુ.એ.ઈ. અને અબુધાબીના સહિષ્ણુતા અને સદ્‌ભાવનાના મહાન મૂલ્યોનું પણ પ્રતીક છે. આ મંદિર લાયસન્સ નંબર ૦૦૧ ધરાવે છે, તે અહીંના ઈતિહાસમાં એક અનોખું મહત્ત્વ ધરાવે છે. સંવાદિતાની દૃષ્ટિએ પણ તેનું ખૂબ મહત્વ છે. અમારા આ દેશની ભૂમિ પર મહંત સ્વામી મહારાજ પધાર્યા છે. હું તેઓનું અહીંની સરકાર વતી હાર્દિક અભિવાદન કરું છું.'

ત્યારબાદ યુ.એ.ઈ.ના મૂર્ધન્ય (અનુસંધાન પૃષ્ઠ ૪૯ પર)



અબુધાબીના રાજવી શેખ નહ્‌યાનની
શાહી મજલિસમાં મહંત સ્વામી મહારાજની પધરામણી...

વિશ્વપ્રસિદ્ધ ભવ્ય શેખ ઝાયેદ મસ્જિદમાં
મહંત સ્વામી મહારાજ અને સંતવૃંદઃ
જ્યારે સંવાદિતાની મહોરી ઊઠી વસંત...

યુ.એ.ઈ. અને અખાતી આરબ દેશોના રાજ પરિવાર સાથે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનો સંબંધ અહીંના ઇતિહાસમાં એક અમર પૃષ્ઠ બનીને રહ્યો છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખ-સ્વામી મહારાજની આરબ દેશોની યાત્રા દરમ્યાન બાહરીનના રાજા શેખ અમીર ઈસા બિન સલમાન અલ ખલીફા, પ્રાઈમ મિનિસ્ટર પ્રિન્સ ખલીફા બિન સલમાન અલ ખલીફા, શારજાહના રાજવી પરિવારના શ્રી શેખ હામદ, મસ્કતના રાજવી શેખ સૈયદ સૈફ બિન હામદ બિન સાઉદ અલ બુસાયદી તેમજ દુબઈના આરબ ઉમરાવો વગેરે સાથેની તેમની સ્નેહસભર મુલાકાતો સૌનાં દિલોદિમાગ પર અનોખો દિવ્ય પ્રભાવ પાથરી ગઈ છે.

પ્રમુખસ્વામી મહારાજના આધ્યાત્મિક અનુગામી પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ તાજેતરમાં અબુધાબી ખાતે પધાર્યા ત્યારે પુનઃ એ જ ઇતિહાસ જાણે દોહરાયો હતો. અબુધાબીના રાજપરિવાર વતી શેખ નહ્‌યાને પૂજ્ય મહંત સ્વામી મહારાજને ૫૦ સંતોના વૃંદ સાથે પોતાની શાહી મજલિસ (ખાસ મહાનુભાવો માટેનું મુલાકાત સ્થળ) પર નિમંત્રિત કર્યા હતા. ભગવાન સ્વામિનારાયણ શ્રી હરિકૃષ્ણ મહારાજની ચલમૂર્તિ સાથે પરમ પૂજ્ય સ્વામીશ્રી શેખ નહ્‌યાનની મજલિસમાં પધાર્યા ત્યારે તેઓને આવકારતાં શેખ નહ્‌યાન ભાવવિભોર થઈ ગયા હતા.

સ્વામીશ્રી અને શ્રીહરિકૃષ્ણ મહારાજનું ભાવપૂર્ણ સ્વાગત

કરતાં તેઓએ કહ્યું હતુંઃ 'આપે અમારી આ મજલિસ પાવન કરી માટે આપનો હૃદયપૂર્વક આભાર.' ગઈકાલે શિલાન્યાસ વિધિમાં તેઓ જોડાઈ શક્યા નહોતા, પરંતુ મહંત સ્વામી મહારાજે તેઓનું ભાવસ્મરણ કર્યું હતું એ વાત સાંભળતાં જ તેઓએ કહ્યુંઃ 'એ મારું સદ્‌ભાગ્ય છે.'

મંદિર-નિર્માણની ભૂમિકા બાંધતો વીડિયો તેઓએ નિહાળ્યો હતો તેની સ્મૃતિ કરતાં તેઓએ કહ્યું કે 'મંદિરનો એ વીડિયો જોઈને હું ખૂબ પ્રભાવિત થયો છું. હું પ્રાર્થના કરું છું કે આપ વહેલામાં વહેલી તકે એના ઉદ્‌ઘાટનમાં પધારો.'

આજે ખૂબ મોટી સંખ્યામાં સાધુ-સંતોને અહીં ઉપસ્થિત જોઈને તેઓ વિશેષ ભાવમય બન્યા હતા.

તેઓએ પૂર્વેની એક મુલાકાતમાં પૂજ્ય બ્રહ્મવિહારી સ્વામીને કહ્યું હતું કે 'મારો હાથ પકડી રાખજો, અને છેક સ્વર્ગ સુધી લઈ જજો.' એ વાતનું સ્મરણ કરી બ્રહ્મવિહારી સ્વામીએ કહ્યું, 'આજે તમારો હાથ પૂજ્ય મહંત સ્વામી મહારાજે ઝાલ્યો છે, તેઓ એવા સમર્થ સંત છે કે તમને ભગવાનના દિવ્ય ધામ સુધી લઈ જઈ શકે.'

આ સાંભળતાં સ્મિત કરીને શેખ નહ્‌યાને સ્વામીશ્રીને કહ્યુંઃ 'આપના આશીર્વાદ મને અને મારા પરિવારજનોને મળે એવી ઇચ્છા રાખું છું. આપ અમારા ધર્મગુરુ જ છો. આપ જે બોધ આપો છો, આપની જે વાણી અને વિચારો છે તેને અનુસરવાની હું ઇચ્છા રાખું છું.'

તેઓના આ સ્નેહ બદલ તેમનો હાથ વધુ સ્નેહપૂર્વક ઝાલીને સ્વામીશ્રીએ તેમના પર કૃપાદૃષ્ટિ વરસાવી.

ત્યારબાદ સ્વામીશ્રીએ તેઓને સ્મૃતિભેટ રૂપે કલામંડિત સ્વર્ણિમ કળશ અર્પ્યો હતો.

અહીંથી શેખ નહ્‌યાન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને પોતાની કારમાં સાથે લઈ જઈને યુ.એ.ઈ.ની વિખ્યાત મસ્જિદ 'શેખ ઝાયેદ ગ્રાન્ડ મોસ્ક' ખાતે લઈ જવાના હતા. સ્વામીશ્રીને પોતાની કારમાં લઈ જઈને જાતે જ કાર હંકારતાં હંકારતાં શેખ નહ્‌યાન એક અવર્ણનીય આનંદનો અનુભવ કરી રહ્યા હતા. ફરીથી માર્ગમાં મંદિરનો વીડિયો નિહાળ્યાની વાત તેમણે કરી. તે અંગે પ્રતિભાવ આપતાં તેમણે કહ્યુંઃ 'આ મંદિર મારી કલ્પના કરતાં ખૂબ વધુ સુંદર બનશે. મંદિર એક માસ્ટર પીસ બનશે.'

માર્ગમાં તેઓની સાથે આવો વાર્તાલાપ થતો રહ્યો. માર્ગમાં તેઓએ વારંવાર ગઈકાલે ન આવી શકવા બદલ ખેદ વ્યક્ત કર્યો ત્યારે સ્વામીશ્રીએ તેઓને કહ્યુંઃ 'જે થયું તે સારું થયું. તમે ન આવી શક્યા અને આપણે અત્યારે મળ્યા તેને કારણે આપણે એકબીજાની વધારે નજીક આવ્યા છીએ.'

ગ્રાન્ડ મોસ્કના દ્વારે પહોંચ્યા ત્યારે તેઓએ સ્વામીશ્રીને કહ્યુંઃ

જગપ્રસિદ્ધ મસ્જિદ 'શેખ ઝાયેદ ગ્રાન્ડ મોસ્ક'માં શેખ નહ્‌યાન તથા સ્થાનિક ધર્મગુરુઓ સાથે સ્વામીશ્રીની સ્મરણીય છબિ...



'અત્યાર સુધી યુ.એ.ઈ.માં એક અદ્‌ભુત દર્શનીય સ્થાન તરીકે આ મસ્જિદ પ્રખ્યાત છે. હવેથી અબુધાબીમાં બે અદ્‌ભુત આકર્ષણરૂપ સ્થળો હશે. એક આ ગ્રાન્ડ મોસ્ક અને મંદિર થયા પછી તે બીજું સર્વોત્તમ આકર્ષણરૂપ અદ્‌ભુત સ્થળ બનશે.'

ઉલ્લેખનીય છે કે ૬૦ લાખથી વધુ યાત્રિકો દર વર્ષે આ ગ્રાન્ડ મોસ્ક એટલે કે 'ભવ્ય મસ્જિદ'ની મુલાકાતે આવે છે. આ મસ્જિદને વિશ્વના પ્રસિદ્ધ નજરાણાંઓમાંનું એક અનોખું નજરાણું ગણવામાં આવે છે.

પરમ પૂજ્ય સ્વામીશ્રી મસ્જિદના ઉત્તર કક્ષમાંથી અંદર પ્રવેશ્યા ત્યારે 'ગ્રાન્ડ મોસ્ક'ના ડાઈરેક્ટર જનરલ અને ઈસ્લામિક પરંપરાના પ્રખર વિદ્વાન ધર્મગુરુ ડૉ. યુસુફ અબ્દુલ્લાહ અલોબૈદલીએ પરમ પૂજ્ય સ્વામીશ્રીને ઉષ્માભર્યા વંદન કરી તેમને વધાવ્યા. મસ્જિદની મુલાકાતે આવનાર આ મહાન ધર્મગુરુ પ્રત્યે તેમનો અહોભાવ સહેજે વ્યક્ત થતો હતો. તેઓની સાથે ઈસ્લામિક પરંપરાના પ્રખર વિદ્વાન ડૉ. અબ્દુલ્લાહ પણ જોડાયા હતા. તેઓએ અને અન્ય અધિકારીઓએ સ્વામીશ્રી સમક્ષ આ ભવ્યાતિભવ્ય મસ્જિદની કેટલીક વિશેષતાઓ વર્ણવી. આ દરમ્યાન સતત સ્વામીશ્રીનો હાથ પકડીને શેખ અલ નહ્‌યાને સ્વામીશ્રીના જાણે એક સેવક હોય એ જ રીતે સ્વામીશ્રીની સેવા કરવાનો લહાવો લીધો હતો.

અહીંથી સ્વામીશ્રી આ મસ્જિદના વિશાળ, કલામંડિત, સમૃદ્ધ અને ભવ્ય પ્રાર્થનાખંડમાં પધાર્યા. અહીં એક સાથે હજારો લોકો નમાજ પઢી શકે તે માટે વિશાળ કાર્પેટ બિછાવેલી છે, જેમાં ૨.૨ અબજ ટાકાઓથી અદ્‌ભુત ગૂંથણી કરવામાં આવી છે. આ પ્રાર્થનાખંડની નાની મોટી અનેક વિશેષતાઓ સ્વામીશ્રી સમક્ષ વર્ણવવામાં આવી. આ પ્રાર્થનાખંડમાં આરબ ભૂમિની ઘણી બધી સાંસ્કૃતિક વિશેષતાઓને સુંદર રીતે ગૂંથી લેવામાં આવી હતી. તેનો પણ પરિચય અપાયો. તેનું ભવ્ય કલામંડિત ઝુમ્મર જોઈને સ્વામીશ્રીએ કહ્યું કે 'આ ઝુમ્મરમાં અહીંની ખજૂરીના વૃક્ષની પ્રતિકૃતિ દેખાય છે.' શેખ નહ્‌યાન અને ડાઈરેક્ટર જનરલ શ્રી યુસુફે એમાં સંમતિ પુરાવતાં તેની વિશેષતાઓ વર્ણવી. રમઝાન દરમ્યાન અહીં ઉપવાસનાં પારણાં કરતાં હજારો લોકોની વિશેષતાઓ પણ તેમણે સ્વામીશ્રી સમક્ષ વર્ણવી.

અહીંથી પૂર્વ તરફના દ્વારેથી સ્વામીશ્રી બહાર પધાર્યા અને ઉત્તર તરફની પરિક્રમામાં પધાર્યા ત્યારે માર્ગમાં ડૉ. યુસુફ મસ્જિદની અન્ય આકર્ષક વિગતો વર્ણવતા રહ્યા. અંતે સ્વામીશ્રી અને સંતવૃંદ સાથે એક સ્મૃતિછબિ લેવાની તેઓની ઈચ્છા હતી. સ્વામીશ્રીએ તે પૂરી કરીને તેઓને આશીર્વાદ સાથે શુભેચ્છાઓ પાઠવી. તેમણે સ્વામીશ્રીને સ્મૃતિભેટ અર્પણ કરી. મહાનુભાવોની અભિપ્રાય પોથીમાં સ્વામીશ્રીએ કહ્યા મુજબ બ્રહ્મવિહારી સ્વામીએ સંવાદિતાના સંદેશની નોંધ કરી, અંતે ખૂબ સુંદર હસ્તાક્ષરમાં ઉમેરતાં સ્વામીશ્રીએ લખ્યુંઃ 'Heartiest Pranams to everyone who visits this place.' એમ નોંધીને સ્વામીશ્રીએ હસ્તાક્ષર કર્યા. સ્વામીશ્રીના આ આગમન બદલ સમગ્ર મસ્જિદ પરિવારો વતી ડૉ. યુસુફે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો.

અહીંથી સ્વામીશ્રી બહાર પધાર્યા ત્યારે શેખ નહ્‌યાન અને ડૉ. યુસુફે માહિતી આપતાં કહ્યું કે 'સામે ગુંબજ દેખાય છે ત્યાં અમારા રાષ્ટ્રપિતા શેખ ઝાયેદને દફનાવવામાં આવ્યા છે. અહીં ૨૪ કલાક કુરાનનો પાઠ થયા કરે છે.' સ્વામીશ્રીએ એ સાંભળતાં જ આંખો મીંચીને શેખ ઝાયેદ માટે મનોમન પ્રાર્થના કરી. પછી કહ્યું કે 'ગુણાતીતાનંદ સ્વામી પણ આઠ પુરાણીઓ રાખીને ૨૪ કલાક કથા કરાવતા હતા.'

અહીંથી ગ્રાન્ડ મોસ્કની ગોલ્ફ કારમાં સ્વામીશ્રીને બેસાડીને જાતે હંકારતા શેખ નહ્‌યાન તેઓને અહીંના પ્રસિદ્ધ શહીદ સ્મારક તરફ લઈ ગયા. તેમણે સ્વામીશ્રીને કહ્યું કે 'આપની ગોલ્ફ કાર ચલાવવી તે મારા માટે સન્માનનો વિષય છે. આપ મારા ગુરુ છો.'

મસ્જિદની પૂર્વ બાજુએ શહીદ સ્મારક સમક્ષ સ્વામીશ્રીની ગોલ્ફ કારને ઊભી રાખીને શેખ નહ્‌યાને તેનું વર્ણન કર્યું ત્યારે સ્વામીશ્રીએ આંખો મીંચીને શહીદો માટે એકાગ્ર ચિત્તે પ્રાર્થના કરી. આરબ સંસ્કૃતિ પ્રમાણે શહીદો માટે પ્રાર્થના કરવી એ ખૂબ મહાન બાબત ગણાય છે. એકાગ્ર ચિત્તે પ્રાર્થના કરતા સ્વામીશ્રીને નીરખીને શેખ નહ્‌યાનની આંખો પણ ભીની થઈ ગઈ હતી.

અહીંથી શેખ નહ્‌યાન સ્વામીશ્રીની ગોલ્ફ કારને હંકારીને હેલિપેડ તરફ લઈ જઈ રહ્યા હતા. તેઓનું હેલિકૉપ્ટર સ્વામીશ્રીને દુબઈ ખાતે મૂકવા જવાનું હતું. માર્ગમાં પણ શેખ નહ્‌યાન અને સ્વામીશ્રી વચ્ચે આધ્યાત્મિક વાર્તાલાપ થતો રહ્યો. સ્વામીશ્રીએ કહ્યુંઃ 'આધ્યાત્મિક મહાપુરુષોમાં એકતા હોય છે, પરંતુ એમના અનુયાયીઓમાં અજ્ઞાનને કારણે ઝઘડા થતા હોય છે.' સ્વામીશ્રીની આ વાતથી એકદમ પ્રભાવિત થતાં શેખ નહ્‌યાને કહ્યુંઃ 'જે લોકો ઝઘડે છે તે ભગવાન માટે નહીં, પરંતુ પોતાના વ્યક્તિગત સ્વાર્થ માટે ઝઘડે છે.'

વાર્તાલાપ દરમ્યાન સ્વામીશ્રીએ શેખ નહ્‌યાનને એમ પણ કહ્યું કે 'અનેક નોકરચાકર હોવા છતાં તમે જાતે તમારાં માતાપિતાની ખૂબ સેવા કરી છે તેથી તેમના આશીર્વાદથી તમને આવા ઉત્તમ વિચારો આવે છે. આ એક ગુણ એવો છે કે તેમાંથી બધા ગુણો આવે છે.'

શેખ નહ્‌યાન પર પોતાની પ્રસન્નતા વરસાવતા સ્વામીશ્રી સાતથી આઠ વખત તેઓને ભેટી પડ્યા હતા. વિદાય વેળાએ પણ શેખ નહ્‌યાને સ્વામીશ્રીને આશ્લેષમાં લઈ લીધા. સ્વામીશ્રીને ઠાકોરજી સહિત પોતાના હેલિકૉપ્ટરમાં પધરાવીને શેખ નહ્‌યાને ભાવભીની વિદાય આપી. હેલિકૉપ્ટર આકાશમાં અદૃશ્ય થયું ત્યાં સુધી તેઓ હાથ હલાવીને સ્વામીશ્રીને વિદાય આપતા રહ્યા.

આમ, મહંત સ્વામી મહારાજની અબુધાબી ખાતેની આ યાત્રા સંવાદિતા, સ્નેહ અને સહિષ્ણુતાની એક અનોખી યાત્રા બની રહી હતી. (અહેવાલઃ સાધુ અક્ષરવત્સલદાસ) ◆

નવનિર્મિત ૧૨ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવોની મહોરી ઊઠી વસંત...

સમાજમાં સંસ્કારોની ગંગા વહાવે તે મંદિર
આંતરશુદ્ધિની પ્રેરણા આપતું રહે તે મંદિર
સમર્પણ-સેવા-સંયમ ને સદાચારના સદ્‌ગુણોના પાઠો શીખવે છે તે મંદિર!
સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણના સંકલ્પથી અને ગુણાતીત ગુરુવર્યોના આશીર્વાદથી
વૈદિક અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનાં મંદિરોની સર્જનશૃંખલા વિવિધ ગામો અને શહેરોમાં
ભક્તિની ભાગીરથી વહાવી રહી છે. ભક્તિથી ધબકતાં, ધર્મથી મહોરતાં, વૈરાગ્યથી વિભૂષિત,
જ્ઞાનથી ગુંજતાં અને સેવાની સૌરભ પ્રસરાવતાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોની મૌક્તિક માળામાં
તાજેતરમાં વધુ ૧૨ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર ઉમેરાયાં છે.
પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓના સ્થાપનવિધિ ઉત્સવો
આ મંદિરોમાં શાનદાર રીતે યોજાઈ ગયા. તેની એક ઝલક અહીં પ્રસ્તુત છે...

બાંગાપુરા ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

છોટા ઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના બાંગાપુરા ગામ ખાતે નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ તાજેતરમાં ભક્તિભાવપૂર્વક યોજાઈ ગયો.

સન ૧૯૮૫માં અમદાવાદ ખાતે ઊજવાયેલા અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી દ્વિશતાબ્દી મહોત્સવ પ્રસંગે આ બાંગાપુરા ગામના લોકોએ મહોત્સવના અલૌકિક માહોલ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની અહંશૂન્યતાનાં દર્શન કર્યાં ત્યારથી તેમને સત્સંગનો રંગ લાગ્યો હતો. ત્યારબાદ સત્સંગી શિક્ષક શ્રી શાંતિલાલ જેશીંગભાઈ પટેલના આમંત્રણથી દિવ્યસ્વરૂપદાસ સ્વામી અને સંતોએ બાંગાપુરામાં ત્રણ દિવસ સત્સંગ લાભ આપ્યો. ધીરે ધીરે ગામજનોમાં મુમુક્ષુતા જાગ્રત થતી ગઈ અને સત્સંગની ભાગીરથી વહેવા માંડી.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી અહીં વિચરણ કરતા સંતોની કથાવાર્તાથી સત્સંગ સતત અભિવૃદ્ધિ પામતો રહ્યો, જેના પરિણામે સન ૧૯૯૨થી અહીં સંયુક્તમંડળની શરૂઆત થઈ. ત્યારબાદ બાલ-બાલિકા મંડળ, મહિલામંડળનો પણ શુભારંભ થયો. સન ૧૯૯૮માં શ્રી ચુનીભાઈના ઘરે સંસ્કારધામ આકાર પામ્યું તે પ્રસંગે મૂર્તિપ્રતિષ્ઠાવિધિ કરવા પધારેલા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે આશીર્વાદમાં સહજ ઉચ્ચાર્યું હતું કે 'અહીં ભવિષ્યમાં સુંદર હરિમંદિરનું નિર્માણ થશે.'

તેઓના એ આશીર્વાદ સાકાર થયા અને નૂતન મંદિરનાં પગરણ મંડાયાં. સન ૨૦૧૧માં શ્રી ખમાનભાઈ છોટાભાઈ બારિયા અને તુલસીભાઈ છોટાભાઈ બારિયાએ મંદિર માટે પોતાની ભૂમિ અર્પણ કરી. દિવ્યસ્વરૂપદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ મંદિર નિર્માણકાર્યની શરૂઆત થઈ. સૌના સહિયારા પુરુષાર્થથી ટૂંક સમયમાં નૂતન બી.એ.પી.એસ. મંદિર રચાતાં ગામમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવનો માહોલ જામ્યો.

મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ નિમિત્તે તા. ૨૨-૧-૨૦૧૯ના રોજ 'શ્રી સ્વામિનારાયણ વિશ્વશાંતિ મહાયજ્ઞ' યોજાયો. વૈદિક મંત્રોચ્ચારનાં સ્પંદનો વચ્ચે યજમાનપદે વિરાજેલ યજમાનોએ આહુતિ અર્પણ કરીને વાતાવરણને મંગલમય બનાવી દીધું. ત્યારબાદ અપરાહ્‌ને મંદિરમાં સ્થાપિત થનાર મૂર્તિઓની કલાત્મક રથોમાં શોભાયાત્રા યોજાઈ. ગામજનો શ્રી અક્ષરપુરુષોત્તમ અને ગુરુપરંપરાનો જયનાદ કરીને ભક્તિમય બની ગયા હતા. સંધ્યાસભામાં સંગીતજ્ઞ સંતો-યુવકોએ કીર્તનભક્તિ રજૂ કરીને સૌને ભક્તિરસમાં રસભીના કર્યા હતા.

બોડેલી ખાતે તા. ૧૦-૮-૨૦૧૮ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે પ્રતિષ્ઠિત કરેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ બાંગાપુરા ખાતે તા. ૨૩-૧-૨૦૧૯ના રોજ સવારે માંગલિક મુહૂર્તમાં પૂજ્ય યોગીસ્વરૂપદાસ સ્વામી, પૂજ્ય દિવ્યસ્વરૂપદાસ સ્વામી તથા અન્ય સંતોની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. આ અવસરે યોજાયેલા પ્રાસંગિક સમારોહમાં સંતોએ સમાજમાં મંદિરની અનિવાર્યતા સમજાવીને પ્રેરણાવચનો પાઠવ્યાં હતાં.

અહીં વિચરણ કરતા આનંદતીર્થદાસ સ્વામી અને નીલકંઠમુનિદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ સ્વયંસેવકો અથાક પરિશ્રમથી પ્રતિષ્ઠા ઉત્સવ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.




ગોડથલ અને મોટા ફોફડિયા ખાતે મૂર્તિસ્થાપન વિધિમાં રત પૂજ્ય ભક્તિપ્રિયદાસ સ્વામી તથા વિવેકસાગરદાસ સ્વામી...

ગોડથલ ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી દક્ષિણ ગુજરાતમાં ચીખલી તાલુકાના ગોડથલ ગામ ખાતે નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ ભક્તિભાવપૂર્વક ઊજવાઈ ગયો.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદથી આ વનવાસી ગામમાં તીથલ-વલસાડ મંદિરથી અહીં સંતોનું વિચરણ આરંભાયું અને સત્સંગની ગંગા વહેવા લાગી. નિરંતર સત્સંગથી ગામજનોને મેલી વિદ્યા, વહેમ, અજ્ઞાન, વ્યસનોની ગુલામીમાંથી મુક્તિ મળી અને તેઓમાં હિંદુ સંસ્કૃતિનું સુષુપ્ત ખમીર જાગ્રત થતું ગયું. સરકતા સમય સાથે સત્સંગમાં સમાસ થતો રહ્યો. પરિણામે સૌને સત્સંગ કરવાની વિશેષ સુવિધા પ્રાપ્ત થાય તે હેતુથી નૂતન મંદિરની આવશ્યકતા જણાઈ.

સંનિષ્ઠ હરિભક્ત શ્રી ભગુભાઈ નરસિંહભાઈ થોરાટ પરિવારે ડુંગરની તળેટી પરની પોતાની ભૂમિ મંદિર માટે અર્પણ કરતાં મંદિર નિર્માણકાર્યનો આરંભ થયો. શ્રી પ્રભુભાઈ પટેલ(અમેરિકા), શ્રી ચીમનભાઈ પટેલ (તલાવ ચોરા), શ્રી નાનુભાઈ છાંયલભાઈ થોરાટ, શ્રી પ્રકાશભાઈ ગંજુભાઈ થોરાટ વગેરેના સહયોગથી અને ગ્રામજનોના ભક્તિમય પુરુષાર્થથી સુંદર મંદિર નિર્માણ પામ્યું.

મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે પ્રથમ દિને મહિલા સંમેલન યોજાયું. દ્વિતીય દિને તા. ૨૪-૧-૨૦૧૯ના રોજ સવારે શ્રી સ્વામિનારાયણ વિશ્વશાંતિ મહાયજ્ઞ યોજાયો, જેમાં હરિભક્તોએ યજમાનપદે બિરાજીને વેદમંત્રોના ગાન વચ્ચે યજ્ઞનારાયણને આહુતિ અર્પણ કરી ત્યારે સમગ્ર ગામમાં દિવ્યતા છવાઈ ગઈ હતી. ત્યારબાદ મંદિરમાં સ્થાપિત થનાર ભગવત્‌સ્વરૂપોની કલાત્મક રથોમાં શોભાયાત્રા યોજાઈ હતી. જેમાં ભક્તોએ સંમિલિત થઈને વિશેષ ભક્તિભાવ સાથે શોભાયાત્રાનાં દર્શન કર્યાં હતાં.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે સુરત ખાતે તા. ૧૫-૧-૨૦૧૯ના રોજ પ્રતિષ્ઠિત કરેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ તા. ૨૫-૧-૨૦૧૯ના રોજ પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો.

તીથલ મંદિરના કોઠારી વિવેકસ્વરૂપદાસ સ્વામી તથા અહીં વિચરણ કરતા વિવેકરત્નદાસ સ્વામી અને તપોનિધિદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ કાર્યકરોના ભક્તિમય પુરુષાર્થથી મંદિર બાંધકામ તેમજ ઉત્સવ સંપન્ન થયો હતો.

મોટા ફોફડિયા ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

નર્મદા નદીને કાંઠે આવેલા શિનોર તાલુકાનું મોટા ફોફડિયા ગામ એટલે બાળયોગી નીલકંઠવર્ણીનાં શ્રીચરણોથી પાવન થયેલી ભૂમિ. વર્ષોથી સત્પુરુષના આગમનને ઝંખતી આ ગામની ધરા પર બ્રહ્મસ્વરૂપ

પ્રમુખસ્વામી મહારાજ સન ૧૯૮૧ અને સન ૧૯૮૪માં પધાર્યા ત્યારથી અહીં તેઓના આશીર્વાદથી મોટા ફોફડિયામાં સત્સંગની શરૂઆત થઈ હતી.

ત્યારબાદ પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામી, દિવ્યસ્વરૂપદાસ સ્વામી અવારનવાર અહીં પધારીને સત્સંગને વિશેષ પુષ્ટિ આપતા રહ્યા. ઉત્તરોત્તર વિકસતા સત્સંગના વ્યાપને પરિણામે અહીં સન ૨૦૦૭માં સંસ્કારધામ રચાતાં એટલે જંબુસર તાલુકાનું રામપુર. અહીં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે અનેકવાર પધારીને સત્સંગલાભ આપ્યો છે. સંતોના અવિરત વિચરણથી રામપુર ગામમાં સત્સંગ ઉત્તરોત્તર વૃદ્ધિ પામતાં સંતો-ભક્તોના ભક્તિમય પુરુષાર્થથી અહીં એક નૂતન બી.એ.પી.એસ. મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું. આ નવનિર્મિત મંદિરનો પ્રતિષ્ઠા





રામપુર ખાતે નવનિર્મિત બી.એ.પી.એસ. મંદિર તથા કણભા ખાતે મૂર્તિસ્થાપનવિધિમાં રત પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામી...

પૂજ્ય મહંત સ્વામી મહારાજની ઉપસ્થિતિમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ ઊજવાયો હતો, પરંતુ સત્સંગની વિશેષ અભિવૃદ્ધિ થતાં એક સુવિધાસજ્જ મંદિરની આવશ્યકતા જણાઈ. તા. ૨૫-૨-૨૦૧૩ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની ઉપસ્થિતિમાં નૂતન મંદિરનો શિલાન્યાસ વિધિ સંપન્ન થયો હતો.

શ્રી રમણભાઈ પટેલ(કેનેડા), શ્રી લક્ષ્મણભાઈ, જગમાલભાઈ પીઠિયા પરિવાર, ઠાકોરભાઈ શંભુભાઈ પટેલ(યુ.એસ.), રમેશભાઈ પટેલ(શ્રીજીફાર્મ), મણિભાઈ પટેલ સુરાશામળ, અજયભાઈ(કેનેડા), જયેશભાઈ ઈશ્વરભાઈ પટેલ(યુ.એસ.), ડૉ. કિરણભાઈ(યુ.એસ.), જિતુભાઈ તથા ફોફડિયા સત્સંગમંડળના હરિભક્તોના સંયુક્ત પુરુષાર્થથી જોતજોતાંમાં સુંદર બી.એ.પી.એસ. મંદિર નિર્માણ પામ્યું અને મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ પણ આવી પહોંચ્યો.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા તા. ૧૧-૮-૨૦૧૮ના રોજ ડભોઈ ખાતે પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ તા. ૨૬-૧-૨૦૧૯ના રોજ પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો.

રામપુર ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

ગુણાતીત ગુરુવર્યોના પદારવિંદથી પાવન થયેલું ગામ ઉત્સવ તા. ૨૭-૧-૨૦૧૯ના રોજ ઊજવાઈ ગયો.

તા. ૨૩-૮-૨૦૧૮ના રોજ અટલાદરા ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા વેદોક્તવિધિપૂર્વક પ્રતિષ્ઠિત થયેલી શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુણાતીત ગુરુવર્યોની મૂર્તિઓનો સ્થાપનવિધિ પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામી તથા સંતોના હસ્તે સંપન્ન થયો હતો. મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ પ્રસંગે તા. ૨૭ જાન્યુઆરીના રોજ પ્રાતઃ સમયે પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીની ઉપસ્થિતિમાં યોજાયેલા મહાપૂજાવિધિમાં ગામજનો અને હરિભક્તોએ સંમિલિત થઈને વિશેષ લાભ પ્રાપ્ત કર્યો હતો. આ અવસરે યોજાયેલી પ્રાસંગિક સભામાં પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીએ હરિભક્તોની સેવાને બિરદાવીને મંદિરનું જીવનમાં શું મહત્ત્વ છે તે સમજાવ્યું હતું. મંદિરનિર્માણકાર્ય તથા ઉત્સવ દરમ્યાન શ્રી હિતેશભાઈ પરમાર, શ્રી મહેશભાઈ મેરુભાઈ પરમાર, શ્રી અશોકભાઈ રાવજીભાઈ, શ્રી રમેશભાઈ ઈશ્વરભાઈ લીંબાચિયા, શ્રી દિલીપભાઈ પરમાર વગેરેના પરિવારનું વિશેષ યોગદાન પ્રાપ્ત થયું હતું.

અહીં વિચરણ કરતા પૂજ્ય જ્ઞાનવીરદાસ સ્વામી તથા પૂજ્ય બ્રહ્મનિલયદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ સ્વયંસેવકોએ સેવા કરીને ઉત્સવને સફળ બનાવ્યો હતો.

કણભા ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

આણંદ જિલ્લાના બોરસદ તાલુકાના કાંઠાગાળાના વિસ્તારમાં આવેલું નાનકડું ગામ એટલે કણભા.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે કાંઠાગાળાના બદલપુર, ડાલી, કણભા, ખડોધી, ધુવારણ વગેરે અનેક ગામોમાં અથાક વિચરણ કરીને ગામજનોને વ્યસનો, દૂષણો અંધશ્રદ્ધામાંથી છોડાવીને ભક્તિના માર્ગે વાળ્યા છે. ત્યારબાદ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ અને વર્તમાનકાળે વરિષ્ઠ સંતો અવારનવાર આ વિસ્તારમાં પધારીને સત્સંગને વિશેષ પોષણ આપી રહ્યા છે.

કણભા ગામમાં બોચાસણ મંદિરથી અહીં પધારતા સંતોના નિયમિત વિચરણથી સત્સંગ વિશેષ ખીલ્યો છે. નિષ્ઠાવાન કાર્યકર શ્રી ભગવાનસિંહ પરમાર, શ્રી ઠાકોરભાઈ ઠાકોર, શ્રી ગણપતસિંહ પરમાર તથા શ્રી રમણભાઈ પરમારે સત્સંગ પ્રવર્તનમાં વિશેષ સેવા આપી છે. તેનાથી ગામજનોમાં વિશેષ જાગૃતિ આવી અને સંયુક્તમંડળ, બાળમંડળ અને મહિલામંડળની શરૂઆત થતાં હરિભક્તોમાં ઉત્તરોત્તર અભિવૃદ્ધિ થતી રહી અને સૌ મંદિર-નિર્માણ માટે કટિબદ્ધ થયા.

આ નૂતન મંદિરના નિર્માણ અર્થે શ્રી હર્ષદભાઈ પટેલ, શ્રી ગણપતભાઈ પઢિયાર તથા શ્રી ભીખાભાઈ પઢિયારે ઉત્સાહથી પોતાની જમીન અર્પણ કરી, જ્યાં તા. ૩-૩-૨૦૧૭ના રોજ ખાતમુહૂર્તવિધિ યોજાયો હતો.

પૂજ્ય વેદજ્ઞદાસ સ્વામી તથા અહીં વિચરણ કરતા દિવ્યમંગલદાસ સ્વામી તથા નૈષ્ઠિકમુનિદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ મંદિર નિર્માણકાર્યની શરૂઆત થઈ. સરપંચ શ્રી કનુભાઈ પરમાર, શ્રી ઉદેસિંહ ઠાકોર, શ્રી અમરસિંહ પરમાર, શ્રી રાવજીભાઈ પરમાર, શ્રી દેવેન્દ્રભાઈ, શ્રી પરબતસિંહ, શ્રી ડાહ્યાભાઈ, શ્રી ભીખાભાઈ પારેખ, શ્રી વિજયભાઈ પઢિયાર, શ્રી સુરેન્દ્રસિંહ પરમારના સહયોગથી તથા ગામજનોના શ્રમયજ્ઞથી નૂતન મંદિર નિર્માણ પામ્યું.

મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૨૭-૨-૨૦૧૯ની માંગલિક પ્રભાતે 'શ્રી સ્વામિનારાયણ વિશ્વશાંતિ મહાયજ્ઞ' યોજાયો, જેમાં ૨૫૦થી વધુ યજમાનોએ વેદમંત્રોના મધુર નાદ વચ્ચે યજ્ઞનારાયણને આહુતિ અર્પણ કરી ધન્યતા અનુભવી હતી.





કણભા ખાતે રચાયેલા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ પ્રસંગે પ્રાસંગિક સમારોહમાં મંચસ્થ સંતો...

તીર્થધામ બોચાસણ મંદિર ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા વેદોક્તવિધિપૂર્વક તા. ૨૨-૭-૨૦૧૮ના રોજ પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ કણભા ખાતે તા. ૨૮-૧-૨૦૧૯ના રોજ પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો. ત્યારબાદ ગામના 'પ્રમુખ પ્રવેશદ્વાર'નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. પ્રાસંગિક સમારોહમાં પૂજ્ય સંતોએ કથામૃતનો લાભ આપીને મંદિરના નિર્માણમાં સેવા આપનાર ભક્તોની સેવાને બિરદાવી હતી.

આમ, આ કાંઠાગાળાના વિસ્તારમાં શુદ્ધ ઉપાસનાના પ્રવર્તન માટેના એક વધુ બી.એ.પી.એસ. મંદિરનું નિર્માણ થતાં અહીં આધ્યાત્મિક ઓજસ પથરાયાં છે.

અમલસાડ ખાતે પુનઃ મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

દક્ષિણ ગુજરાતમાં પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણની પવિત્ર પદરજથી તીર્થત્વ પામેલી ગણદેવી તાલુકાની ભૂમિ પર વસેલું રળિયામણું ગામ એટલે અમલસાડ. આંબા અને ચીકુની વાડીઓથી આચ્છાદિત આ પ્રદેશમાં કેરી અને ચીકુની અસલી મીઠાશની સાથે સાથે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ

બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે પ્રવર્તાવેલ સત્સંગની મીઠાશ પણ આજેય એટલી જ અનુભવાઈ રહી છે.

મુંબઈ-અમદાવાદના રાષ્ટ્રીય રેલવે માર્ગ પર રેલવે સ્ટેશનની સામે ભક્તરાજ શ્રી ચંપકભાઈ શાહે અર્પેલી ભૂમિ પર રચાયેલા બી.એ.પી.એસ. મંદિરમાં તા. ૧૩-૫-૨૦૦૧ના રોજ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનાં કરકમળો દ્વારા મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા થઈ





અમલસાડ તથા બુટવાડા ખાતે નૂતન મંદિરમાં મૂર્તિસ્થાપનવિધિ કરતા વિવેકસાગરદાસ સ્વામી અને ત્યાગવલ્લભદાસ સ્વામી

હતી. તાજેતરમાં શ્રી ચંપકભાઈ શાહના બનેવી ભક્તરાજ શ્રી હીરાભાઈ પટેલ(ડલાસ)ના અક્ષરનિવાસ નિમિત્તે તેઓના પરિવારના સૌજન્યથી અમલસાડ મંદિરનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો.

તા. ૧૫-૧-૨૦૧૮ના રોજ સુરત ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા પુનઃપ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ જીર્ણોદ્ધાર થયેલા નૂતન મંદિરમાં તા. ૩-૨-૨૦૧૯ના રોજ વિવેકસાગરદાસ સ્વામી દ્વારા સંપન્ન થયો હતો.

અમલસાડ મંદિરના આ પુનઃ મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવમાં અમલસાડના નરેશભાઈ, દીપકભાઈ, સંજયભાઈ, બાબુભાઈ, ડાહ્યાભાઈ, કલ્પેશભાઈ, અમિતભાઈ વગેરે તથા બીલીમોરા અને ગણદેવીના યુવકોએ નવસારી મંદિરના કોઠારી પૂર્ણકામદાસ સ્વામી તથા સંતોના માર્ગદર્શન હેઠળ પ્રશંસનીય સેવા કરીને ઉત્સવની શોભા વધારી હતી.

બુટવાડા ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

દક્ષિણ ગુજરાતના મહુવા તાલુકામાં આવેલું નાનકડું ગામ એટલે બુટવાડા. પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજનાં ચરણારવિંદથી બે વખત પાવન થયેલી ભૂમિ. સ્વામીશ્રીએ અહીં બે દિવસ રાત્રિ રોકાણ કરીને સત્સંગલાભ આપ્યો હતો. જે ઘરોમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે ઉતારો કર્યો હતો તે ઘર અ.નિ. ધીરુભાઈ, અ.નિ જયંતીભાઈ અને ડૉ. અરુણભાઈએ પોતાના ઘરને મંદિર માટે કૃષ્ણાર્પણ કરી દીધાં.

સ્વામીશ્રીના આશીર્વાદથી ગામમાં સત્સંગની ખૂબ અભિવૃદ્ધિ થતાં અહીં નૂતન મંદિરનું નિર્માણકાર્ય આરંભાયું, જેમાં શ્રી જયેશભાઈ જયંતીભાઈ પટેલ (અમેરિકા), શ્રી અશોકભાઈ પટેલ (ઇંગ્લૅન્ડ), શ્રી નારાયણભાઈ વલ્લભભાઈ પટેલ, શ્રી સતીશભાઈ નારાયણભાઈ પટેલ તેમજ હળદવા ક્ષેત્રના હરિભક્તોના વિશેષ સહકારથી અને ગામજનોના શ્રમયજ્ઞથી મંદિર જોતજોતાંમાં નિર્માણ પામ્યું.

મંદિરના મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના નિમિત્તે તા. ૬-૨-૨૦૧૯ના રોજ વિશ્વશાંતિ મહાયાગ યોજાયો, જેમાં યજમાનો પવિત્ર યજ્ઞવિધિનો લાભ પ્રાપ્ત કરીને કૃતકૃત્ય થયા. ઢળતી બપોરે મંદિરમાં સ્થાપિત થનાર શ્રી અક્ષર-પુરુષોત્તમ મહારાજ, શ્રી ગુરુપરંપરા તથા અન્ય ભગવત્-સ્વરૂપોની અદ્‌ભુત શોભાયાત્રા વલવાડા ગામથી બુટવાડા ગામ સુધી યોજાઈ હતી. આ શોભાયાત્રાનાં દર્શન કરી ભાવિકો અહોભાવથી છલકાઈ ઊઠ્યા હતા.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે તા. ૮-૮-૨૦૧૮ના રોજ બોડેલી ખાતે પ્રાણપ્રતિષ્ઠિત કરેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ તા. ૭-૨-૨૦૧૯ના રોજ બુટવાડા ખાતે પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો. આ દિવ્ય મૂર્તિઓ મંદિરમાં સ્થાપિત થતાં ગામમાં સર્વત્ર શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજનો જયજયકાર થઈ ગયો.

આમ, અહીં વિચરણ કરતા આદર્શસેવાદાસ સ્વામી તથા યોગીતીર્થદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ કાર્યકરોના ભક્તિમય પુરુષાર્થથી પ્રતિષ્ઠા ઉત્સવ દીપી ઊઠ્યો હતો.

નિણમ ખાતે પુનઃમૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

તાજેતરમાં પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણા અને મહંત સ્વામી મહારાજના આશીર્વાદ સાથે ભરૂચ પાસેના આમોદ તાલુકાના નિણમ ગામ ખાતે બી.એ.પી.એસ. મંદિરનો પુનઃ પ્રતિષ્ઠા ઉત્સવ ઊજવાઈ ગયો. તા. ૧૫-૨-૨૦૧૯ના રોજ આ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં પુનઃપ્રતિષ્ઠા ઉત્સવ પૂજ્ય નરેન્દ્રપ્રસાદદાસ સ્વામીની ઉપસ્થિતિમાં ભક્તિભાવપૂર્વક ઊજવાયો હતો.

શ્રી નરસિંહભાઈ મોતીભાઈ, જશભાઈ મોતીભાઈ, બિપીનભાઈ રણછોડભાઈ, હર્ષદભાઈ નટુભાઈ, વિનોદભાઈ ગુલાબભાઈ વગેરેના પરિવારે તથા ગામના બાળકો અને યુવકોએ તન, મન અને ધનથી વિશેષ સેવા કરી આ ઉત્સવને સૌનાં સંપ, સુહૃદભાવ અને એકતાથી શોભાવ્યો હતો.

આ ઉત્સવ ઉપક્રમે બે દિવસીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૧૪-૨-૨૦૧૯ના રોજ પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની શોભાયાત્રા યોજાઈ ત્યારે સમગ્ર ગામ દર્શન માટે હિલોળે ચઢ્યું હતું. આ મંદિરના પુનઃ પ્રતિષ્ઠા ઉત્સવે તા. ૧૫-૨-૨૦૧૯ના રોજ મહાપૂજા યોજાઈ હતી. જેમાં ૧૫૦થી વધુ યજમાનોએ મહાપૂજાનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા અટલાદરામાં તા. ૨૩-૮-૨૦૧૮ના રોજ વેદોક્તવિધિપૂર્વક પ્રતિષ્ઠિત થયેલી શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુરુપરંપરાની મૂર્તિઓનો સ્થાપનવિધિ તા. ૧૫-૨-૨૦૧૯ના રોજ પૂજ્ય નરેન્દ્રપ્રસાદદાસ સ્વામી (આચાર્ય સ્વામી)ની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. ત્યારબાદ પ્રાસંગિક સભામાં સંતોએ સૌની સેવાને બિરદાવીને પ્રેરણાવચનો પાઠવ્યાં હતાં.

અહીં વિચરણ કરતા પૂજ્ય જ્ઞાનવીરદાસ સ્વામી તથા બ્રહ્મનિલયદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ નીલેશભાઈ, પુષ્પેન્દ્રભાઈ, ભક્તિનંદનભાઈ, પિનાકીનભાઈ, અશ્વિનભાઈ, અતુલભાઈ વગેરે સ્વયંસેવકો અને ગ્રામજનોની સેવાથી સમગ્ર કાર્યક્રમ દીપી ઊઠ્યો હતો.




નિણમ (ડાબે) અને વર્માનગર (જમણે) ખાતે મૂર્તિસ્થાપનવિધિમાં રત આચાર્ય સ્વામી તથા યોગીસ્વરૂપદાસ સ્વામી...

પાન્ધ્રો (કચ્છ) વર્માનગર ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

કચ્છના પાન્ધ્રો ખાતે ખનીજ ખાણોમાં વિપુલ પ્રમાણમાં લિગ્નાઇટ(કોલસો) મળી આવતા અહીં ગુજરાત વિદ્યુત બોર્ડ દ્વારા પાવર હાઉસનું નિર્માણ કરવામાં આવ્યું છે. તેથી અહીં જી.ઈ.બી. અને જી.એમ.ડી.સી. દ્વારા કર્મચારીઓના રહેણાક માટે વર્માનગરની રચના થઈ છે.

જી.એમ.ડી.સી.માં ફરજ બજાવતા નિષ્ઠાવાન કાર્યકર શ્રી નરેશભાઈ ચૌહાણ અહીંના આદિ સત્સંગી. સંતો જ્યારે નારાયણ સરોવરની યાત્રાએ પધારે ત્યારે તેમને અહીં વિશેષ લાભ મળતો. સન ૧૯૯૦થી શ્રી લાલજીભાઈ સિંધાની બદલી વર્માનગર ખાતે થઈ. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પૂજ્ય મહંત સ્વામીના બળભર્યા આશીર્વાદ પ્રાપ્ત કરીને તેઓએ અહીં નિયમિત સત્સંગમંડળની શરૂઆત કરી. સ્વામીશ્રીના આશીર્વાદથી ધીરે ધીરે સત્સંગ વિકાસ થતો રહ્યો. નિર્દેશકશ્રી નરેશભાઈ ચૌહાણ, મહિલા નિર્દેશકશ્રી સુધાબહેન પારેખ, બાળ નિર્દેશકશ્રી શંભુભાઈ સિંધા વગેરે સંનિષ્ઠ કાર્યકરો દ્વારા અહીં સત્સંગ પ્રવૃત્તિ વેગવંતી બની. ભાદરાથી પૂજ્ય દેવચરણદાસ સ્વામી અને સંતોએ વારંવાર પધારીને સત્સંગને પુષ્ટિ આપી.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે તા.

૧૧-૧૧-૧૯૯૪ના રોજ પાન્ધ્રો-વર્માનગર પધારીને ૩ દિવસ રોકાણ કરીને સત્સંગને વિશેષ પોષણ આપ્યું. સમયાંતરે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ અને પૂજ્ય ડૉક્ટર સ્વામીએ પણ અહીં પધારીને સત્સંગમંડળમાં નૂતન જોમનું સિંચન કર્યું.

અહીં નૂતન મંદિરની આવશ્યકતા ઊભી થતાં ૨ એકર જમીન સંપાદિત કરવામાં આવી. પૂજ્ય દેવચરણદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ શેડ બનાવીને હરિમંદિર અને સંતનિવાસનું નિર્માણ કરવામાં આવ્યું. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા પૂજિત મૂર્તિઓનો સ્થાપનવિધિ ઉત્સવ તા. ૫-૪-૧૯૯૮ના રોજ યોજાયો હતો. ધીરે ધીરે સત્સંગનો વિકાસ થતો ગયો. શ્રી પી. ડી. શેઠને વર્માનગરમાં આવવાનું થતાં અહીં સત્સંગને વેગ મળ્યો. તા. ૧૫-૧૦-૨૦૦૨ના રોજ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ ભુજ પધાર્યા ત્યારે ઈષ્ટિકા પૂજન કરીને અહીં રચાનાર બી.એ.પી.એસ. મંદિરનો ખાતવિધિ કર્યો હતો, પરંતુ સંજોગોવશાત્ નિર્માણકાર્યમાં વિલંબ થયો.

ભુજ મંદિરના કોઠારી વિવેકમંગલદાસ સ્વામી, સ્નેહજીવનદાસ સ્વામી તથા અભયપુરુષદાસ સ્વામી ગ્રામ્ય વિચરણ કરીને સૌમાં ઉત્સાહ પ્રેર્યો. સૌ મંદિર-નિર્માણ માટે કટિબદ્ધ થયા. શ્રી હિતેશભાઈ એચ. પટેલ, શ્રી જે. એસ. પટેલ, શ્રી પી. ટી. પઢેરિયા, શ્રી લાલજીભાઈ ચૌધરી, શ્રી સતીષભાઈ મકવાણા, શ્રી ઉમેશભાઈ ઠક્કર, શ્રી મનીષભાઈ ચુનાવાલા, શ્રી હીરેનભાઈ મિસ્ત્રી વગેરે હરિભક્તોના પ્રયત્નથી મંદિર નિર્માણ પામ્યું.

મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૭-૩-૨૦૧૯ના રોજ મહિલાપાંખ દ્વારા યોજાયેલા મહિલા સંમેલનમાં સેંકડો બહેનોએ ભક્તિસભર કાર્યક્રમનો લાભ પ્રાપ્ત કર્યો. બીજા દિવસે સવારે 'શ્રી સ્વામિનારાયણ વિશ્વશાંતિ મહાયજ્ઞ' યોજાયો, જેમાં હરિભક્તોએ યજમાનપદે વિરાજીને મંગલપ્રાર્થના કરી હતી. ત્યારબાદ ઢળતી બપોરે પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની શાનદાર શોભાયાત્રા યોજાઈ હતી.

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના હસ્તે વિધિપૂર્વક પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ તા. ૯-૩-૨૦૧૯ના રોજ માંગલિક પ્રભાતે પૂજ્ય જ્ઞાનપ્રસાદદાસ સ્વામી, પૂજ્ય યોગીસ્વરૂપદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો. ત્યારબાદ યોજાયેલી પ્રાસંગિક ઉત્સવસભામાં સંતોએ પ્રેરક ઉદ્‌બોધનનો લાભ આપીને હરિભક્તોને બિરદાવ્યા હતા.





વર્માનગર ખાતે મહાયાગ (ડાબે) અને ઘોડિયાલા ખાતે શોભાયાત્રામાં (જમણે) જોડાયેલો ભક્ત સમુદાય...

ઘોડિયાલા ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

ગુજરાતના પૂર્વપટ્ટીનાં છોટા ઉદેપુર વગેરે અંતરિયાળ વિસ્તારનાં ગામોમાં વનવાસીઓની સંખ્યા વિશેષ છે. અહીંના વનવાસીઓ દારૂ, માંસ, વ્યસન, વ્યભિચારમાં ચકચૂર રહેતા. સાથે સાથે અંધશ્રદ્ધાનું પણ એટલું જ પ્રમાણ હતું. તેથી જ અહીંના લોકો દરિદ્રતામાં પણ સપડાઈ ચૂક્યા હતા. આ વિસ્તારના પાવી જેતપુર તાલુકાના ઘોડિયાલા ગામના વનવાસીઓ પણ એવું જ જીવન જીવતા હતા. એ જ અરસામાં ત્યાંના શ્રી ઈશ્વરભાઈ ભીલાભાઈ રાઠવાના સુપુત્ર કનુભાઈને ગઢડા ખાતે પી.ટી.સી. કોલેજમાં એડમિશન મળ્યું. આર્થિક પરિસ્થિતિ સામાન્ય હોવાથી ફી પણ ભરી ન શકે તેવી તેમની સ્થિતિ હતી. તેથી ગઢડા બી.એ.પી.એસ. મંદિર તરફથી રહેવા-જમવાની તથા અભ્યાસ વગેરેની વ્યવસ્થા કરવામાં આવી. મંદિરના સાંનિધ્યમાં રહેવાથી કનુભાઈને સત્સંગનો વિશેષ યોગ થયો. તેથી કનુભાઈ દ્વારા તેમના પરિવારજનો પણ

સત્સંગના રંગે રંગાયા. સાથે સાથે તેઓના ભાઈ ગોવિંદભાઈ દૃઢ સત્સંગી બન્યા. સત્સંગનો રંગ લાગતાં ગોવિંદભાઈ માસની પ્રત્યેક પૂર્ણિમાએ બોડેલી બી.એ.પી.એસ. મંદિરે દર્શનાર્થે આવતા થયા. તેઓ અહીંના ભાવિકોને પણ દર્શનાર્થે લાવતા. જેના પરિણામે અહીંના ભાવિકો પણ સત્સંગના યોગમાં આવ્યા. ધીમે ધીમે ગામના ભાવિકો પૂજ્ય વર્ણીનાથદાસ સ્વામી વગેરે સંતોના યોગમાં આવ્યા.





ઘોડિયાલા ખાતે સ્થાપિત થયેલાં ભગવત્સ્વરૂપો તથા નસવાડી મંદિર મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે યોજાયેલી શોભાયાત્રાની સ્મૃતિછબી...

સંતોએ ગામમાં નિયમિત સત્સંગસભાનો આરંભ કરાવ્યો. ગામમાં વિષય, વ્યસન અને વહેમનાં જાળાં તૂટ્યાં.

સંતોના માર્ગદર્શન મુજબ પાણીબાર ગામના વેચાતભાઈએ અહીં સત્સંગની અભિવૃદ્ધિ માટે વિશેષ યોગદાન આપ્યું. ધીમે ધીમે સત્સંગનો વ્યાપ વધતાં એક નૂતન બી.એ.પી.એસ. મંદિરનાં પગરણ મંડાયાં. શ્રી ઈશ્વરભાઈ ભીલાભાઈ રાઠવા, ગોવિંદભાઈ ભીલાભાઈ તથા જમુડિયા ભીલાભાઈએ મંદિર માટે ભૂમિનું દાન કર્યું. એ ભૂમિ પર મંદિરનું નિર્માણકાર્ય આરંભાયું. અહીંના ભાવિક-ભક્તોએ મંદિર નિર્માણની તમામ સેવાઓ હોંશે હોંશે કરી. થોડા જ સમયમાં નૂતન બી.એ.પી.એસ. મંદિર આકાર પામ્યું અને મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ પણ આવી ગયો.

મંદિરના મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ પ્રસંગે તા. ૨૪-૨-૨૦૧૯ના રોજ વિશ્વશાંતિ મહાયાગ યોજાયો હતો, જેમાં સેંકડો ભક્તોએ યજમાનપદે બિરાજીને યજ્ઞનારાયણને આહુતિ અર્પણ કરી હતી. મધ્યાહ્‌ને મંદિરમાં સ્થાપિત થનાર મૂર્તિઓની શોભાયાત્રા યોજાઈ હતી. આ શોભાયાત્રા સજુલી, પાણીબાર, જાંબ, ચીમલી, કાવરા, સાઠલી અને ઘોડિયાલા જેવાં ૭ ગામોમાંથી પસાર થઈ ત્યારે ઠેર ઠેર સૌએ ઠાકોરજીને ભક્તિભાવપૂર્વક વધાવ્યા હતા.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે તા. ૮-૮-૨૦૧૮ના રોજ પ્રતિષ્ઠિત કરેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ તા. ૨૫-૨-૨૦૧૯ના રોજ પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીના હસ્તે સંપન્ન થયો હતો. આ પ્રસંગે યોજાયેલા સમારોહમાં સંતોએ મંદિરનો મહિમા દૃઢાવતાં પ્રેરક ઉદ્‌બોધનોનો લાભ આપ્યો હતો.

મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવને સફળ બનાવવા માટે સંતોના માર્ગદર્શન હેઠળ શ્રી વેચાતભાઈ (પાણીબાર), શ્રી માનસિંગભાઈ (ઘોડિયાલા), શ્રી કનુભાઈ (ઘોડિયાલા) તથા નગીનભાઈ(ઝાંબ) તથા પ્રવીણભાઈ વગેરે કાર્યકરોએ ભક્તિમય પુરુષાર્થ કર્યો હતો.

નસવાડી ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

સન ૧૯૮૦માં છોટાઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકાના શ્રી રમણભાઈ લખતરિયા અટલાદરા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના યોગમાં આવ્યા અને મંદિર અને પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજથી ખૂબ પ્રભાવિત થયા. તેમની વિનંતીથી અહીં સંતોની પધરામણી થઈ. ધીમે ધીમે સંતો આ ગામમાં નિયમિત વિચરણાર્થે પધારવા લાગ્યા. સંતોના સતત વિચરણને કારણે અહીં સત્સંગ અભિવૃદ્ધિ પામ્યો. સત્સંગની અભિવૃદ્ધિને લક્ષ્યમાં રાખીને અહીં નૂતન બી.એ.પી.એસ. મંદિર રચવાનો નિર્ણય લેવાયો. થોડા જ સમયમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની આજ્ઞાથી અહીં નૂતન બી.એ.પી.એસ. મંદિરનું નિર્માણકાર્ય આરંભાયું.

શ્રી ચંદ્રકાંતભાઈ રમણભાઈ લખતરિયાએ મંદિર નિર્માણકાર્યમાં વિશેષ યોગદાન આપ્યું. આ ઉપરાંત શ્રી મહેશભાઈ લખતરિયા, શ્રી ભરતભાઈ પ્રજાપતિ, શ્રી રાજુભાઈ વાળંદ તથા શ્રી અંબુભાઈ વાળંદે પણ વિશેષ સેવા કરી. સૌના ભક્તિમય પુરુષાર્થથી થોડા જ સમયમાં

અહીં નૂતન બી.એ.પી.એસ. મંદિર નિર્માણ પામ્યું.

મંદિરના મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ પ્રસંગે તા. ૧૯-૨-૨૦૧૯ના રોજ મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની શોભાયાત્રા યોજાઈ. નસવાડી ગામમાં વિહરેલી આ શોભાયાત્રાને સૌએ વધાવી હતી.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે તા. ૮-૮-૨૦૧૮ના રોજ પ્રતિષ્ઠિત કરેલાં ભગવત્સ્વરૂપોનો





નસવાડી ખાતે યોજાયેલી શોભાયાત્રામાં ભક્તસમુદાય તથા ભાટપુર મંદિરમાં મૂર્તિઓનું પૂજન કરતા ત્યાગવલ્લભદાસ સ્વામી...

સ્થાપનવિધિ પૂજ્ય નરેન્દ્રપ્રસાદદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો.

આ અવસરે યોજાયેલા પ્રાસંગિક સમારોહમાં પૂજ્ય દિવ્યસ્વરૂપદાસ સ્વામી અને નરેન્દ્રપ્રસાદદાસ સ્વામીએ મંદિરનો મહિમા દૃઢાવતાં ઉદ્‌બોધનોનો લાભ આપ્યો હતો.

ભાટપુર ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

સન ૧૯૭૨માં પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ સંખેડા તાલુકાના ભાટપુર ગામમાં સર્વપ્રથમ વખત પધાર્યા હતા. એ વખતે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે અહીં સત્સંગસભાનો લાભ આપ્યો હતો. ત્યારથી અહીં સત્સંગનાં બીજ વવાઈ ગયાં હતાં. ત્યારબાદ સન ૧૯૭૯માં પુનઃ પધાર્યા ત્યારે પણ શોભાયાત્રા તથા સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. સન ૧૯૮૫માં ત્રીજી વખત પધારીને પણ સ્વામીશ્રીએ સૌને દિવ્ય લાભ આપ્યો હતો. આમ, પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના અનેક વખતના દિવ્ય લાભથી અહીં સત્સંગ વિશેષ વૃદ્ધિ પામ્યો. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ પણ અહીં અનેક વખત સત્સંગલાભ આપવા પધારતા રહ્યા. પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામી તથા પૂજ્ય દિવ્યસ્વરૂપદાસ સ્વામી વગેરે સંતોએ પણ અહીં ખૂબ વિચરણ કર્યું છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી શ્રી રમણભાઈ જોશી, શ્રી હરિશ્ચંદ્ર જોશી, શ્રી શાંતિભાઈ પટેલ, શ્રી મંગુભાઈ પટેલ, શ્રી પરષોત્તમભાઈ પટેલ તથા ડાહ્યાભાઈ પટેલે સત્સંગની વિશેષ અભિવૃદ્ધિ માટે ખૂબ જહેમત ઉઠાવી હતી. સત્સંગનો વિશેષ વ્યાપ વધતા અહીં એક નૂતન બી.એ.પી.એસ. મંદિર રચાયું.

આ મંદિરના મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ પ્રસંગે તા. ૭-૩-૨૦૧૯ના રોજ વિશ્વશાંતિ મહાયાગ યોજાયો હતો. જેમાં અનેક ભક્તોએ યજમાનપદે બિરાજીને યજ્ઞનારાયણને આહુતિ અર્પી હતી. મધ્યાહ્‌ન સમયે મંદિરમાં સ્થાપિત થનાર મૂર્તિઓની શોભાયાત્રા યોજાઈ હતી. ઉત્સવ દરમ્યાન વ્યસનમુક્તિ અને સ્વચ્છતા અભિયાનને કારણે અહીં વિશેષ જાગૃતિ આવી હતી.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે તા. ૮-૮-૨૦૧૮ના રોજ પ્રતિષ્ઠિત કરેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામીના હસ્તે તા. ૮-૩-૨૦૧૯ના રોજ સંપન્ન થયો હતો. આ પ્રસંગે યોજાયેલા પ્રાસંગિક સમારોહમાં પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામી અને પૂજ્ય દિવ્યસ્વરૂપદાસ સ્વામીએ પ્રેરક ઉદ્‌બોધનનો લાભ આપ્યો હતો.

આ મંદિરના નિર્માણથી લઈને મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવની સેવામાં શ્રી બળદેવભાઈ પટેલ (સિડની), શ્રી અંબુભાઈ પટેલ (યુ.એસ.), શ્રી ડાહ્યાભાઈ પટેલ (યુ.એસ.), ડૉ. પ્રાંજલભાઈ પટેલ (યુ.એસ.), શ્રી રમણભાઈ પટેલ (વડોદરા), શ્રી વિષ્ણુભાઈ, શ્રી જગદીશભાઈ તથા શ્રી કમલેશભાઈ જોશીનું વિશેષ યોગદાન સાંપડ્યું હતું.

આમ, પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદ સાથે મંદિર પ્રતિષ્ઠા ઉત્સવ નિર્વિઘ્ને સંપન્ન થયો હતો.

◆

રાજસ્થાનની સૂર્યનગરી જોધપુરમાં શિખરબદ્ધ બી.એ.પી.એસ. મંદિરના શિલાન્યાસનાં કિરણો રેલાયાં...



રાજસ્થાનની શૌર્યવંતી ભૂમિ પર વૈદિક શુદ્ધ ઉપાસનાનાં તેજપુંજ પ્રસરાવવા વધુ એક નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના નિર્માણનાં પડઘમ તાજેતરમાં ગુંજી ઊઠ્યાં. રાજસ્થાનમાં સૂર્યનગરી તરીકે પ્રસિદ્ધ અને મારવાડની રાજધાની સમા પ્રખ્યાત જોધપુર શહેરમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા રચાનાર શિખરબદ્ધ મંદિરનો શિલાન્યાસ વિધિ ઉત્સવ તા. ૮-૩-૨૦૧૯ના રોજ શાનદાર રીતે ઊજવાઈ ગયો.

ભગવાન શ્રી સ્વામિનારાયણના આશીર્વાદથી અને ગુણાતીત ગુરુવર્યોની પ્રેરણાથી રાજસ્થાનમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણીય સત્સંગની સતત અભિવૃદ્ધિ થઈ રહી છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે અથાગ પુરુષાર્થ કરીને જયપુરમાં સન ૨૦૦૫માં શિખરબદ્ધ મંદિર રચ્યું ત્યારથી રાજસ્થાનમાં સત્સંગની અભિવૃદ્ધિ થઈ છે. પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની આજ્ઞાથી રાજસ્થાનનાં જુદાં જુદાં શહેરોમાં નિયમિત વિચરણ કરતા સંતો અને સ્થાનિક હરિભક્તોના અપૂર્વ ઉત્સાહથી સુંદર સત્સંગપ્રવૃત્તિ ચાલી રહી છે. પરિણામે, અનેક શહેરોમાં મંદિર-નિર્માણની પ્રવૃત્તિઓ શરૂ થઈ છે. જોધપુરમાં પણ સુંદર મંદિર થાય તેવો સંકલ્પ પ્રમુખસ્વામી મહારાજે કર્યો હતો. તેના ફળસ્વરૂપે જોધપુરમાં સત્સંગની ઉત્તરોત્તર અભિવૃદ્ધિ થતાં નૂતન શિખરબદ્ધ મંદિર-નિર્માણનું આયોજન થયું છે.

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના હસ્તે સેલવાસ ખાતે તા. ૨-૩-૨૦૧૯ના રોજ વેદોક્તવિધિપૂર્વક શિલાપૂજનવિધિ થયો હતો. આ પ્રસંગે આશીર્વાદ અર્પતાં સ્વામીશ્રીએ કહ્યું: 'આ મંદિર સુંદર બનશે અને તેનું નિર્માણકાર્ય નિર્વિઘ્ને અને સમયસર પૂર્ણ થશે.'

આ શિલાઓનો સ્થાપનવિધિ-ઉત્સવ જોધપુર ખાતે

પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી, આનંદસ્વરૂપદાસ સ્વામી અને જ્ઞાનેશ્વરદાસ સ્વામી વગેરે સંતોની પાવક ઉપસ્થિતિમાં તા. ૮ ફેબ્રુઆરીના રોજ યોજાઈ ગયો.

વિશાળ ગર્તમાં રચિત સમિયાણામાં સવારે વેદોક્ત મહાપૂજાનો પ્રારંભ થયો. સંતો અને યજમાન હરિભક્તોની ઉપસ્થિતિમાં સૌપ્રથમ ભગવાન શ્રી સ્વામિનારાયણની વેદોક્તપૂજનવિધિ બાદ નિધિકુંભપૂજન, શિલાપૂજન, ગર્તપૂજન, ખાતદેવતા પૂજનવિધિ યોજાયો. ત્યારબાદ સ્વામીશ્રીના હસ્તે પૂજાયેલી શિલાઓ અને નિધિકુંભને અંતઃગર્તમાં પધરાવવામાં આવ્યાં. પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી સાથે મુખ્ય યજમાન શ્રી પ્રવીણભાઈ શાહ(મ્વાન્ઝા, આફ્રિકા) અને મહાનુભાવોએ સુવર્ણરસિત લેલા વડે સિમેન્ટ-રેતીનો માલ અંતઃગર્તમાં પધરાવીને આ ઐતિહાસિક મંદિરના નિર્માણકાર્યનો શુભારંભ કર્યો.

આ પ્રસંગે યોજાયેલ પ્રાસંગિક સમારોહમાં શ્રી વિનીત માથુર(ન્યાયાધીશ, રાજસ્થાન), શ્રી ઘનશ્યામજી ઓઝા (મેયર, જોધપુર), પૂજ્ય રામપ્રસાદજી મહારાજ (વિદ્વાન સંત, જોધપુર), શ્રી રામેશ્વરલાલજી દાધીચ(પૂર્વ મેયર, જોધપુર) વગેરે મહાનુભાવોએ ઉપસ્થિત રહીને પોતાની ભાવોર્મિ વહાવી હતી. રાજસ્થાનના મુખ્યમંત્રી શ્રી અશોક ગેહલોતે પત્રસંદેશ પાઠવીને શુભકામનાઓ વ્યક્ત કરી હતી. સમારોહના અંતે પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ પ્રેરક ઉદ્‌બોધનનો લાભ આપ્યો હતો.

આ ઉત્સવમાં જયપુર, ઉદયપુર, ગુડામાલાણી, સિરોહી, પીંડવાડા, અજમેર, ઝૂઝનુ, મકરાણા, ડીડવાણા, ભીનમાલ, સોમેસર, પાલી અને ફાલના વગેરે સત્સંગકેન્દ્રોમાંથી હરિભક્તો ઉત્સાહભેર પધાર્યા હતા. ૧૬.૫ એકર ભૂમિમાં આ શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર સભાગૃહ, સંતનિવાસ, અતિથિ-નિવાસ, પ્રસાદગૃહ તેમજ સુંદર બગીચાથી અલંકૃત થશે.

ઉલ્લેખનીય છે કે તા. ૫ ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ પૂજ્ય ડૉક્ટર સ્વામી અને પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીની ઉપસ્થિતિમાં આ મંદિર પરિસરમાં રચાનાર સભામંડપ, ભોજનશાળા, ધર્મશાળા અને બાળ-યુવા કેન્દ્રનો શિલાન્યાસ ઉત્સવ યોજાયો હતો.

આમ, રાજસ્થાન-મારવાડની ધાર્મિક સૂર્યનગરી જોધપુરમાં આધ્યાત્મિકતાના તેજપુંજ સમા નૂતન શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના નિર્માણકાર્યનો પ્રારંભ થતાં જ તેના સોનેરી ઇતિહાસમાં વધુ એક અનુપમ પૃષ્ઠ ઉમેરાયું હતું. ◆









પશ્ચિમ આફ્રિકામાં સ્વર્ણિમ શોભા ધરાવતા ઘાના દેશમાં

સંતોના સંગે બી.એ.પી.એસ. સત્સંગની સરિતા વહી...

પશ્ચિમ આફ્રિકામાં એટલાન્ટિક સમુદ્રના કિનારે ગીનિયાના ઉપસાગરમાં આવેલો સંસ્કૃતિ, સભ્યતા અને સલામતીથી સમૃદ્ધ દેશ એટલે ઘાના. સ્થાનિક શોનિનકે ભાષામાં તેનો અર્થ થાય છે 'વોરિયર કિંગ' - 'યોદ્ધા રાજા.' છેક નવમી સદીથી આ દેશ એક મહાન રાજ્ય તરીકે ખ્યાતિ પામેલો છે. દેશની સોનાથી છલકતી સમૃદ્ધિથી આકર્ષાઈને ૧૫મી સદીમાં પોર્ટુગીઝ અને ૧૮૭૪થી બ્રિટિશરોએ અહીં શાસન જમાવ્યું હતું. આઝાદી પહેલાં ઘાનાને યુરોપિયનો 'ગોલ્ડ કોસ્ટ'ના નામે ઓળખતા. આજે પણ ઘાના દેશ પ્રતિવર્ષ ૧૦૦ ટનથી વધુ સોનું એક્સપોર્ટ કરે છે અને દુનિયાના કુલ ઉત્પાદનનું ૭૦% થી વધુ કોકો માત્ર ઘાના દેશમાં ઉત્પન્ન થાય છે. સ્થાનિક પ્રજા પણ ખૂબ માયાળુ, પ્રેમ આપનારી અને હિન્દુ ધર્મ પ્રત્યે આદર ધરાવનારી છે. ધર્મભીરુ આ પ્રજામાં પ્રમાણમાં ગુનાખોરીનું પ્રમાણ પણ ઘણું ઓછું છે.

આ દેશના વતની વિશ્વપ્રસિદ્ધ વ્યક્તિ શ્રી કોફી અન્નાન સન ૧૯૯૭થી ૨૦૦૬ દરમ્યાન યુનાઇટેડ નેશન્સ(યુનો)ના સેક્રેટરી જનરલ હતા. તેઓ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના યોગમાં આવ્યા હતા. ભારતીયોમાં સિંધીઓ વર્ષો પહેલાં વેપાર અર્થે અહીં આવી સ્થાયી થયા હતા. ઓછા વત્તા અંશે ગુજરાતી ભાઈઓ પણ છેલ્લા કેટલાક દાયકાઓથી અહીં વસ્યા છે.

મૂળ સુરતના અને બોટસ્વાના દેશમાં બી.એ.પી.એસ. સત્સંગ-પ્રવૃત્તિના કાર્યકર તરીકે સેવા આપતા નિષ્ઠાવાન હરિભક્ત શ્રી જિજ્ઞેશભાઈ સોની વ્યવસાયાર્થે ઘાના સ્થળાંતરિત થયા ત્યારથી પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી તેઓએ અહીં બી.એ.પી.એસ. સ્વામિનારાયણીય સત્સંગના શ્રીગણેશ કર્યા. સન ૨૦૧૪માં તેઓએ પોતાના ઘરે જ પ્રથમ સત્સંગ સભાની શરૂઆત કરી. સન ૨૦૧૬થી સભાએ નિયમિત ગતિ પકડી. સન ૨૦૧૮માં કેન્યા દેશના નકુરુ શહેરથી કાર્યકર શ્રી જયેશભાઈ પટેલ(માસ્તર) તથા દાર-એ-સલામથી જિજ્ઞેશભાઈ પટેલ અહીં નોકરી અર્થે સ્થળાંતરિત થયા અને જિજ્ઞેશભાઈને આ કાર્યકરોનો સથવારો સાંપડ્યો. ઈંગ્લેન્ડથી ધંધાર્થે અવારનવાર પધારતા શ્રી રજનીભાઈ પટેલે પણ સત્સંગ પ્રવૃત્તિને વેગવંતી રાખી. અનેક મુશ્કેલીઓ વચ્ચે પણ આ કાર્યકરોએ સભા કાર્યરત રાખી. પરિણામે ભક્તો નિયમિત સભામાં આવતા થયા.

સૌના ભક્તિભાવથી અહીં સંતોની પધરામણીનું આયોજન થયું. તા. ૬-૩-૨૦૧૯ના રોજ આ દેશની ધરતી પર સૌપ્રથમવાર નૈરોબી બી.એ.પી.એસ. મંદિરના કોઠારી પૂજ્ય પ્રિયવ્રતદાસ સ્વામી, તપોવત્સલદાસ સ્વામી, બ્રહ્મકીર્તનદાસ સ્વામી, અમૃતસ્વરૂપદાસ સ્વામી વગેરે સંતો સત્સંગ પ્રવાસે પધાર્યા.

સ્વામિનારાયણીય સંતોને આ ભૂમિ પર નિહાળવા મુમુક્ષુઓમાં અનેરો ઉત્સાહ હતો. કુલ છ દિવસના આ ટૂંકા વિચરણમાં સૌએ સંતોનો ભરપૂર સત્સંગ લાભ માણ્યો. ઘાનાના પાટનગર આકરામાં પૂજ્ય સંતોનું મુખ્ય રોકાણ હતું. એક દિવસ દરમ્યાન બે સંતો પધરામણીઓ કરવા ૨૪૮ કિ.મી. દૂર આવેલા શહેર કુમાસી પણ ગયા હતા. વળી, આકરાની નજીક આવેલા ટેમા નગરમાં પણ પધરામણી અને સભાનું આયોજન થયું હતું. ટેમામાં ૧૫૦ જેટલા મુમુક્ષુઓએ સત્સંગ સભાનો લાભ લીધો. કુલ ૬૦ જેટલી પધરામણીઓ થઈ. અનેક મુમુક્ષુઓ વર્તમાન






પશ્ચિમ આફ્રિકાના ઘાના દેશમાં સર્વપ્રથમ યોજાયેલા સંતોના વિચરણના ઉપક્રમે અહીં વિશેષ સત્સંગસભાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિવિધ ભારતીય સમાજના ભાવિકોએ સત્સંગલાભ પ્રાપ્ત કર્યો હતો...

ધારણ કરી, સત્સંગાભિમુખ થયા. દૂર દેશમાં નિયમ-ધર્મમાં આવેલી શિથિલતા દૂર થઈ. આળસ ખંખેરી અધ્યાત્મ માર્ગે આગળ વધ્યા હતા.

તા. ૧૦-૩-૨૦૧૯ની સવારે સંતોની ઉપસ્થિતિમાં બોટાદવાળા શ્રી દીપકભાઈ પટેલના નિવાસસ્થાને ઘાના દેશમાં પ્રથમ 'શ્રી સ્વામિનારાયણ મહાપૂજા'નું આયોજન થયું હતું. શનિવાર અને રવિવારના સાંજે 'ઓસુ સનાતન મંદિર'ના સભાખંડમાં સત્સંગ સભાનું આયોજન થયું હતું. ઘાનામાં પૂજ્ય શિવાનંદ સ્વામીની શિષ્ય પરંપરાના પૂજ્ય સત્યાનંદ સ્વામી કે જેઓ પોતે સ્થાનિક વતની છે, તેઓની ઉપસ્થિતિમાં સત્સંગસભા યોજાઈ, જેમાં સેંકડો ભક્તજનોએ સત્સંગલાભ પ્રાપ્ત કર્યો હતો.

સંતોના આ વિચરણ દરમ્યાન હરિભક્તોના સમર્પણ અને મુમુક્ષુતાનાં દર્શન થયાં. શ્રી જિજ્ઞેશભાઈ સોની, શ્રી જિજ્ઞેશભાઈ પટેલ, શ્રી રાજુભાઈ પટેલ, શ્રી પીયૂષભાઈ, શ્રી મૂકેશભાઈ થકવાની વગેરે હરિભક્તો ખડે પગે સેવામાં વ્યસ્ત રહ્યા. ગુજરાતી સમાજના આગેવાન શ્રી મહેન્દ્રભાઈ, શ્રી દીપકભાઈ, શ્રી રાજુભાઈ, શ્રી સુધીરભાઈ, શ્રી રજનીભાઈ, શ્રી રમેશભાઈ, શ્રી જિજ્ઞેશભાઈ, શ્રી જયેશભાઈ વગેરે ભક્તોએ આ સંતોની વિચરણ યાત્રાને સફળ બનાવવા ખૂબ પુરુષાર્થ કર્યો. પૂજ્ય સંતો ઘાનામાં પધારે છે તેવા સમાચાર પડોશમાં આવેલા દેશ બેનીન સુધી પહોંચ્યા. આદિપુર કચ્છથી આવી અહીં વસેલા એક સત્સંગીબંધુ શ્રી પરેશભાઈ પટેલ બે દેશની સીમાઓ વટાવી ૯૦૦ કિ.મીનું અંતર કાપી ભીડો વેઠી અહીં આકરા શહેરમાં સંતોનો સત્સંગલાભ લેવા આવ્યા હતા.

આમ, પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી આફ્રિકાખંડના ૧૫થી પણ વધુ દેશોમાં કાર્યરત સત્સંગકાર્યમાં પૂજ્ય સંતોના આ વિચરણથી વધુ એક નૂતન દેશનો ઉમેરો થયો છે.

(અમૃતસ્વરૂપદાસ સ્વામી દ્વારા લિખિત અહેવાલ પરથી સંકલિત) ◆

(અનુસંધાન પૃષ્ઠ ૧૯ પરથી) ને સીંચાણો પણ ઊડે ને અનળપક્ષી પણ ઊડે ને ગરુડ પણ ઊડે, તોપણ એ સર્વેને આકાશ અપારનો અપાર રહે છે અને જેને પાંખને વિષે વધુ બળ હોય તે આકાશનો મહિમા વધુ જાણે છે અને પોતાને વિષે ન્યૂનપણું સમજતો જાય છે, તેમ મરીચ્યાદિક પ્રજાપતિની પેઠે અલ્પ ઉપાસનાવાળા ભક્ત તો મચ્છર જેવા છે અને બ્રહ્માદિકની પેઠે તેથી અધિક ઉપાસનાવાળા ભક્ત તો ચરકલા જેવા છે અને વિરાટ પુરુષાદિકની પેઠે તેથી અધિક ઉપાસનાવાળા ભક્ત તો સમળા જેવા છે અને પ્રધાનપુરુષની પેઠે તેથી અધિક ઉપાસનાવાળા ભક્ત તો સીંચાણા જેવા છે અને શુદ્ધ પ્રકૃતિપુરુષની પેઠે તેથી અધિક ઉપાસનાવાળા ભક્ત તો અનળપક્ષી જેવા છે અને અક્ષરધામમાં રહેનારા જે અક્ષરમુક્ત તેની પેઠે તેથી અધિક ઉપાસનાવાળા ભક્ત તો ગરુડ જેવા છે.'' (વ. પૃ. ૨૧૧)

'એનું સિદ્ધાંત તો એ છે જે, નિશાનને ઠેકાણે તો ભગવાનનું ધામ છે અને રાજા શૂરવીરને ઠેકાણે તો ભગવાનના દૃઢ ભક્ત છે. તેને તો આ સંસારને વિષે માન થાઓ અથવા અપમાન થાઓ, દેહને સુખ થાઓ અથવા દુઃખ થાઓ, શરીરે રોગી રહો અથવા નીરોગી રહો, દેહ જીવો અથવા મરો, પણ એને કોઈ જાતનો હૈયામાં ઘાટ નથી જે, 'આપણે આટલું દુઃખ થશે કે આપણે આટલું સુખ થશે.' એ બેમાંથી કોઈ જાતનો હૈયામાં ઘાટ નથી.'' (વ. પૃ. ૪૦૮)

'એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તે મુમુક્ષુને સર્વ પ્રકારે ભજન કરવા યોગ્ય છે. શા માટે જે, બીજા અવતારને વિષે તો એક કે બે કળાનો પ્રકાશ હોય છે અને શ્રીકૃષ્ણ ભગવાનને વિષે તો સર્વ કળાઓ છે. માટે એ શ્રીકૃષ્ણ ભગવાન તો રસિક પણ છે ને ત્યાગી પણ છે ને જ્ઞાની પણ છે ને રાજાધિરાજ પણ છે ને કાયર પણ છે ને શૂરવીર પણ છે ને અતિશય કૃપાળુ પણ છે ને યોગકળાને વિષે પ્રવીણ છે ને અતિશય બળિયા પણ છે ને અતિશય છળિયા પણ છે.'' (વ. પૃ. ૪૮૩)

''ને પછી પંક્તિમાં લાડુ ફેરવતાં ફેરવતાં શ્રીજીમહારાજે સર્વે સાધુને એમ વાર્તા કરી જે, 'સાધુને સર્વ પ્રકારે ક્રોધ જીતવો. તે ક્રોધ કેવો છે ? તો જપ, તપ, જ્ઞાન એ આદિક સર્વે શુભ ગુણને નાશ કરે એવો છે. ને હવે જે નિમિત્તે ક્રોધ ઊપજે છે તે નિમિત્તને કહીએ છીએ જે, સાધુને માંહોમાંહી પ્રશ્ન-ઉત્તર કરતાં ક્રોધ ઊપજે તથા વાદવિવાદ કરતાં ક્રોધ ઊપજે તથા કોઈ પદાર્થ લેવા-દેવામાં ક્રોધ ઊપજે તથા કોઈકને શિક્ષા કરતા હોઈએ ને ક્રોધ ઊપજે તથા પોતાની શુશ્રૂષાને વિષે રહેતો હોય જે સાધુ તેને પક્ષપાતે કરીને ક્રોધ ઊપજે તથા અપમાને કરીને ક્રોધ ઊપજે તથા ઈર્ષ્યાએ કરીને ક્રોધ ઊપજે તથા આસન કરવાને વિષે ક્રોધ ઊપજે તથા ભગવાનની પ્રસાદી વહેંચવાને વિષે ન્યૂનાધિકપણું કરે ને ક્રોધ ઊપજે, એ પ્રકારે ક્રોધ ઊપજ્યાનાં નિમિત્ત ઘણાંક છે. માટે તે ક્રોધ જો મોટા સાધુને ઊપજે અથવા નાના સાધુને ઊપજે, તો જેની ઉપર ક્રોધ ઊપજે તેને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવો અને ગદ્‌ગદ હૃદય થઈને દીનતાએ નિષ્કપટપણે કરીને રૂડાં રૂડાં વચન બોલીને તેને પ્રસન્ન કરવો; એમ અમારી આજ્ઞા છે.'' (વ. પૃ. ૬૫૦)

આ ઉદાહરણોનું ઝીણવટભર્યું ભાષાશાસ્ત્રીય વિશ્લેષણ કરવામાં આવે તો શ્રીજીમહારાજની વાગભિવ્યક્તિની જે આગવી લઢણો છે તેની અનેક ખૂબીઓ બતાવી શકાય; પરંતુ તે વિસ્તારભયે નિવાર્યું છે. કવિશ્રી ઉમાશંકરે 'સમસંવેદન' ગ્રંથમાંના ગુજરાતી ગદ્યની પલટાતી લઢણો લેખમાં તે વિશે સંકેત કર્યો જ છે. 'વચનામૃતો' ૧૯મી સદીના પ્રથમ ચરણની ગુજરાતી ભાષાનું ઉચ્ચરિત સ્વરૂપ કેવું હતું તેનો અંદાજ આપતો એક મહત્ત્વનો મૂલ્યવાન દસ્તાવેજ છે.

આમ, આ વચનામૃતો ભગવાન શ્રી સહજાનંદ સ્વામીની લોકોત્તર વ્યક્તિતા ને લોકોપકારક વાણીનો સાક્ષાત્કાર કરાવે છે. વળી, તેમાં તત્કાલીન ગુજરાતની તળભૂમિના પરિવેશ ને પરિસ્થિતિનું દર્શન થાય છે. સ્વામિનારાયણ સંપ્રદાયના સત્ત્વ-તત્ત્વને, એના સામર્થ્ય અને પ્રભાવને પ્રીછવા માટેની શ્રદ્ધેય આ સાધનસામગ્રી આપણને આ 'રહસ્ય ગ્રંથ' પૂરી પાડે છે.

શ્રીજીમહારાજે ગઢડા અંત્ય પ્રકરણના સત્તાવીસમા વચનામૃતમાં એક માર્મિક કથન કર્યું છે :

'અમે આત્માના સ્વરૂપની વાર્તા કરીએ છીએ તથા ભગવાનના સ્વરૂપની વાર્તા કરીએ છીએ, તે વાર્તાએ કરીને જેવું એનું સુખ છે તેવું જ સુખ તો આવતું નથી, અને જેવું એનું યથાર્થ સુખ છે તે તો સમાધિએ કરીને જાણ્યામાં આવે છે તથા દેહ મૂક્યા કેડે જાણ્યામાં આવે છે, પણ કેવળ વાર્તાએ કરીને જાણ્યામાં આવતું નથી.'' (વ. પૃ. ૬૦૨)

વાર્તા વાર્તા છે અને અનુભવની તોલે એ કદી ન આવે તેની શ્રીજીમહારાજને પાકી પ્રતીતિ છે જ. તેથી જ સૌ સત્સંગીઓ ભગવાન વિશેની આ વાર્તાઓનું શ્રવણ કરવા સાથે ભગવાનના સાંનિધ્યના સીધા અનુભવમાં પણ મુકાય એવી એમની અપેક્ષા રહે જ છે.

આ વચનામૃતોમાં શ્રીજીમહારાજની વાઙ્‌મય છવિનું - એમની માનસમૂર્તિનું મંગલ દર્શન થાય છે. જેમ શિક્ષાપત્રીની તેમ આ વચનામૃતોની પણ 'પૂજા' થવી જોઈએ – પણ શ્રવણ, મનન અને નિદિધ્યાસ દ્વારા આપણાં સૌનાં હૃદયમાં અને જીવનમાં શ્રીજીમહારાજનાં આ વચનામૃતોએ કરીને પ્રસન્નતાનો પ્રકાશ પ્રવર્તે એવી સદ્‌ભાવના વ્યક્ત કરી, કૃતજ્ઞતાપૂર્વક વિરમું છું. ◆

(અનુસંધાન પૃષ્ઠ ૩૧ પરથી) ભારતીય મહાનુભાવ અને આ મંદિર નિર્માણ સમિતિના ચૅરમૅન ડો. બી. આર. શેટ્ટીએ સંબોધન કર્યું હતું. તેઓએ આ પ્રસંગે મંદિરના નિર્માણમાં સતત પ્રેરણા આપી રહેલા પૂજ્ય મહંત સ્વામી મહારાજનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. સૌએ 'સ્ટેન્ડિંગ ઓવેશન' આપીને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને વધાવ્યા હતા.

અંતે આ મંદિરના સર્જક અને પ્રેરણામૂર્તિ મહંત સ્વામી મહારાજે આશીર્વાદ આપતાં જણાવ્યુંઃ 'શાંતિ, પ્રેમ, સંવાદિતા આ હોલમાં છલકાય છે. જેને તે પામવું હોય તે પામી શકે એવું સર્વત્ર વાતાવરણ છે. સવારથી અત્યાર સુધી શાંતિ-પ્રેમ-સંવાદિતા સિવાય બીજો સંકલ્પ કોઈના મનમાં થયો નહીં હોય. અહીંના રાજવી કુટુંબ, રાજા, અહીંની સરકાર, મંત્રીઓ, કારભારીઓ - આ બધાને ખૂબ ધન્યવાદ છે. રાજાએ આપણા પર આટલો બધો વિશ્વાસ મૂક્યો તે ઘણી મોટી વાત છે. બી.એ.પી.એસ.નું કાર્ય અને તેની ભાવના જાણીને તેમણે આ વિશ્વાસ મૂક્યો છે. તેઓ ખૂબ બુદ્ધિશાળી છે. કોઈ વાત એમ ને એમ સ્વીકારી લે કે માની લે તેમ નથી. સંતો અહીં આવે છે, તેમનું વર્તન અને આપણું કાર્ય જોઈને, તેમને આ કાર્ય પવિત્ર ને પવિત્ર લાગતું ગયું તેથી તેઓ વધુ ને વધુ આ કાર્યમાં જોડાતા ગયા.

આ આખું વરસ અહીંની સરકારે સહિષ્ણુતા અને સંવાદિતા માટે ફાળવ્યું છે એ ખૂબ મોટી બાબત છે. આ મંદિરમાંથી હવે સંવાદિતા અને શાંતિ પ્રસરશે. સમગ્ર માનવજાતિને તેનો લાભ મળશે. માન્યામાં ન આવે, પરંતુ આ 'હેવન ઇન ડેઝર્ટ' એટલે કે રણમાં નંદનવન બનશે. અહીંની પ્રજા તને, મને, ધને સુખી થાય તેવી પ્રાર્થના. માત્ર પૈસા કે બુદ્ધિથી સુખ-શાંતિ મળતાં નથી. શાંતિ એને જ મળે છે, જે શાંતિને ચાહે છે. જેણે જેણે આ અવસરે કાર્ય કર્યું છે તેને અભિનંદન. સૌએ ભેગા મળીને કાર્ય કર્યું છે અને છેક સુધી ભેગા રહીશું.'

સમારોહના અંતે બી.એ.પી.એસ. સંસ્થાના સંયોજક પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ આભાર-સંબોધન કર્યું હતું. સતત ચાર કલાકથી વધુ ચાલેલો આજનો આ સમારોહ બરાબર ૧૨-૫૦ મિનિટે પૂર્ણ થયો ત્યારે સૌને જાણે પુનઃ ધરતી પર આવ્યા હોય તેવો અહેસાસ થયો! ઉત્સાહ, પ્રેમ, સંવાદિતા, શ્રદ્ધા વગેરે લાગણીઓનું એક અજોડ અને અનોખું વાતાવરણ અહીં ઉપસ્થિત ૫,૦૦૦ કરતાં વધારે યજમાનોના હૈયે છવાયેલું રહ્યું હતું. આજે આરબ અમીરાતની ધરતી પર એક હિન્દુ મંદિરની પ્રથમ શિલા રોપાઈ તેના સાક્ષી બન્યાનો સૌને અનોખો આનંદ હતો. હવે, શીઘ્રતાથી મંદિરનું નિર્માણ પૂર્ણ થાય અને યુ.એ.ઈ.ના ગગનમાં ભારતીયોના ગૌરવસમા મંદિરની ધજાઓ શીઘ્રતાથી ફરકતી થાય એવી આશાઓ આંખોમાં આંજીને મહાપ્રસાદ સાથે સૌએ વિદાય લીધી હતી.

આમ, આરબ દેશો અને અબુધાબીના ઇતિહાસમાં આ એક અનુપમ અવસરનું ભારતીય ઇતિહાસપૃષ્ઠ ઉમેરાઈ ગયું.

મંદિરના શિલાન્યાસ વિધિની સાથે સાથે...

- શિલાન્યાસ વિધિના આ નિરાળા ઉત્સવમાં યુ.એ.ઈ. અને આરબ દેશોના ૩૦૦ ચુનંદા સ્વયંસેવકોએ અહોરાત્ર ખડે પગે સેવા આપી હતી.
- શિલાન્યાસ વિધિના વિશાળ વ્યાપને પહોંચી વળવા ભારત, અમેરિકા, ઇંગ્લેન્ડ વગેરે દેશોમાંથી અહીં ઊમટેલા હરિભક્તોમાંથી પણ ૩૦૦થી વધુ સ્વયંસેવકોએ યુ.એ.ઈ.ના સ્વયંસેવકોને સેવામાં ખભો આપ્યો હતો.
- બી.એ.પી.એસ.ના આ સમર્પિત ભક્તો ઉપરાંત સ્થાનિક અન્ય સંગઠનોના સ્વયંસેવકોએ પણ ખરા દિલથી સંસ્થાને સુહૃદભાવે સેવામાં સહયોગ આપ્યો હતો. જેમાં ઇસ્કોન - શારજાહ અને અબુધાબી, 'સ્વામી સમર્થ' સંસ્થા, 'ફ્રેન્ડ્સ ઑફ ઇન્ડિયા' સંસ્થા, 'પહેલ' સંસ્થા વગેરે સંગઠનોએ હૃદયપૂર્વક રસોડા વગેરે વિભાગોમાં સેવાઓ ઉપાડી લીધી હતી. ખરા અર્થમાં આ ઉત્સવ સંવાદિતા-સુહૃદભાવનું પ્રતિબિંબ બની રહ્યો હતો.
- શિલાન્યાસ વિધિ પૂર્ણ થયા બાદ બપોરે બે વાગ્યાથી રાતના આઠ વાગ્યા સુધી હિન્દુ ભાવિકોનો પ્રવાહ દર્શન માટે અવિરત વહેતો રહ્યો હતો. કુલ ૧૭,૦૦૦ ભક્તો-ભાવિકોએ અહીં શિલાન્યાસ સ્થળે દર્શન કરીને પ્રાર્થનાપૂર્વક અક્ષત-પુષ્પ પધરાવી આ મંદિરના પાયામાં પોતાનું ભક્તિ-અર્ઘ્ય અર્પ્યું હતું.
- આ દર્શનાર્થીઓનો પ્રવાહ વહેતો રહ્યો એ દરમ્યાન જુદાં જુદાં ધાર્મિક સંગઠનોએ મંચ પરથી કીર્તનભક્તિની એક અદ્‌ભુત હેલી વરસાવી હતી. આયોજન બદ્ધ અને તાલીમબદ્ધ એ યુવામંડળીઓ અને બાળમંડળીઓનો પ્રભાવ અનોખો રહ્યો હતો. આ સમુદાયોમાં બી.એ.પી.એસ. બાળવૃંદ, ભજનભારતી બાળ-બાલિકા વૃંદ, અબુધાબી વેદ સમાજ, મોહના બાળ-બાલિકા વૃંદ, તેલુગુ બાળ-બાલિકા વૃંદ અને સૌ દ્વારા થતાં ભજન-કીર્તનગાન ઉપરાંત વેદ, ઉપનિષદ, ભગવદ્‌ગીતાના મંત્રોનું ગાન વાતાવરણને વિશેષ માંગલિક બનાવતું હતું.
- શિલાન્યાસ વિધિના વિશાળ મંડપમ્‌નું કદ ૩૦૦ × ૧૨૦ ફૂટ હતું. જેમાં શિલાન્યાસની પૂજાવિધિમાં જોડાયેલા હજારો યજમાનોની ભક્તમેદની હકડેઠઠ બેઠી હતી. આ ઉપરાંત અન્ય એક મંડપમાં પણ ભક્તમેદની હકડેઠઠ બેઠી હતી. કુલ ૫૦૦૦થી વધુ ભક્તોએ આ શિલાન્યાસ વિધિમાં ભાગ લીધો હતો.

- આ ઉત્સવના સમાચારોને આવરી લેવા માટે યુ.એ.ઈ.ના તમામ પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાના પત્રકારો-સંવાદદાતાઓ ઊમટ્યા હતા. યુ.એ.ઈ. ઉપરાંત ભારત સહિત વિશ્વના અનેક દેશોનાં પ્રસાર માધ્યમોએ આ અવસરના સમાચારોને પ્રમુખ સ્થાન આપીને પ્રસરાવ્યા હતા.
- યુ.એ.ઈ.ની સરકાર દ્વારા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને 'સ્ટેટ ગેસ્ટ' એટલે કે 'રાજ અતિથિ' તરીકેનું વિશિષ્ટ બહુમાન આપ્યું હોવાથી તેઓની સુરક્ષા અને વ્યવસ્થા માટે આરબ અધિકારીઓ તથા સુરક્ષા વ્યવસ્થાપકો સતત ૧૧ દિવસ સુધી વહેલી સવારથી મોડી રાત સુધી સ્વામીશ્રીની તહેનાતમાં ખડેપગે હાજર તો રહેતા હતા, પરંતુ સ્વામીશ્રીની આધ્યાત્મિક પ્રતિભાથી તેઓને સ્વામીશ્રી અને બી.એ.પી.એસ. સંસ્થાના સંતો-સ્વયંસેવકો પ્રત્યે સવિશેષ આદરભાવ જાગ્યો હતો. એટલે જ શિલાન્યાસ વિધિના દિવસે તો તમામ અગ્રણી આરબ અધિકારીઓ વહેલી સવારે પાંચ વાગ્યાથી શિલાન્યાસ ઉત્સવના જાણે એક અદના સ્વયંસેવક હોય તેમ વિવિધ વ્યવસ્થાઓમાં જોડાઈ ગયા હતા! સ્વામીશ્રી જ્યારે શિલાન્યાસ વિધિના સ્થળે પધાર્યા ત્યારે એ એક એક અધિકારીને ખૂબ સ્નેહપૂર્વક મળ્યા. એ દરેકે સ્વામીશ્રી પ્રત્યે અપાર સ્નેહ અને આદર દર્શાવતાં આશીર્વાદ માંગ્યા. કેટલાક આરબ ઉમરાવો પોતાના નાનાં બાળકો સાથે પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. પરમ પૂજ્ય સ્વામીશ્રીએ તેઓને આશીર્વાદ આપીને એ આરબ બાળકો પર વહાલ વરસાવ્યું ત્યારે સ્વામીશ્રીની એ વત્સલમૂર્તિને સૌ અહોભાવથી વંદી ઊઠ્યા હતા.

સંક્ષેપમાં કહીએ તો આ ઉત્સવ અને આ ભૂમિમાં સ્વામીશ્રીનો એવો શાંત પ્રભાવ છવાઈ ગયો હતો કે અહીં ધર્મ-અમીર-ગરીબ-દેશી-વિદેશી-નાત-જાત જેવા તમામ ભેદભાવો ઓગળી ગયા હતા અને સર્વત્ર સ્નેહ-સદ્ભાવ- સંવાદિતાની સુરખી રેલાઈ ગઈ હતી.

માત્ર બી.એ.પી.એસ.ના સત્સંગીઓ જ નહીં, યુ.એ.ઈ.માં દાયકાઓથી રહેતા મૂર્ધન્ય અને પ્રભાવશાળી ભારતીયો એકી અવાજે કહેતા હતા કે આ આરબ ભૂમિ પર આવું કાર્ય સંભવી જ શકે નહીં, આવો ભવ્ય હિન્દુ વિધિ-વિધાનોથી ભરપૂર ઉત્સવ કલ્પી જ શકાય નહીં, આવા શાનદાર મંદિરનું તો સ્વપ્ન પણ આવી શકે નહીં. આ બધું જ શક્ય બન્યું છે – પ્રમુખસ્વામી મહારાજની સંકલ્પશક્તિને કારણે, મહંત સ્વામી મહારાજના આશીર્વાદના કારણે, બી.એ.પી.એસ.ના સંતો અને સ્વયંસેવકોની નિષ્ઠાભરી તનતોડ મહેનતને કારણે.

ઈશ્વરચરણદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ બ્રહ્મવિહારીદાસ સ્વામીએ એ સઘળું સાકાર કરવા માટે ખૂબ જહેમત લઈને નેતૃત્વ પૂરું પાડ્યું છે. સાથે યુ.એ.ઈ. ખાતે સેવા આપતા અક્ષરાતીતદાસ સ્વામી, પરમવંદનદાસ સ્વામી અને ભારતથી અહીં સેવામાં આવેલા પ્રેમવદનદાસ સ્વામી, આત્મવત્સલદાસ સ્વામી, અમૃતવિજયદાસ સ્વામી, ધર્મરત્નદાસ સ્વામી, રાહુલદાસ સ્વામી, કીર્તિસાગરદાસ સ્વામી અને દેશ-વિદેશના અન્ય સંતોએ પણ સ્વયંસેવકોની સાથે રહીને કરેલો પુરુષાર્થ નતમસ્તક બનાવી દે તેવો છે. (અહેવાલઃ સાધુ અક્ષરવત્સલદાસ) ◆





અબુધાબીની આરબ ભૂમિ પર મહંત સ્વામી મહારાજના હસ્તે બી.એ.પી.એસ. હિન્દુ મંદિરનો અભૂતપૂર્વ શિલાન્યાસ વિધિ

યુ.એ.ઈ.ના સમૃદ્ધ રજવાડા અબુધાબી ખાતે ૨૭ એકર ભૂમિ પર પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા બી.એ.પી.એસ. હિન્દુ મંદિરનો શાનદાર શિલાન્યાસ વિધિ યોજાયો હતો. આ પ્રસંગે યુ.એ.ઈ.ની સરકાર અને રાજપરિવાર વતી વરિષ્ઠ મંત્રીશ્રીઓ, આરબ ઉમરાવો અને પ્રસિદ્ધ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. એ અપૂર્વ અવસરની સુવર્ણ સ્મૃતિઓ...

Swaminarayan Prakash Gujarati, May-2019, Published on 1-5-2019. Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month. Licenced to post without prepayment No. PMG/HQ/009/2018-20, Valid upto 31-12-2020. Regd No. GAMC-274/2018-2020, Valid upto 31-12-2020, RNI 33506/79.





યુ.એ.ઈ.ની આરબ ભૂમિના ઇતિહાસમાં બી.એ.પી.એસ. હિન્દુ મંદિરના શિલાન્યાસનું ઐતિહાસિક પૃષ્ઠ ઉમેરાયું...

બી.એ.પી.એસ. હિન્દુ મંદિરના શિલાન્યાસ વિધિના ઉપક્રમે અબુધાબીમાં યોજાયેલા અપૂર્વ સમારોહમાં મહંત સ્વામી મહારાજ તથા યુ.એ.ઈ.ના વરિષ્ઠ મંત્રીવર્યો અને આરબ ઉમરાવો. આ પ્રસંગે હજારો ભક્તોએ ભક્તિપૂર્વક શિલાન્યાસ વિધિમાં ભાગ લીધો...

Printed and Published by Sadhu Keshavjivandas on behalf of Swaminarayan Aksharpith. Printed at Swaminarayan Mudran Mandir, Shahibaug Rd., Ahmedabad - 4 and published from Swaminarayan Aksharpith, Shahibaug Rd., Ahmedabad-4. Editor - Sadhu Swayamprakashdas